# અસ્તિત્વ થી વ્યક્તિત્વ - વિકાસ



- ઈલા પાઠક

**Astitvathi Vyaktitva - Vikas**
by : Dr. Ila Pathak

લેખક : ડૉ. ઈલા પાઠક

પ્રકાશક :
અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ

સંપાદક :
અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ

આવૃત્તિ : જૂન ૨૦૧૪

નકલ : ૧૦૦૦

પ્રાપ્તિસ્થાન
અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ
અવાજકુંજ, ભુદરપુરા, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

ફોટો : લંકેશ ચક્રવર્તી

ડિઝાઈન અને મુદ્રણ : અજય માધવાણી, કુંતલ પંચાલ

# બે બોલ...



'અવાજ' સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ અનુભવોનાં ભાથાસભર માહિતી અને તાલીમ પુસ્તક ''અસ્તિત્વથી વ્યક્તિત્વ - વિકાસ'' ના પ્રયાસ બદલ હું સંસ્થાને અભિનંદન આપું છું''

સ્ત્રીને કુદરતે બક્ષેલ ફરજનિષ્ઠા, સહનશીલતા, લાગણીશીલતા, અને ખમી ખાવાની શક્તિ એનું બળ છે, પરંતુ હજુ પણ સમાજમાં આ જ બળને સ્ત્રીની નબળાઈમાં પરિવર્તિત કરવાનો વ્યક્તિગત અને સામાજિક પ્રયાસ સ્ત્રીના અસ્તિત્વના અપમાનસ્વરૂપ છે, જે સમાજ માં હજુ પણ સ્ત્રીઓની આ હાલત હોય તે સમાજની શરમ છે; સ્ત્રીની નહીં.

અને આવી સમસ્યા અને તેના ઉકેલને આત્મસાત્ કરનાર માનનીય ઈલાબહેન પાઠકની નીડરતા, નિષ્ઠા, નિઃસ્વાર્થ ભાવના અને નિપુણતાની નીપજ એવા આ માહિતી અને તાલીમ પુસ્તક દ્વારા સ્ત્રીની શક્તિને જાગૃત કરવાની આ પ્રક્રિયા મુ. ઈલાબહેનની સંસ્થા 'અવાજ' જ વિચારી શકે.

પુસ્તક દ્વારા થયેલ આ પહેલ અને દરેક સ્ત્રી સુધી હૈયાસોંસરવી ઊતરી જાય તે રીતે તેને માહિતી પૂરી પાડી તેના સશક્તીકરણની પ્રક્રિયાના આ પ્રયાસની સાક્ષીભાવે હું સરાહના કરું છું.

**ડૉ. વિકાસ દેસાઈ**

# અવાજ

**અમદાવાદ વિમેન્સ એકશન ગ્રુપ - અવાજ**

સંગઠન : ૧૯૮૧

નોંધણી : ૧૯૮૩

સોસાયટી તરીકે : ગુજ/૯૭૦/અમદાવાદ

જાહેર ટ્રસ્ટ તરીકે : એફ/૯૪૬/અમદાવાદ

ઈ.ટેકસ એકટની કલમ ૮૦-જી પ્રમાણે દાનને કરમુકિત

ત્રણ દાયકાથી પણ વધારે સમયથી ‘અવાજે’ સ્ત્રીઓની મૂળભૂત અધિકારપ્રાપ્તિની લડતમાં મદદ કરતી સંસ્થા તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે. સમાજે સ્ત્રીઓને તેમના માનવ-અધિકારોથી હંમેશાં વંચિત રાખી છે. ‘અવાજ’ સ્ત્રીઓને તેના અધિકાર સુપ્રાપ્ય બનાવવા માટે અને સ્ત્રીઓના સશક્તીકરણ માટે સમર્પિત છે.

‘અવાજ’ની દૃષ્ટિ (vision), ધ્યેય (goal), કાર્યરીતિ (mision) અને હેતુઓ (objectives)

સ્ત્રીની વ્યક્તિમત્તાને દઢીભૂત કરીને, તેને ટકી રહેવા સામાજિક ન્યાયપ્રાપ્તિ માટે તેમજ સમાનતાનો દાવો કરતી લડતને આધાર પૂરો પાડવો એ ‘અવાજ’ની દૃષ્ટિ છે.

સામાજિક ન્યાય અને સમાનતા પ્રાપ્ત કરીને વ્યકિતગત દઢતા સાથે સહઅસ્તિત્વ તરફ આગળ વધવા સ્ત્રીને સશક્ત બનાવવી એ આ સંગઠનનું ધ્યેય છે.

જીવનના તમામ પાસાંઓમાં સ્ત્રીઓ પુરુષોની બરાબર (સમાન) છે એ બાબતે સ્ત્રીને સજાગ બનાવીને તેની વૈયકિતકતાની અભિવ્યકિત માટે ‘અવાજ’ મથામણ કરે છે. સ્ત્રીને તેના જીવતા રહેવાની તેમજ સમાન માનવ તરીકે વિકસવાની તેની લડત કે સંઘર્ષમાં સામાજિક ન્યાય પ્રાપ્તિ માટે આધાર પૂરો પાડવામાં આવે એ સંગઠનની કાર્યરીતિ છે.

‘અવાજ’ માને છે કે સ્ત્રીના સશક્તીકરણ માટે બે સોપાન મહત્ત્વનાં છે : (૧) સ્ત્રીઓમાં જાગૃતિ પ્રગટાવવી (૨) સ્ત્રીઓએ વૈયક્તિક આવક ઊભી કરવી.

‘અવાજ’ સ્ત્રીના સશક્તીકરણ તરફ સમગ્રદર્શી અભિગમ દાખવે છે અને એ રીતે કાર્ય કરે છે.

- સ્ત્રીઓને પોતાના વ્યકિતત્વના મૂલ્ય તરફ સભાન કરે છે અને સમાજમાં સ્ત્રીઓની આગવી છબી ઉપસાવવા પ્રયત્નશીલ છે.
- સ્ત્રીઓની છબીને હલકી પાડતાં કે તેના વ્યકિતત્વને હાનિ પહોંચાડતાં સમાજનાં તત્ત્વોનો વિરોધ કરે છે અને તેની સામે સ્ત્રીઓને રક્ષણ પૂરું પાડે છે.
- સ્ત્રીના માનવ અધિકારોનો બચાવ કરે છે અને સ્ત્રીઓના સમાન દરજ્જાને પ્રસ્થાપિત કરે છે.
- ન્યાયાલયોમાં સ્ત્રીને માટે ન્યાય અને સમાનતા માગે છે.
- જરૂર પડે ત્યારે સ્ત્રીઓના મુદ્દે ઝુંબેશ ઊઠાવીને તે ટકાવવા સંસ્થાઓને સંગઠિત કરે છે. તેમજ નીતિવિષયક ફેરફારો, કાનૂની સુધારા વગેરેમાં પરિવર્તન માટે રાજ્યસરકાર સમક્ષ રજૂઆતો કરે છે.
- સ્ત્રીઓને આધાર પૂરો પાડતી વ્યવસ્થાઓ જેવીકે પોલીસ, ન્યાયાલયો, સ્વાસ્થ્ય કેન્દ્રો વગેરે ઉપરાંત કેટલાક વ્યવસાયિક ક્ષેત્રોમાં સ્ત્રીઓ પ્રત્યેની સંવેદનશીલતા વિકસાવવાના શકય પ્રયત્નો કરે છે.
- સ્ત્રીઓને મૃત્યુના વિચારમાંથી પાછી વાળવા પ્રયત્ન કરે છે.

આ રીતે થતાં કાર્યો ‘અવાજ’ના હેતુઓની પરિપૂર્તિરૂપે હોય છે.

# સંપાદકીય

અમદાવાદ વિમેન્સ એકશન ગ્રુપ –'અવાજ' દ્વારા સ્ત્રીઓમાં જાગૃતિ લાવવા માટે ગુજરાતના અનેક ગામોમાં અને શહેરોમાં જાગૃકરણ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. ૧૯૮૬ થી શરૂ કરીને અત્યાર સુધીમાં આવી અનેક શિબિરોનું આયોજન થઈ શકયું છે અને તેનાં પરિણામો પણ મળ્યાં છે. આ રીતે કાર્ય-શિબિરો દ્વારા સ્ત્રી-જાગૃતિ એ એક નવતર કાર્યક્રમ હતો. એથી શિબિર યોજવા પાછળના ઉદ્દેશોથી માંડીને તેની કાર્યપદ્ધતિ, શિબિરમાં ચર્ચવાના મુદ્દાઓ, શિબિરના આયોજનમાં અને શિબિરાર્થીઓ દ્વારા ઊભા થનાર અને થતાં વ્યવહારુ પ્રશ્નો વગેરે અંગે **ડૉ.ઈલાબહેન પાઠકે** મૌલિક રીતે જ વિચારવાનું હતું. ઈલાબહેને આ પુસ્તકમાં; શિબિર આયોજનમાં જે જે પ્રશ્નોનો સામનો કર્યો, સ્ત્રીઓને સ્પર્શતા જે મુદ્દાઓની ચર્ચા કરી, શિબિરની જે કાર્યપદ્ધતિ અપનાવી તેની વિગતવાર રજૂઆત કરી છે. આથી એક અર્થમાં આ પુસ્તક એ સ્ત્રી જાગૃતીકરણ શિબિર માટેની માર્ગદર્શિકા (module) છે. તે તૈયાર કરવા પાછળ ઈલાબહેને કેટલાક ખાસ ઉદ્દેશો નજર સમક્ષ રાખ્યા હોય તેમ જણાય છે.

એક તો અત્યારસુધીમાં કરવામાં આવેલી શિબિરોના ઉદ્દેશો, કાર્યપદ્ધતિ, તેના વ્યવહારુ પ્રશ્નો વગેરેની માહિતી રસ ધરાવતા વાચકને આપવાનો તેમજ 'અવાજે' સ્ત્રીઓને તેમના કયા પ્રશ્નો વિશે કઈ રીતે જાગૃત કરી છે અને જે તે પ્રશ્નોનો સામનો તેઓએ કેવી રીતે કરવાનો છે તેની તેમને જે સમજ આપવામાં આવી છે, તેનો આ અધિકૃત અહેવાલ છે.

આ માર્ગદર્શિકાનો બીજો ઉદ્દેશ, આ પ્રકારની શિબિરોનું આયોજન કરવા ઇચ્છતી અન્ય સંસ્થાઓને માર્ગદર્શન આપવાનો પણ છે. ગુજરાતમાં સ્ત્રીજાગૃતીકરણનું કાર્ય 'અવાજ' એકલા હાથે ન કરી શકે તેથી અપેક્ષા એવી રહી કે અન્ય સ્ત્રી-સંસ્થાઓ પણ આ કાર્યમાં સહભાગી બને એટલું જ નહીં 'અવાજ'ના જ આશ્રયે યોજવામાં આવતી શિબિરોમાં પહેલીવાર શિબિર-સંચાલક તરીકે કાર્ય કરનાર બહેનો માટે તેમજ ઉત્તમ રજૂઆત કરી શકતી તાલીમ - શિક્ષક માટે પણ આ માર્ગદર્શિકા એક પાઠયપુસ્તકની ગરજ સારશે.

ઈલાબહેને આ માર્ગદર્શિકા (module) વાતચીતની શૈલીમાં તૈયાર કરી છે. અત્રે તેમની એ શૈલીને મહદ્ અંશે જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. જયાં અનિવાર્ય જણાયું ત્યાં કેટલીક આંકડાકીય માહિતી ઉમેરી છે અને કયાંક જરૂર જણાઈ ત્યાં કેટલાંક વાકયો ઉમેરીને જે તે વાતને પૂર્ણતા આપી છે. **'અસ્તિત્વથી વ્યકિતત્વ - વિકાસ'** નો આ આયામ મુખ્યત્વે સ્ત્રીઓ માટે ચલાવવામાં આવ્યો હોવાથી ઈલાબહેને અહીં જે રજૂઆત કરી છે તે સરળ શૈલીમાં અને ઉદાહરણોથી ભરપૂર છે.

શિબિરોમાં હાજરી આપ્યા પછી શિબિરાર્થી સ્ત્રીઓમાં આવેલી જાગૃતિનાં કેટલાંક ઉદાહરણો પણ મુ. ઈલાબહેને ટાંકયાં છે. પરંતુ શિબિરની અસર (impact) શિબિરાર્થી મહિલાઓ પૂરતી સીમિત ન રહી શકે. કોઈપણ સામાજિક સુધારો ઘણી થોડી વ્યકિતઓથી શરૂ થતો હોય છે અને સમય જતાં વ્યાપક સમાજમાં પ્રસરી જતો હોય છે. શિબિરાર્થી પોતે અનુભવેલી સજાગતા અંગે તેનાં ઘર, કુટુંબ અને આસપાસના લોકો સાથે વાતચીત કરે અને આ વાતચીતના પ્રતિભાવો પ્રાપ્ત થાય (પછી ભલે એ હકારાત્મક હોય કે નકારાત્મક) એ જ શિબિરની અસરની વ્યાપકતા સૂચવે છે.

પ્રસ્તુત માર્ગદર્શિકામાં ટાંકવામાં આવેલા કેટલાક કિસ્સાઓ પરથી કુટુંબોમાં સ્ત્રીઓ પર આચરવામાં આવતા પ્રત્યક્ષ કે પરોક્ષ અત્યાચારોની અને પુરુષપ્રધાન વ્યવસ્થાની પ્રભાવિતાની ઝાંખી થાય છે, આજે ૨૧મી સદીમાં પણ સ્ત્રીઓ પોતાના દેહ તેમજ તેમાં ચાલતી પ્રક્રિયાઓ અંગે કેટલું બધું અજ્ઞાન ધરાવતી હોય છે, તેનો ખ્યાલ આવે છે. એક સ્ત્રીની ગૃહિણી તરીકેની કામગીરીનું મૂલ્ય સમજાય છે. એ દૃષ્ટિએ આ પુસ્તક સ્ત્રીઓની મહત્ત્વની ભૂમિકા, સ્ત્રીની સમસ્યાઓ તેમજ તેની આ સમસ્યાના નિવારણની સમગ્ર સમાજની જવાબદારી અંગે સમગ્ર સમાજમાં ચેતના જગાવવામાં કે આણવામાં ઉપયોગી પુરવાર થશે. આ પુસ્તક તેના વાચકને એ વાતની પ્રતીતિ કરાવશે કે આ પ્રકારના કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓમાં જાગૃતિ લાવવી કેટલી જરૂરી છે. જાગૃતીકરણ શિબિર અંગેની માર્ગદર્શિકા (module) તૈયાર કરવાનો ઈલાબહેનનો આ પ્રથમ પ્રયાસ છે; ત્યારબાદ તેઓએ આ માર્ગદર્શિકાને કેન્દ્રમાં રાખીને સ્ત્રીઓને આધાર પૂરો પાડતી વ્યવસ્થાના કર્મચારીઓ માટે પણ આવી માર્ગદર્શિકા તૈયાર કરી છે. જેમકે શિક્ષકો, ઑફિસના કર્મચારીઓ, પોલીસો વગેરેને પણ તેઓએ તાલીમ આપી છે અને જે તે વર્ગને અનુલક્ષીને માર્ગદર્શિકામાં નવા મુદ્દા ઉમેર્યા છે. છેલ્લે પોલીસોમાં સ્ત્રીઓ પ્રત્યે સંવેદના વિકસે એ માટે તેઓએ ખાસ માર્ગદર્શિકા બનાવી છે અને એ વિભાગને આપી પણ છે. તે માર્ગદર્શિકા બનાવતી વખતે સાથે રહેનાર અને તાલીમ આપવામાં મદદ કરનાર મિત્રોને સામેલ કરીને તેઓની પ્રતિષ્ઠા પણ કરી છે.

ઈલાબહેન દ્વારા તૈયાર કરવામાં આવેલી જાગૃતીકરણ શિબિર માટેની આ માર્ગદર્શિકા ગુજરાતના કર્મશીલો અને સ્ત્રીને જાગૃત બનાવવામાં રસ ધરાવનાર સૌને ઉપયોગી થાય તેમાં જ 'અવાજ'ના આ પ્રકાશનની સાર્થકતા છે.

**સંપાદક**
**અમદાવાદ વિમેન્સ એકશન ગ્રુપ - અવાજ**
**નલિની કિશોર ત્રિવેદી**

# ઋણ સ્વીકાર

**અમે ઋણી છીએ**

લેખક **ડૉ. ઈલાબહેન પાઠક**ના જેઓએ ૧૯૯૦માં આ પુસ્તકમાંનું લખાણ તૈયાર કરી રાખ્યું હતું. આથી જ તેઓના નિધન પછી પણ તેઓનું આ લખાણ વાચકના હાથમાં મૂકી શકાયું છે.

- 'અવાજ'ના શરૂઆતના સાથી કાર્યકરો **અદિતિબહેન, સુબ્રાબહેન** કે જેઓ જાગૃતીકરણ શિબિરનો ઢાંચો બનાવવાની સમગ્ર પ્રક્રિયામાં સાથે રહયાં અને તેઓએ શિબિરના વિવિધ પ્રયોગોને જોઇને શિબિર માટેની માર્ગદર્શિકા (Module)ને નવા સ્વરૂપમાં ઢાળવામાં અથાક પરિશ્રમ રેડયો.
- **ડૉ. વિકાસબહેન દેસાઈ**નો તેઓએ ટૂંકી મુદતે પૂરા પુસ્તકને વાંચી જઈને ટૂંકું લખાણ લખી આપ્યું અને વિમોચનનું કાર્ય સ્વીકાર્યું.
- શિબિર દરમિયાન શિબિરાર્થીઓને જીવંત રાખવા માટે ગાવામાં આવતાં અને ગવડાવવામાં આવતાં ગીતો મોટે ભાગે **સ્વરૂપબહેન ધ્રુવ**નાં છે, તેમનો અને અન્ય લોક કવિઓનો.
- **એસ્થરબહેન, જયેશભાઈ, દીપ્તિબહેન** અને તેમની ટીમનો : કે જેઓનાં ચિત્રોએ શિબિરાર્થીઓને સ્પષ્ટતા બક્ષી છે.
- 'અવાજ' પરિવારના શરૂઆતના તમામ જાગૃતીકરણ **શિબિર સંચાલકો, પ્રજ્ઞાબહેન, અમીબહેન, રમાબહેન, વનિતાબહેન**નો કે જેઓએ માર્ગદર્શિકા બનતાં પહેલાં જ ગામડામાં અને શહેરમાં વિવિધ પ્રયોગો કરવા માટે કાચા લખાણનો આધાર લીધો હતો. તેઓએ તેમાં કયા અને કેવા સુધારા જરૂરી છે એ સૂચવ્યું છે અને માર્ગદર્શિકાને નવા સ્વરૂપે ઢાળવા માટે સહિયારી જહેમત ઉઠાવી છે.
- માર્ગદર્શિકામાં સૂચિત વિવિધ મુદ્દાઓને અનુલક્ષીને જે તે સમયે જે નામી-અનામી નિષ્ણાતોએ મદદ કરી છે, તે સૌનો ઋણ સ્વીકાર છે.
- 'અવાજ' પરિવારના વર્તમાન સાથીઓનો કે જેઓએ કાર્યના પ્રત્યેક તબકકે પારિવારિક નિસ્બત દાખવી છે.
- ડૉ. જાગૃતિ પંડ્યા તેઓએ ખૂબ જ ઝડપથી પ્રૂફ સુધારી આપ્યાં.
- પ્રત્યેક વાચકનો જે આ લખાણ વાંચશે જરૂર પડ્યે વાપરશે અને જરૂરી સૂચનો પણ કરશે.
- એવી અગણિત **તૃણમૂલ બહેનો**નો કે જેઓને માટે જાગૃતીકરણ શિબિરનું આયોજન વિચાર્યું હતું, તેઓના આવવાથી જ એ પૂર્ણ થઇ શકયું અને જાગૃતીકરણ શિબિરની માર્ગદર્શિકામાં જરૂરી સુધારા પણ થઇ શકયા છે.
- એક કાચા લખાણને પુસ્તક સુધી આગળ વધારવામાં અનેક વ્યક્તિઓનો પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ/સહયોગ સાંપડ્યો છે. દરેકનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

## અર્પણ

ગુજરાતની સ્ત્રીઓના ઉજળા ભવિષ્યને...

# અનુક્રમણિકા


૧. પૂર્વભૂમિકા........................................ ૦૧

૨. જાગૃતીકરણ શિબિર........................................ ૦૫

૩. **શિબિર દિવસ-૧**

મિલ્કતની વહેંચણીની રમત........................................ ૧૫

વિશ્વના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીની પરિસ્થિતિ........................................ ૧૯

સામાજિક પિરામીડ........................................ ૨૪

વાઘ-બકરીની રમત........................................ ૨૫

૪. **શિબિર દિવસ-૨**

ભારતીય સ્ત્રીનું સ્વરૂપ........................................ ૨૮

સ્ત્રી અને અત્યાચાર........................................ ૩૫

કાન કહેવાની રમત........................................ ૪૧

૫. **શિબિર દિવસ-૩**

વ્યક્તિગત અને સામૂહિક ચળવળ........................................ ૪૩

અંધશ્રદ્ધા અને આરોગ્ય........................................ ૫૩

૬. **શિબિર દિવસ-૪**

જાતીય શિક્ષણ........................................ ૬૩


૭. **શિબર દિવસ-૫**

સ્ત્રી અને કાયદો........................................ ૭૧

સંગઠનની રમત........................................ ૭૯

સ્ત્રીના બંધનો........................................ ૮૨

મૂલ્યાંકન પત્ર........................................ ૯૩



# પૂર્વભૂમિકા

સ્ત્રીઓ સાથે વિકાસનાં કાર્યોનું આયોજન કરતાં કરતાં સ્ત્રીઓનાં ભિન્ન ભિન્ન સ્તરનાં જુદાં જુદાં જૂથોને મળતાં રહેતાં સમજાતું ગયું કે સ્ત્રીઓ માટે બે તરફની લડાઈ લડવી પડે તેમ છે. સમાજ આખો સ્ત્રીઓને હીણી ગણે છે અને સ્ત્રી પણ પોતાની જાતને અલગ વ્યક્તિ તરીકે જોતી નથી. તેને સમજાવવામાં આવ્યું છે કે તેની ભૂમિકા પુરુષસાપેક્ષ છે. જેમ કે તે કોઈની મા કે કોઈની પત્ની વગેરે તો છે પણ તે પોતે એક વ્યક્તિ છે તેવો વિચાર તેના મનમાં નથી. એટલે યુનિયન બનાવતાં હોઈએ કે સ્ત્રીઓ પરના આ અત્યાચારોનો અભ્યાસ કરતાં હોઈએ કે કોમી તોફાનોમાં વ્યથિત સ્ત્રીઓને સંગઠિત કરતાં હોઈએ ત્યારે ત્યારે સમજાયું છે કે સર્વ સ્ત્રીઓ પોતે કોઈ નિર્ણય ન લઈ શકે. સંગઠનમાં તે સભ્ય થઈ શકે કે કેમ ? યુનિયનમાં હોદ્દેદાર થઈ શકે કે કેમ ? કુટુંબમાં તેની પર આચરતા અત્યાચારોનો વિરોધ કરી શકે કે કેમ ? આવા  પ્રશ્નો તેના મનમાં ઊઠે છે અને તે વિચારે છે કે એવો નિર્ણય કરવાથી કદાચ ઘરમાં તકરાર થઈ પડશે તેથી એવા નિર્ણયો કરવાનું તે ટાળે છે, અને પરિસ્થિતિને અનુકૂળ થઈને જીવવાનો પ્રયત્ન કર્યા કરે છે. તેની સાથે સીધેસીધી કરેલી કોઈ પણ વાત તેને પોતાના રોજિંદા જીવન પર થતું આક્રમણ લાગે છે અને

તેથી તે તેનાથી દૂર રહેવા ઇચ્છે છે. સ્ત્રીઓની આ દેખીતી ભીરુતા હકીકતે મહત્તમ અનુકૂલન સાધવાની ઇચ્છાનું જ બીજું પાસું છે. અનેક સ્ત્રીઓને મોંએ સાંભળ્યું છે કે તેઓ જો કોઈ પ્રવૃત્તિમાં ભાગ લે કે તેમના પર થતા અત્યાચારની જાણ તેમણે અન્ય કોઈને કરી છે તેવી ખબર પડી જાય તો ચોક્કસ તેમને સહેવાનું થાય અને ઘરમાં તકરાર થાય અને તે તકરાર દિવસો સુધી ચાલે. આવી અશાંતિ ઊભી ન થાય અને પોતાને સહેવું ન પડે તેથી જેટલું ઘરનાને સ્વીકાર્ય છે તેટલું જ કરીને જીવવું એમ મોટા ભાગની સ્ત્રીઓ યોગ્ય સમજે છે.

આનો અર્થ એવો નથી કે તેઓ તેવી રીતે જીવવામાં સંમત હોય છે. તેમને તક મળે ત્યારે તેઓ વ્યક્તિ તરીકે પોતાના આગવા વિચારો રજૂ કરવા ઉત્સુક હોય છે અને પોતાની પરિસ્થિતિને બરોબર સમજે પણ છે. ક્યારેક તેમાં તેઓ ફેરફાર કરવા ઇચ્છે પણ કુટુંબની સામે પડવાની કે સમાજના સ્વીકાર્ય નિયમોની વિરુદ્ધ જવાની તેમનામાં હામ હોતી નથી.

આ ઉપરાંત જ્યારે સ્ત્રીઓ સામે થતા અત્યાચારોનો કુટુંબના સંદર્ભમાં અભ્યાસ કર્યો ત્યારે અમને સમજાયું કે સ્ત્રીઓનાં અપમૃત્યુ ખૂબ મોટી સંખ્યામાં થાય છે તેનું એક મુખ્ય કારણ સ્ત્રી પોતે જીવવાની ઇચ્છા છોડી દે છે તે છે. ૧૯૮૩માં સ્ત્રીના અપમૃત્યુની સંખ્યા પોલીસના દફતરે સરેરાશ રોજની ત્રણ હતી, જે ૧૯૮૭માં રોજની ૬ની અને ૧૯૯૦માં ૧૩.૬ની થઈ હતી. તેનું પ્રમાણ ૨૦૦૦માં ૧૯.૭, ૨૦૦૫માં ૧૮.૫ અને ૨૦૧૨માં ૨૩ નોંધાઈ હતી. સ્ત્રી જીવવાની ઇચ્છા છોડી દે છે તેની પાછળનાં કારણોનો અભ્યાસ કરતાં જણાયું કે મા-બાપનું ઘર છોડીને સાસરે જતી સ્ત્રી તો જ અનુકૂળ થઈ શકે જો તેમના ઘરના વડીલને તેનું આગમન સ્વીકાર્ય હોય. નહીં તો તેની અનુકૂળ થવા ઉત્સુકતા દાખવતી સર્વ પ્રવૃત્તિનો વિરોધ જ થતો રહે. દાખલા તરીકે રસોઈ કર્યા પહેલાં વાળ ઓળીને, નાહી-ધોઈ લેતી કૈલાસને કહેવામાં આવતું કે તે વહેલી વાળ ઓળે છે એટલે રસોઈમાં વાળ આવે છે. કૈલાસે રસોઈ કરતાં પહેલાં વાળ ઓળવાનું બંધ કર્યું ત્યારે એમ કહેવામાં આવ્યું કે લઘરવઘર રહે છે તેથી રસોઈમાં વાળ આવે છે ! સ્ત્રીની દરેક પ્રવૃત્તિનો સ્વીકાર કે અસ્વીકાર તેના ઘરના વડીલ પુરુષે તેના કરેલા સ્વીકાર કે અસ્વીકાર પર નિર્ભર હોય છે. અન્યથા અનેક રીતે નમીને ચાલે તો પણ અનુકૂલન સાધી શકતી નથી, સમાજને સ્વીકાર્ય શબ્દોમાં કહીએ તો, સાસરીમાં સમાઈ શકતી નથી. પિયરમાં તે ફરિયાદ કરે ત્યારે અનેક કારણોસર કોઈ તેની ફરિયાદ ગંભીરતાથી સાંભળીને તેનો ઉપાય કરવા વિચારતું નથી. ફરિયાદ ન સાંભળવાનાં કારણોમાં તે સ્ત્રીનાં નાનાં ભાઈબહેન કુંવારાં હોય, મોટા ભાઈના લગ્ન સમયે તેને સાટામાં આપી હોય, બાપ કે સસરા તે સમાજમાં મોભાદાર ગણાતા હોય કે પછી સમય જતાં સૌ થાળે પડી રહેશે એવી જડ સમજ હોય, ઉપાય ન કરવાનાં કારણોમાં સૌથી મોટું કારણ દીકરી સાસરે જ શોભે એવી સમજ, પાછી વળેલી દીકરીને જિંદગી આખી (ખાસ કરીને તેની જુવાનીમાં જ્યારે જાતીય સ્ખલનની શક્યતા હોય) વેંઢારવી

* Source : National Crime Records Bureau [www.ncrb.nic.in]

મુશ્કેલ એવી વિચારણા તેમજ સમાજવિરોધી કાર્યમાં ટેકો ન કરવાની નેમ મુખ્ય હોય છે. શરૂઆતમાં દીકરીની ફરિયાદને સ્વીકારીને તેને પોતાને ઘરે સાંત્વનાપૂર્વક રાખ્યા પછી થોડાક સમયમાં ઘરનાં સર્વ આવી જ દલીલો કરતાં હોય છે. સ્ત્રી પોતાનું કમાઈ લેતી થાય તે તેમને પર્યાપ્ત નથી લાગતું કેમ કે તેમના શક્ય જાતીય સ્ખલનની ચિંતા ખૂબ સતાવતી હોય છે. એકલી રહેતી સ્ત્રીને પણ આસપાસ રહેતા તેના દેહ પર ડોળો નાખતા પુરુષોથી ખૂબ સાચવવું પડતું હોય છે. આવાં અનેકવિધ દબાણોને પરિણામે સ્ત્રી સાસરે પાછા જવાનું કબૂલ કરે છે. ત્યાં પાછી વિટંબણા પડે ત્યારે મૂંઝાય છે, અકળાય છે અને રસ્તો સૂઝતો નથી. પિયરનો રસ્તો એક વાર જઈને નહીં તો બે, ત્રણ વાર જઈ આવ્યા પછી બંધ થઈ ગયેલો જણાય છે. અમારા કુટુંબ સલાહકેન્દ્રમાં ચૌદ ચૌદ વાર દીકરીને સાસરે પાછી મોકલનારાં મા-બાપ આવ્યાં હતાં. છેલ્લી વાર મોકલ્યા પછી તે જીવતી પાછી ન આવી, આઠ દિવસ પછી તેના મૃત્યુના સમાચાર આવ્યા, એટલે સંસ્થાને કહેવા આવ્યા હતા કે સાસરિયા પર કેસ માંડવો જોઈએ. આટલી બધી વાર સાસરેથી દુભાઈને તેમની પાસે આવેલી દીકરીને તેમણે કેમ રાખી નહીં ? તેવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે તે કેવી રીતે થાય ? સમાજનો રિવાજ છે, પાછી તો મોકલવી જ પડે. જાણતા હોઈએ કે સાસરે દીકરીને ખૂબ દુઃખ છે તો પણ મોકલવી જ પડે એવું સમજતા મા-બાપની દીકરીઓ પણ સમજે છે કે અસહ્ય શારીરિક અને માનસિક પીડામાંથી ઊગરવું હોય તો એક જ રસ્તો છે, જીવન છોડી દેવાનો.

આ દીકરીઓ કદાચ ક્યારેક શાળાએ ભણવા ગઈ હોય કે વ્રત વગેરેની વાતો વાંચી ચૂકી હોય કે કથાવાર્તા સાંભળવા ગઈ હોય ત્યાં સાંભળી આવી હોય તો તેમને જાણવા, સાંભળવા અને સમજવા મળ્યું જ હોય કે સ્ત્રીએ ત્યાગ અને બલિદાન કરવાં જોઈએ, પતિ અને સાસરિયાની ઇચ્છાવિરુદ્ધ કશું વિચારવું કે કરવું ન જોઈએ, જરૂર પડ્યે જીવતર હોડમાં મૂકી દેવું જોઈએ. ખૂબ મૂંઝાયેલી સ્ત્રી પોતાની પરિસ્થિતિ પર વિચારે ત્યારે આવું બધું જ તેને સાંભરે એમાં શી નવાઈ?

જીવન માટે કે જીવન સાટે ઝઝૂમવા માટે પણ કોઈ આધાર કે પ્રેરક બળ જોઈએ. આપણી સામાજિક અને ધાર્મિક વિચારણા તેને તેવું કશું બળ પૂરું પાડતી નથી. મીરાંબાઈનો દાખલો પણ લઈ શકાય તેમ નથી, જેઠ ઝેરનો પ્યાલો ધરે તે સ્વીકારી લેવાની તૈયારી તેનામાં જોઈએ વાસ્તવિકતા તો એવી હોય છે કે સાસરીના ઘરમાં સ્ત્રીનો વાંક કાઢી કાઢીને તેની સાથે નિરંતર ઝઘડા થતા હોય, તેની મારઝૂડ થતી હોય, ''મરી પણ જતી નથી કે અન્ય સૌ શાંતિથી રહી શકે.'' એવા ઉદ્ગાર કાઢવામાં આવતા હોય, વારંવાર તેને મરી જવાનું કહેવામાં આવતું હોય. એકલી યુવતી તે બધાની સામે ક્યાં સુધી ઝઝૂમે ? એકલી રહેવાનું તે કેવી રીતે વિચારે ? એકાકી સ્ત્રી સન્માનપૂર્વક જીવી શકે એ માટે તેનામાં ખૂબ હામ અને સ્વાવલંબનની શક્તિ જોઈએ. હંમેશાં ઘરમાંના પુરુષની ઇચ્છામાં પોતાની ઇચ્છા સમાવવાના પાઠ ભણેલી સ્ત્રી એ શક્તિ ક્યાંથી લાવે ? તેથી સ્ત્રી જીવવાની ઇચ્છા છોડી દે છે. તેના પરનો ત્રાસ અસહ્ય થઈ જાય ત્યારે મરવા તૈયાર થઈ જાય છે. તેની આવી

માનસિકતા કરી દેવામાં આવે છે ત્યારે છેલ્લી દિવાસળી કોણ ચાંપે છે તે ફક્ત વિગતનો પ્રશ્ન બની રહે છે, તેમ છતાં માનવી માત્રની જિજીવિષા જબરદસ્ત હોવાથી મોટા ભાગે સ્ત્રી પોતે બળી મરવાનું કરતી નથી, સિવાય કે ખૂબ ઝઘડા થયા હોય તેના આવેશમાં તે હોય. આવા ઝઘડામાં પણ વારંવાર સૂચનો થતાં જ હોય છે કે તેણે બળી મરવું. મોટા ભાગના દાખલાઓમાં જાણવા મળ્યું છે કે આવો ઝઘડો કરતાં કરતાં તેની સામે ઘાસતેલ લાવીને મૂકી દેવામાં આવે છે અને તેની પર છાંટી દેવામાં આવે છે. બચવા માટે ફાંફાં મારતી સ્ત્રીને બાથરૂમમાં કે ઓરડામાં પૂરી દેવામાં આવે છે. તેથી જ એવા મૃત્યુ સમયે ઘરમાં એક જ જગ્યાએ છતમાં કાળાશ દેખાય છે. આવી બધી સ્ત્રીઓને બચાવવી હોય તો શું કરવું જોઈએ ? એ પ્રશ્નની વિચારણા દોરી ગઈ જાગૃતીકરણના આયાસો તરફ. સ્ત્રીમાત્રને પોતાના વ્યક્તિત્વ તરફ સભાન કરવી જોઈએ. સ્ત્રીઓએ પરસ્પર એક-બીજાને સહાય કરવા તત્પર રહેવું જોઈએ. સ્ત્રીએ સ્ત્રીનો કદી વિરોધ ન કરવો જોઈએ તેવું બધું સમજાવવાની જરૂર છે તેમ વિચારીને સમગ્રપણે જાગૃતિ લાવવાનો આયામ હાથ ધરવાનું વિચાર્યું. તેમાંથી ઉદ્ભવી જાગૃતીકરણ શિબિર.



# જાગૃતીકરણ-શિબિર

આવી શિબિરો કરવાનું વિચાર્યું એટલે ઘણી બધી વ્યવહારુ સમસ્યાઓ સામે આવી. એકસામટી કેટલી બહેનો સાથે વાતો કરી શકાય, કેટલી સ્ત્રીઓ સાથે બેસીને કયા કયા વિષયો પર શી શી વાતો થઈ શકે તેમજ જાગૃતિ અંગેની વાત સ્પષ્ટ કરવા કયાં કયાં માધ્યમો અપનાવી શકાય, અભણ બહેનો સુધી પહોંચવા કેવાં સાધનોનો ઉપયોગ કરી શકાય, ઉપરાંત લાંબા સમય સુધી બેસવાની ટેવ ન હોય તેમને શી રીતે જુદા જુદા વિષયો અને જુદા જુદા પ્રયોગોથી વિવિધ વિષયોમાં રસ લેતા કરી શકાય ? આ તમામ પ્રશ્નોના જવાબ સૂઝે તે પહેલાં અન્ય સવાલો જેવા કે,

આપણે કહીએ એટલે બહેનો આવે ખરી ?

આવે તો આપણને સાંભળવા કેટલો સમય બેસે ?

બહેનોનો નિરાંતે બેસી શકે એવો સમય કેટલો અને કયો ?

તેમને તાલીમ આપનાર સાથે, તેમની વાતો સાંભળવા માટે પોતાના ઘરની સ્ત્રીઓને મોકલવા અને અમારી વાતો સાંભળવા બેસવા દેવા કેટલાં કુટુંબો તૈયાર થશે ?

વગેરે પ્રશ્નો પ્રત્યે અમે સભાન થયાં. માનો કે બહેનો તૈયાર થઈ તો તેમને ક્યાં બેસાડી શકાય ?

પોતાના ઘરથી કેટલે દૂર પહોંચી શકશે ? શહેરમાં કે ગામમાં બહેનો ભેગી થઈને બેસી શકે એટલી જગ્યા મળી રહેશે ખરી ? આવા બધા પ્રશ્નો પણ ઉદ્ભવ્યા.

જેમ જેમ વિચારતા ગયાં એમ એમ મુશ્કેલીઓ દેખાતી ગઈ. 'અવાજ'ના કાર્યકરોને એની પણ નવાઈ નહોતી. જેમ અન્ય પ્રવૃત્તિમાં તેમ આમાં પણ શું કરવું છે એ અંગે એક છેડેથી શરૂ કરવા વિચાર્યું. તે અંગેનું સાહિત્ય એકઠું કરવા માંડ્યું, અમારી સાથે જેમનો સંપર્ક હતો તેવી બહેનોનાં જૂથો સાથે સમયાંતરે સભાઓ બોલાવી એક એક વિષય પર વાતો કરવા માંડી. તક મળતાં એક શિબિરનું આયોજન કરવા વિચાર્યું, તેવો પ્રયોગ પણ કર્યો. પહેલાં ત્રણ દિવસની શિબિર કરી, તે પછી સમય ખૂટ્યો હોય એમ જણાયું તેથી ચાર દિવસથી માંડીને આઠ દિવસની શિબિરો કરી. જુદા જુદા પ્રયોગો કરતાં કરતાં પાંચ દિવસની શિબિર મહત્તમ ફળદાયી જણાઈ એટલે તે સમયાવધિ નિશ્ચિત કરી.

## પદ્ધતિ : બેઠક



પહેલેથી જ બેસવાની રીત ગોળાકારે રાખી. એક તરફ બોલનાર અને સામે સાંભળનાર એમ વર્ગ જેવું નહોતું રાખવું. સૌ એકબીજાંને જોઈ શકે અને એક-બીજાં સાથે વાત કરી શકે એવા ઈરાદાથી ગોળાકાર બેસવાનું વિચારેલું તે અત્યાર સુધી સ્વીકાર્ય લાગ્યું છે. ક્યારેક એવું બને કે એવડો ઓરડો ન મળે કે બધા ગોળાકારે બેસી ન શકે ત્યારે અનુકૂળતા પ્રમાણે ગોઠવણ કરી છે.

## સમય

સ્ત્રીને ઘરની બહાર નીકળવાની રજા ત્યારે જ મળતી હોય છે જ્યારે તે કંઈક કમાઈ લાવે. આ દરેક વર્ગની સ્ત્રી માટે સાચું છે. કંઈક વળતર હોય, તે પણ દ્રવ્યમાં હોય તોજ ઘરની બહાર જઈને લાંબા સમય સુધી બેસવાની મંજૂરી મળતી હોય છે. કથા સાંભળવા વૃદ્ધા જાય તે એક અપવાદ. આથી બહેનોને ભેગી કરવા માટે તેમને મજૂરીએ જાય તો જેટલું મળે તેટલું વળતર આપવા વિચાર્યું. તેમાં વળી એવું જોયું કે સ્ત્રીના હાથમાં રોકડ આવે તો તે બધી ઘરનાની માગણી પૂરી કરવામાં વપરાઈ જાય, સ્ત્રીના હાથમાં કંઈ જ ન રહે, તે રાખવા પણ ન ઈચ્છે. આથી અમે તે સ્ત્રી પોતે જ વાપરી શકે તેવી વસ્તુ અર્ધી રકમની આપવા માંડી, બીજી અર્ધી રોકડ આપવાનું રાખ્યું. સ્ત્રી જ વાપરે તેવી વસ્તુની અને આ રકમની વહેંચણી ઘણા વિવાદાસ્પદ રહ્યાં છે. અમારી અને બીજી સંસ્થાઓ વચ્ચે તેમજ અમારી અને શિબિરાર્થી બહેનોની વચ્ચે, અમે એવી કેટલીક સંસ્થાઓ સાથે શિબિરો કરી છે. જેમણે નાણાંકીય મદદ ન કરી હોય, એવી શિબિરોમાં અમારો અનુભવ એવો રહ્યો છે કે જો વળતર ન આપતાં હોઈએ તો બહેનો અમે માગીએ તેટલો સમય આવી શકતી નથી. પરિણામે ઘણું બધું કહેવાનું રહી જાય છે. ખૂબ ઓછો સમય મળે છે તેથી ધાર્યું લક્ષ્ય સિદ્ધ કરી શકાતું નથી. અમને વિફળતાની લાગણી થાય છે. બીજી બાજુ, વળતર આપવામાં આવે તો બહેનો વધુમાં વધુ સમય ફાળવે છે, ધાર્યી ચર્ચા થઈ શકે છે અને જૂથ-કાર્ય, રમત વગેરેનું કામ પણ થઈ શકે છે. જો કે દરેક જૂથમાં આમ જ થાય એવું કહેવાનો ઈરાદો નથી. બહેનોના એક વિશેષ જૂથ સાથે શિબિર કરતાં જણાયું કે તેઓ લાંબો સમય રોકાઈ શકે તેમ નથી, પણ તેમને વચમાં વિસામાની જરૂર નથી તેથી તેમના માટેના આયોજનમાં વચ્ચેના વિરામનો સમય કાઢી તેમની સાથેની ચર્ચા અનુકૂળતા પ્રમાણે આટોપી શકાય. શિબિર-સંચાલકોને વચ્ચે થોડા વિરામની જરૂર હોય છે તેવું સ્વીકારીને સામાન્ય રીતે શિબિરાર્થીઓને આયોજનમાં સંમત થવા

સૂચવીએ છીએ. તેમ છતાં સવિશેષ જૂથની જીવનરીતિને લક્ષમાં ન જ લે એવી જડતા રાખવામાં નથી આવતી.

સ્ત્રીઓને ઘરની બહાર આવીને એકધારો લાંબો સમય આપવો હોય તો કયો સમય અનુકૂળ આવે તેની ચર્ચા અમે લાંબા સમય સુધી અનેક સ્ત્રીજૂથો સાથે કરી છે. અમને સમજાયું કે સવારનો તેમજ સાંજનો સમય સ્ત્રી અતિવ્યસ્ત હોય છે. ખેતમજૂરીએ જતી સ્ત્રી પણ બપોરનો સમય ઈતર પ્રવૃત્તિ માટે ફાળવી શકે છે. સવાર-સાંજ તેને કૌટુંબિક કાર્યો કરવાનાં હોય છે જેમાં કુટુંબે પાળેલાં ઢોરની માવજત સમાઈ જાય છે. મજૂરીએ જવાને સમયે તે શિબિરમાં જઈ શકે. મજૂરીએ ન જતી હોય તેવી સ્ત્રી માટે પણ બપોરે ૧૨ થી ૪ નો સમય લગભગ મોકળાશનો હોય છે. અમે તેમને ૧૧-૩૦ થી ૫-૩૦ હાજરી આપવા કહીએ છીએ તે સમયગાળો વેતનવાળી મજૂરીના સમયગાળા કરતાં ટૂંકો છે તેથી ગામડામાં વસતી અને મજૂરીએ જતી સ્ત્રીઓને અમારી સાથે છ કલાક ગાળવામાં બહુ તકલીફ પડતી નથી. જેમને ઘરે દુધાળાં ઢોર હોય અને ડેરીમાં દૂધ ભરવાનો સમય નિશ્ચિત હોય તેમને એટલો લાંબો સમય ફાળવવો ફાવતો નથી. શહેરોમાં વસતી સ્ત્રીઓની વ્યસ્તતાનો પ્રકાર જુદો હોય છે અને તેમની સાથે જૂથવાર અનુકૂળતા સાધવી પડતી હોય છે તેમ છતાં બપોરનો સમય વધુ અનુકૂળ રહે છે તેવો અનુભવ છે.

અમે શિબિર દરમ્યાન શિસ્તનો આગ્રહ રાખીએ છીએ. પાંચ પૂરા દિવસ બહેનો આવવાનું કબૂલ કરે પછી જ નામ નોંધીએ છીએ અને તેમની પાસે આગ્રહપૂર્વક સમયપાલન કરાવીએ છીએ.

દરેક શિબિરનું આયોજન કરી તે પ્રમાણે કામ ગોઠવીએ છીએ. શરૂઆતમાં શિબિર શા માટે ? તેની વાત કરીએ છીએ અને છેલ્લા દિવસના અંતભાગે તેમની પાસે મૂલ્યાંકન કરાવીએ છીએ. શિબિરો માણી શકાય તેવી બને તે માટે અમે તેમાં અનેક માધ્યમોનો ઉપયોગ કરીએ છીએ. જેથી સર્વ શિબિરાર્થીઓ સક્રિય થઈ શકે અને સૈદ્ધાંતિક ચર્ચાનો ભાર લાગે નહીં, એક સ્થાને બેઠા રહેવાનો થાક લાગે નહીં એવું આયોજન કરવામાં રમતો, ગીતો, વાર્તાઓ, ચિત્રોની મદદ લીધી છે, તેમ છતાં પાટિયાં પર વિકસતાં જતાં ચિત્રો દોરીને પણ ચર્ચા કરીએ છીએ, જ્યાં જરૂર લાગે ત્યાં વક્તવ્યો પણ મૂકીએ છીએ. અંધશ્રદ્ધા અને વહેમની વાતો કરતાં “ચમત્કારો” ખરેખર કેવી પ્રયુક્તિઓ છે તે કરી બતાવીએ છીએ. દરેક વિચારણાના મુદ્દાની રજૂઆત પછી તેને શિબિરાર્થીઓના અનુભવો સાથે સાંકળી લેતી ચર્ચાઓ કરીએ છીએ. ક્યારેક સૌ કંટાળ્યાં કે અકળાયાં લાગે તો (વચ્ચે) એકાદ ગીત કે રમત મૂકી દઈએ જેથી સૌ પાછાં હળવાં બની રહે છે. આવાં વૈવિધ્યને કારણે શિબિરાર્થીઓને શિબિરનો ભાર લાગતો નથી. પાંચમા દિવસના અંત સુધી તેઓ ખુશીથી સામેલ થાય છે.

## સ્થળ

શિબિરાર્થી બહેનોનું જૂથ જ્યાં વસતું હોય ત્યાં જઈને શિબિર કરવાથી ઓછામાં ઓછી વ્યક્તિઓને મુસાફરી કરવી પડે એ દેખીતું છે. આથી વધુમાં વધુ સ્ત્રી સંખ્યાને પહોંચી શકાય. અમે શિબિરાર્થી પાસે જઈને શિબિર કરીએ છીએ. અમારી અનુકૂળતાએ શિબિરાર્થીને બોલાવતા નથી તેથી અમે સીમિત સમયમાં જ કામ કરીએ છીએ.

આમ સીમિત સમયની શિબિર કરવામાં એક લાભ એ છે કે બહેનો ઘરે જઈને કુટુંબીજનોને શિબિરમાં શી શી વાતો થઈ તેની વાત કરે છે. તેણે રજૂ કરેલી વાતો ચર્ચાય છે, સમાજના સર્વમાન્ય નિયમો સાથે તેણે રજૂ કરેલા ખ્યાલોની તુલના થાય છે. પોતે નવી જાણેલી વાત સર્વથા સ્વીકાર્ય નથી એવું તેને સમજાય તો તે મૂંઝાય છે, હાજરજવાબી હોય તો જવાબ વાળે છે અને ક્યારેક બહેનો 'આવું કહેતા હતા' એમ કહીને પોતાની જાતને અલગ તારવી લે છે. ઘર, કુટુંબ કે ફળિયામાંથી મળેલા પ્રતિભાવ બીજે દિવસે શિબિરમાં આવે છે અને ત્યાં તેની વધુ ચર્ચા, વધુ સ્પષ્ટતા થાય છે અને તે દ્વારા મૂંઝવણનો નિકાલ થાય છે.

ખૂબ ઓછી સ્ત્રીઓ પોતાના ઘર, ગામ કે વિસ્તારથી દૂર જઈ શકે. ભણેલી, ખૂબ સારી કહેવાય તેવી નોકરી કરતી સ્ત્રીઓ પણ એકલી પોતાના કામ માટે પાંચ-સાત દિવસ પરગામ જતાં અચકાય છે. તો અભણ કે ઓછું ભણેલી, આખા ઘરનો ભાર ઉપાડનારી સ્ત્રીઓ કેવી રીતે શિબિર માટે જ પરગામ જઈ શકે? તેવો આગ્રહ ત્યારે રાખી શકાય જ્યારે તે શિબિર પછી તેમને કંઈક વળતરવાળું કામ આપવાનું હોય. દાખલા તરીકે આંગણવાડીની શિક્ષિકા બનવા માટે તાલીમ લેવા બહેનો જાય પણ ફક્ત જાગૃતીકરણ માટે જાય કે કેમ તે વિશે અમને શંકા છે. તાલીમ શિબિરો કરીએ ત્યારે પણ જોઈએ છીએ કે જે સ્ત્રીઓને કુટુંબની જંજાળ ઓછી હોય તે જ તાલીમ લેવા બહાર નીકળી શકે. દાખલા તરીકે વિધવા હોય કે ત્યક્તા ઘરમાં તે એકલી હોય અને તેને બાળક ન હોય. મહત્તમ તાલીમાર્થીઓની આ જ લાયકાત જોવા મળી છે. તેવી બહેનો લાયક ન હોય તેમ નહીં પણ વધુ લાયક હોય, ભણતરે, ઉંમરે કે સમજશક્તિને લીધે તેઓ વધારે લાયક હોવાથી, તેને અળગાં રાખી દેવાં પડે તેવું બને. જાગૃતીકરણ શિબિરમાં જે વાતો થતી હોય છે તેનો પ્રસાર સમાજમાં, ગામમાં, રહેઠાણના વિસ્તારમાં, કુટુંબમાં થાય તેવું ઈચ્છીએ છીએ. તેથી જરૂરી જણાય છે કે આ શિબિરોમાં તેવી સ્ત્રીઓ આવે જેની વિચારણાનો કોઈક પડઘો સમાજમાં પડે. વિધવા, ત્યક્તા કે વંધ્યાને કમનસીબે આપણો સમાજ સ્વીકારતો નથી તેથી તેમનું કોઈ કશું સાંભળે પણ નહીં. તેવી સ્ત્રીઓની વિચારણાની અસર તેમનાં કુટુંબો પર પડવાની શક્યતા પણ નહીંવત્. જીવન સાથે બે હાથે બાથ ભીડતી સ્ત્રીઓના મનની ચાલના પર અસર પાડવાનો જ જો કાર્યક્રમ લઈને બેઠાં હોઈએ તો ફક્ત સીમા પર બેઠેલાને લઈને ચાલી શકાય નહીં. આનો અર્થ એવો નહીં કે શિબિરમાં અમે વિધવા, ત્યક્તા કે વંધ્યાને લેતાં નથી. પણ શિબિર દૂર રાખીએ અને તેવી જ સ્ત્રીઓને કુટુંબો મોકલે તે યોગ્ય લાગતું નથી. શિબિરની નેમ બહુજનસમાજમાં જાગૃતિપ્રસારની છે તેથી શિબિરાર્થીઓનાં રહેઠાણની નજીક શિબિર ગોઠવણી ઈષ્ટ લાગે છે.

વળી એક ચિંતા ખર્ચની પણ રહે છે. કોઈ એક જગ્યાએ ઘણી બહેનોને બોલાવીને શિબિર કરવાથી મોટી સંખ્યાની બહેનોનું ત્યાં આવવાનું તેમજ કોઈ એક જગ્યાએ થોડા દિવસ રહેવાનું ખર્ચ થાય તેટલા જ ખર્ચમાં ત્રણેક બહેનોનું જવા-આવવાનું તેમજ રહેવાનું વધુ જગ્યાઓએ થઈ શકે, તેટલા જ ખર્ચમાં વધુ શિબિરોનું આયોજન કરીને

તે દ્વારા વધુ મોટી સંખ્યાને પહોંચી શકાય. જવા-આવવાના ભાડાના ખર્ચવાના પૈસા શિબિરાર્થીઓને આપી શકાય, તેમના ઘરમાં રહીને તેઓ ઘરના માણસો સાથે વિચારોની આપ-લે કરતાં કરતાં નિરાંતે શિબિર માણી શકે. અમને આથી એવી શિબિરો યોગ્ય જણાઈ છે.

## શિબિરાર્થીની પસંદગી - વય, ભણતર



શિબિરમાં સામાન્ય રીતે ગરીબ સ્ત્રીઓને આમંત્રીએ છીએ. તેમાં એવો ખ્યાલ રાખીએ છીએ કે પંદરેક સ્ત્રીઓ ત્રીસથી ઓછી ઉંમરની હોય, બીજી પંદરેક ત્રીસથી પિસ્તાલીસ કે પચાસ વર્ષની ઉંમરની હોય. બે પેઢીઓને સાથે બેસાડવાના ખ્યાલમાંથી આવું આયોજન નીપજ્યું છે. ક્યારેક પંદરથી અઢાર વર્ષની બહેનોની સંખ્યા વધુ હોય છે તો ક્યારેક વડીલોની, ક્યારેક કોઈ માજી પણ ગામવડીલની હેસિયતથી શિબિરાર્થી બની જતાં હોય છે. કુલ સંખ્યા પણ હંમેશાં ત્રીસની હોતી નથી, ક્યારેક બે દિવસ પછી બાવીસ થઈ જાય તો ક્યારેક સાઠ આવી પડે અને કેટલાંકને ના કહેવી પડે. ચાલીસથી વધુ શિબિરાર્થી ન થાય તો સારું એવું વિચારીને ચાલીએ છીએ કેમ કે તો જ દરેક બહેનનો નજીકથી પરિચય થાય અને તેમને ચર્ચામાં સામેલ કરી શકાય. એક સમયે અમે એવું પણ વિચારતાં હતાં કે શિબિરમાં થોડું ભણેલી અને અભણ બહેનો સાથે ભણેલી બહેનોને પણ સામેલ કરવી જોઈએ. થોડીક શિબિરો પછી અમને સમજાયું કે ભણેલી બહેનોની હાજરી કોઈ રીતે ઉપકારક નથી નીવડતી. અભણ બહેનો ભણેલી બહેનોની હાજરીમાં બોલતાં સંકોચાય અને તે બહેનો પોતે શિબિરમાં ચર્ચામાં ભાગ ન લે અને પોતાને અળગી રાખે. કોઈ ભણેલી બહેન આવવાની ઈચ્છા બતાવે તો તેને ના નથી કહેતાં, પણ સામે ચાલીને તેવી બહેનોને શોધવા પણ નથી જતાં. હકીકતે શાળાનાં ભણતર, શિબિરના વિષય તેમજ ચર્ચા જુદાં જ હોય છે. તેથી ભણેલાની હાજરીનો કોઈ ફેર પડતો નથી. પણ ઈરાદો એવો હતો કે ભણેલી બહેનો હોય તો અન્ય બહેનોને જરૂર પડ્યે અરજી લખવા જેવે પ્રસંગે સહાયક બને. પણ તેવું બન્યું નથી કેમ કે ગામમાં ભણેલી બહેનો જુદા સ્તરની હોય છે અને તેઓને અન્ય સ્તરની બહેનો સાથે સામાન્ય રીતે વ્યવહાર કરવાનું અનુકૂળ હોતું નથી.

## જલપાન

શિબિર દરમ્યાન રોજ બપોરે બહેનોને ચા પીવાનું અને નાસ્તો કરાવવાનું નક્કી કરેલું. દરેક જૂથને તે સ્વીકાર્ય નથી હોતું. ઘણી વાર બહેનો તે માટેના વિસામાના સમયમાં ઘરે દોડી જઈને ચા બનાવીને ખાઈ-પીને આવવાનું પસંદ કરે છે. કેટલીક બહેનો રકાબી-રકાબી ચા પીવા સંમત થાય છે પણ નાસ્તો કરવાની ટેવ કે જરૂર નથી તેવું સાફ સાફ

કહી દે છે. શિબિર-સંચાલિકાઓને પોતાને જરૂર હોય તે વાત જુદી પાડી દઈને જૂથની ઈચ્છા જાણી લઈને તે વ્યવહાર ગોઠવવામાં આવે છે.

## સતત અને નિયમિત હાજરી

શિબિર શરૂ કરતાં પહેલાં શિબિરાર્થીઓને કહી દઈએ છીએ કે તેમણે પાંચે પાંચ દિવસ પૂરેપૂરી હાજરી આપવી જોઈએ. માને બદલે દીકરી કે વહુને બદલે સાસુની હાજરી પુરાશે નહીં. શિબિરની શરૂઆતમાં પણ આ સ્પષ્ટતા કરવામાં આવે છે, જે ત્રણ દિવસ કે તેથી વધુ આવે તેને જ વળતર અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. મોટાભાગની સ્ત્રીઓ ત્રણ અને તેથી વધુ દિવસની હાજરી આપે છે. કેટલીક તેમ નથી પણ કરી શકતી. અમે કડક રહીએ છીએ તેથી મોટાભાગની બહેનો નિયમિત એ પાંચમાંથી પાંચ કે ચાર દિવસ આવી શકે છે. ઘણા કાર્યકરોનો અનુભવ છે કે સ્ત્રીઓની શિબિરોમાં સતત અને નિયમિત હાજરીની માગણી કરવી વ્યર્થ છે. અમને લાગે છે કે અમારી શિબિરોમાં બહેનોની સતત અને નિયમિત હાજરીના મૂળમાં મુખ્ય બે કારણો છે : (૧) તેમને આપવામાં આવતું વળતર : જેથી તેઓને તેમનાં કુટુંબીજનો શિબિરમાં તેમને આવતાં રોકતાં નથી. (૨) એક વખત આવ્યા પછી તેઓને વાતોમાં પડતો રસ. આથી જે બહેન બે દિવસ બેસે તે ત્રીજે દિવસે હોંશે હોંશે આવે છે. આવી પડેલા મહેમાન કે બીજા કોઈ કારણનો પોતાની રીતે ઉકેલ લાવે છે. જેમાં તેને વળતર મળતું હોવાથી

**એક સ્ત્રી બીજી સ્ત્રીનું ક્યારેય બૂરું નહીં વિચારે, પણ મદદ કરશે**

કુટુંબીજનો પણ સંમત થાય છે. અમને એક અનુભવ એવો પણ છે કે એક મધ્યમ વયની સ્ત્રીને ત્રીજે દિવસે શિબિરમાં આવતાં તેના પતિએ રોકી હતી. તે બહેને જવું જ છે એમ કહ્યું એટલે પતિદેવ ગુસ્સે થયા અને તેને મારવા માંડ્યા. માથામાં વાસણ ઝીંકાયું એટલે બહેન બેસી પડી અને માથું દબાવતી દબાવતી કહેવા લાગી કે ‘જઈશ તો ખરી જ’. શિબિરમાં તે માથું દબાવતાં પહોંચી ત્યારે મોડા થવાનું કારણ પૂછ્યું. તેણે સાચી વાત કરી દીધી. અમને ચિંતા થઈ કે તે બહેનને સાંજે વધુ માર પડશે તો ! તેમણે કહ્યું હતું કે “એવું તો ચાલ્યા કરે પણ હવે ઘરમાં વહુઓ આવી છે પછી માર ખાવો પડે છે તે નથી વેઠાતું” એક અનુભવ એવો છે કે એક બહેનને શિબિરમાંથી હાથ પકડીને ખેંચીને તેમના પતિ ઉઠાવીને લઈ ગયેલા. ત્યારે તો ખબર નહોતી પડી કે કેમ એમ કર્યું. બીજે દિવસે બહેનોએ કહ્યું કે શરૂઆતમાં નામ લખતી વખતે પૂછતાં હતાં કે મજૂરી કરવા જાઓ છો કે પોતાના ખેતરમાં કામે જાઓ છો ? તે છોકરાંઓએ સાંભળ્યું અને ગામમાં વાત કરી કે શહેરથી આવેલી બહેનો જમીન માટે પૂછે છે. આ ભાઈને કોઈએ કહ્યું કે તમારા ઘરમાંથી શિબિરમાં ગયાં છે પણ જોજો તમારી જમીન કોઈ લઈ લે નહીં ! એટલે ભાઈ આવ્યા અને તેમના પત્નીને ઉઠાડીને લઈ ગયા. અમે બહેનોને પૂછ્યું કે તમે આ સાંભળ્યું ત્યારે શું કહ્યું ? બહેનો કહે તે કંઈ બોલી શકેલાં નહીં પણ જમીનનું પૂછ્યું તેવી આખા ગામમાં વાત ચાલતી હતી એટલે અમને પણ કહ્યું કે બીજી જમીનની વાતો તો નથી થઈ ને ? અમે તેમને જણાવ્યું કે તમારી માલિકીની કોઈ જમીન નથી એ તો તમે જાણો જ છો પછી અમારે જોઈતી હશે તો ય કેવી રીતે લઈશું ? અમારે તમારી

જમીનને કરવી પણ શું ? અમારે એ ગામમાં રહીને ખેતી થોડી કરવી છે ? અમારી વાત તેમને સમજાઈ. એ જ શિબિરમાં ચોથે દિવસે ફરીથી મોટા પાયા પર ચર્ચા જામી પડી. દિવસની શરૂઆતમાં પુનઃ સ્મરણની બેઠકમાં એક બહેન જેવો પોતાનો વારો આવ્યો એવાં ચિડાઈને બોલ્યાં કે હવે અમારે શિબિરમાં આવવું નથી, કારણ કે તમે એમને બેશરમીભરી વાતો કરી છે. તેમના શબ્દો હતા : ''અમારા ઘાઘરા ઊંચા કરી દીધા છે.'' આગલે દિવસે સ્ત્રીની શરીરરચના, જાતીય શિક્ષણનો વિષય શરૂ કરેલો. વાત અધૂરી રહી હતી અને આ બહેનની નાની છોકરીઓ પણ શિબિરમાં હતી, અમે તેમને પૂછ્યું ન હતું કે આ છોકરીઓ સામે બધી વાત કરવી કે નહીં. પણ અમે ધીરજપૂર્વક તેમની સાથે ચર્ચા કરી કે આ વિષય પર વાત કરવાનું અમે કેમ વિચાર્યું હતું. આ દિવસોમાં સ્પષ્ટ થયું કે અનેક બાળકોની માતા હોવા છતાં પણ સ્ત્રીઓને પોતાની શરીરરચનાની જાણ ન હતી, આથી નાની છોકરીઓને તો ન જ હોય પણ તેઓએ તે જાણવું જરૂરી છે એમ અમે સમજીએ છીએ. છોકરીઓ માટે સવિશેષ કેમ કે તેમની સામે તો આખી જિંદગી પડી છે. અમારી વાતો તેમને ગળે ઊતરી હશે એટલે તે બહેન અને તેમની સામેની બહેનો શિબિરમાં બેઠાં અને છેલ્લે દિવસે મૂલ્યાંકન કર્યું ત્યારે ''નવું શું જાણવા મળ્યું ?'' તેના જવાબમાં એ જ બહેને કહ્યું કે શરીર વિશે કહ્યું તે નવું હતું અને જાણવા જેવું હતું. હજી પણ દરેક શિબિરે આ વિષય વિશેની જાણકારી આપવામાં આવે છે તે વિશે બહેનો સંતોષ વ્યક્ત કરે છે. જેટલો રસ બહેનોને આ વિષયમાં પડે છે તેટલો જ ભારતીય સ્ત્રીના સ્વરૂપની અને તેના પર થતા અત્યાચારની વાતોમાં પડે છે. આ વિષયોની રજૂઆત પછી બહેનો શિબિર-સંચાલિકાઓની જાણે કે મિત્ર બની જાય છે. કુટુંબમાં થતા અત્યાચારનો ભોગ બનતી સ્ત્રીને માટે ઉગાર છે તેવું જાણીને બહેનો પોતાની પરિચિત બહેનોને શિબિર-સંચાલકને મળવા લઈ આવતી હોય છે.



## શિબિરનું વિગતવાર પત્રક

| | | | | |
|---|---|---|---|---|
| દિવસ પહેલો | (૧) નોંધણી અને પરસ્પર પરિચય<br>(૨) અવાજનો પરિચય<br>(૩) શિબિર શા માટે? | વિરામ | ગીત<br>(૧) મિલ્કતની વહેંચણીની રમત<br>(૨) વિશ્વના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીની પરિસ્થિતિ<br>(૩) સામાજિક પિરામીડ | રમતઃ<br>વાઘ<br>અને<br>બકરી |
| દિવસ બીજો | (૧) પુનઃ સ્મરણ, ગીત<br>(૨) ભારતીય સ્ત્રીનું સ્વરૂપ | વિરામ | ગીત<br>(૧) સ્ત્રી અને અત્યાચાર<br>(૨) અત્યાચારના પ્રકાર | કાનમાં<br>વાત<br>કહેવાની |
| દિવસ ત્રીજો | (૧) પુનઃ સ્મરણ, ગીત<br>(૨) વ્યક્તિગત અને સામૂહિક ચળવળ | વિરામ | ગીત<br>(૧) અંધશ્રદ્ધા અને આરોગ્ય<br>(૨) સ્ત્રીના સ્વાસ્થ્ય પર તેની થતી અસરો | રમત<br>પ્રયોગઃ પાણી<br>ભરેલી ડોલનો |
| દિવસ ચોથો | (૧) પુનઃ સ્મરણ, ગીત<br>(૨) જાતીય શિક્ષણ | વિરામ | ગીત<br>(૧) સ્ત્રી અને બાળકોનું સ્વાસ્થ્ય<br>(૨) મા-દીકરીના સંબંધો | હરીફાઈઓ |
| દિવસ પાંચમો | (૧) સ્ત્રી અને કાયદો<br>(૨) સ્ત્રીનાં બંધનો | | (૧) સંગઠનની રમત<br>(૨) મૂલ્યાંકન (૩) પ્રતિભાવ<br>(૪) ઈનામ અને પ્રમાણપત્ર વિતરણ | |

## શિબિરાર્થીઓના નોંધણીપત્રકનો નમૂનો

| અનુક્રમ નંબર | નામ | ઉંમર | ભણતર | અપરિણીત બાળકો છોકરી/છોકરા | વ્યવસાય | સરનામું |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

# શિબિર દિવસ : ૧

## કાર્યક્રમ

| બેઠક : ૧ | | બેઠક : ૨ | |
|---|---|---|---|
| (૧) નોંધણી અને પરસ્પર પરિચય<br>(૨) અવાજનો પરિચય<br>(૩) શિબિર શા માટે? | વિરામ | ગીત<br>(૧) મિલ્કતની વહેંચણીની રમત<br>(૨) વિશ્વના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીની પરિસ્થિતિ<br>(૩) સામાજિક પિરામીડ | રમતઃ<br>વાઘ<br>અને<br>બકરી |

સામાન્ય રીતે જાગૃતીકરણ શિબિર પાંચ દિવસની રાખીએ છીએ. ક્યારેક જરૂરિયાત પ્રમાણે આઠ દિવસની શિબિરોનું આયોજન પણ કરીએ છીએ. તેમાં સ્વાભાવિકપણે વિષયો વધુ લીધા હોય, ક્યારેક શિબિર ચાર દિવસની પણ હોય જેમ કે આંગણવાડીના તાલીમાર્થીઓ માટે કરીએ તો તેમને તેમના અભ્યાસક્રમ દરમ્યાન ભણાવવામાં આવતા વિષયો અમારા આયોજનમાંથી કાઢી નાખીએ છીએ.

સામાન્ય રીતે પાંચ દિવસની શિબિર કરતાં હોઈએ છીએ. તેનું એક સર્વસામાન્ય આયોજન બનાવ્યું છે. તેવી શિબિરની વિગતો અહીં રજૂ કરી છે.

પહેલે દિવસે શિબિરાર્થી બહેનો ભેગી થાય કે તરત પરસ્પર પરિચય શરૂ કરીએ છીએ. તેમ કરતાં બહેનોનું એક વિગતવાર પત્રક તૈયાર થાય છે. અમારો આગ્રહ રહે છે કે દરેક બહેન પોતાનું નામ બોલે એટલે પતિનું નામ પણ બોલે. શરૂઆતમાં આનો વિરોધ કરતી બહેનો પોતાનું નામ લઈને ચૂપ થઈ જાય પણ આગ્રહપૂર્વક કહીએ એટલે પતિનું નામ બોલે. પત્ની-પતિનું નામ લે તો તેનું આયુષ્ય ઘટે એવી માન્યતાને લીધે, મર્યાદાનો લોપ નહીં કરવાના ખ્યાલે અને સંકોચને લીધે નામ ન લેતી સ્ત્રીઓ તેવાં બંધનોને તોડે છે, હસતી જાય છે, એકબીજાંની મશ્કરી કરતી જાય છે અને પોતાની જાતને આધુનિકમાં ખપાવતી જાય છે.

ત્યાર પછી અમારી સંસ્થાઃ 'અવાજ'નો પરિચય આપવામાં આવે છે. તેમજ અવાજ સ્ત્રીઓનાં અલગ અલગ જૂથો સાથે જે કંઈ કામ કરે છે તેનો, સ્ત્રીઓની છબિને હીણી બતાવતાં લોક-માધ્યમો સામે પ્રતિકાર કરતો અવાજ ઉઠાવવામાં આવે છે તેનો તેમજ અવાજ દ્વારા ચલાવવામાં આવતા માર્ગદર્શન-કેન્દ્ર, માસિક ચર્ચા-સભા, વર્ષ દરમિયાન આયોજિત થતાં મિલનો વગેરેની જાણકારી આપવામાં આવે છે. જે જૂથને જે કામગીરીમાં રસ પડે તેની વિગતે ચર્ચા કરવા પ્રશ્ન પૂછે તો વધુ માહિતી આપવામાં આવે છે.

"શિબિર શા માટે ?"ની વિસ્તૃત સમજ આપવામાં આવે છે, શિબિરાર્થી બહેનો પોતાનું એક અલગ વ્યક્તિત્વ છે તે પ્રત્યે સભાન થાય, તેમના અસ્તિત્વ સામે જે પડકારો છે તે તરફ સજાગ થાય તેમાં અસરકારક પ્રતિકાર કરવાના રસ્તા છે તે વિશે માહિતગાર થાય, પોતાના શરીર અને પોતાના તેમજ બાળકોના આરોગ્ય વિશે જાણકારી મેળવે, સ્ત્રીઓ માટેના કાયદા તેમને કેવો ન્યાય અપાવી શકે અને 'અવાજ' તેમાં કેવી મદદ કરી શકે, કુટુંબમાં વિસંવાદ થાય તો અવાજનું સલાહકેન્દ્ર તેમને કેવી મદદ કરી શકે એવી બધી વાતો સમજાવવા શિબિરનું આયોજન કરવામાં આવે છે. શિબિરને અંતે બહેનોનું સંગઠન કરવામાં આવે છે. તેની વિગતો આપવામાં આવે છે. અને છેલ્લે દિવસે એક સમિતિની રચના પણ કરવામાં આવે છે એ અંગે પહેલા જ દિવસે સમજ આપવામાં આવે છે.

આટલી વાતો થયા પછી એક ગીત ગવડાવવામાં આવે છે, અને એક રમત રમાડવામાં આવે છે.

### જાગૃતિ ગીત

ડંકો વાગ્યો, બહેનો સૌ જાગજો રે
બહેનો જાગજો રે, અન્યાય ભાગજો રે... ડંકો વાગ્યો

સ્ત્રી-મુક્તિને કાજે, બહેનો જાગજો રે
બહેનો જાગજો રે, બંધન તોડજો રે,... ડંકો વાગ્યો

તોડી પાડો સમાજના જુલમી કાયદા રે
ચીરી નાખો શોષણના ઘૂમટાને... ડંકો વાગ્યો

સ્ત્રી-દમનના વિરોધમાં ભેગાં થાજો રે
અવાજ ઊઠાવજો રે, લડત આપજો રે... ડંકો વાગ્યો

## મિલ્કતની વહેંચણીની રમત

**વિષય** : સાધનો સુધીની પહોંચ

**સાધનો** : ચિત્રકામ કરવાનો મોટો કાગળ
જુદા જુદા રંગના દસ ચૉક

**જૂથનું કદ** : ૦૬ થી ૧૨ સ્ત્રીઓ

**સમય** : આશરે ૩૦ થી ૪૦ મિનિટ

**હેતુ** : પોતાનાં કુટુંબોમાં અને સમાજમાં જે રીતે સાધનોની વહેંચણી થાય છે તેની સ્ત્રીઓના જીવન પર શી અસર પડે છે તે આ રમતમાં ભાગ લેનારને સમજાય અને તે વિશે તેઓ વિચાર કરતા થાય એ માટે તેઓને પ્રોત્સાહિત કરવા.

**જૂથની કુશળતા** : કોઈ ખાસ નહીં. નિરક્ષર કે સાક્ષર, ગામડાની કે શહેરની કોઈપણ સ્ત્રીઓને આ રમતમાં સામેલ કરી શકાય છે.

**તાલીમ આપનાર માટે નોંધ** : જૂથને સમજાવવું કે તેઓ ચિત્રકામ કરવું પડે એવા કામમાં ભાગીદારી કરવાના છે પણ આ કલાની હરીફાઈ નથી. છેવટનું ચિત્ર જે બને તેની પરવા કર્યા વિના તેમને જે લાગે તેનું ચિત્ર દોરવાનું છે.

**પદ્ધતિ** :

૧. આખા જૂથને ત્રણ સરખા વિભાગમાં વહેંચી દેવો. પહેલા જૂથને 'ક' બીજાને 'ખ' અને ત્રીજાને 'ગ' નામ આપશો.

૨. મોટો ચિત્રકામ કરવાનો કાગળ અને દલ રંગીન ચૉક કાગળ પર એક ચિત્ર દોરશે અને તેમ કરતાં જેટલા ચૉક વાપરવા હશે તે વાપરશે અને જેટલો સમય લેવો હશે તેટલો લેશે. જૂથમાંનાં સર્વને તે ચિત્ર કરે તેટલો સમય શાંતિ જાળવવા સૂચવશો.

૩. જ્યારે 'ક' જૂથ દોરવાનું પૂરું કરે ત્યારે તેમણે વાપરેલા રંગો તેમના હાથમાં રાખી લેવા સૂચવશો અને ચિત્રકામ કરવાનો કાગળ તેમજ બચેલા રંગના ચૉક તેમની પાસેથી લઈને 'ખ' જૂથને આપશો. 'ખ' જૂથને બે પ્રતિનિધિ ચૂંટવા કહેશો જે સાથે મળીને તે જ કાગળ પર ચિત્ર દોરશે અને 'ક' જૂથે નથી વાપર્યા તે ચૉક વાપરશે. 'ક' જૂથે ન વાપરી હોય તેવી જગ્યામાં ચિત્ર કરે તેમને આપેલા 'ક'

જૂથને વાપરતાં વધેલા ચૉકમાથી તેમને જેટલા વાપરવા હોય તેટલા વાપરે તેમને ચિત્ર કરવા ૩ મિનિટ આપશો.

૪. ત્રણ મિનિટ પૂરી થયે 'ખ' જૂથને ચિત્ર કરવું બંધ કરવા કહેશો અને તેમણે વાપરેલા ચૉક તેમના હાથમાં પકડી રાખવા સૂચવશો. તેમને કહેશો કે તેઓ ચિત્રકામનો કાગળ 'ગ' જૂથને આપે અને તેમણે વાપર્યા ન હોય તેવા ચૉક તેમને આપે. 'ખ' જૂથને આપી હતી તેવી જ સૂચના 'ગ' જૂથને આપશો કે તેમને 'ક' કે 'ખ' જૂથનાં ચિત્રોમાં ઉમેરો કરવાનો નથી અને 'ક' કે 'ખ' જૂથે વાપરી ન હોય તેવી જગ્યામાં પોતાનું ચિત્ર કરવાનું છે. તેમણે ત્રણ પ્રતિનિધિઓ ચૂંટવાના છે. 'ક' તેમજ 'ખ' જૂથને વાપરતા વધેલા ચૉક વાપરવાના છે. તેમને ચિત્રકામ માટે બે મિનિટ ફાળવશો (જો એક પણ ચૉક નહીં વધ્યો હોય તો તેઓ કશું દોરી શકશે નહીં.)

૫. બે મિનિટ પૂરી થઈ જાય એટલે તેમની પાસેથી ચિત્રકામનો કાગળ લઈ આખા જૂથને બતાવશો.

બહેનોને રમત રમતાં તેમાં રસ પડવા લાગે છે એટલે તે હસતી બોલતી થાય છે અને રમતને અંતે પૂછાતા સવાલોના જવાબો આપે છે. જેવી સમાજમાં તેવી ઘરમાં સાધનોની વહેંચણી કઈ રીતે અન્યાયકર્તા હોય છે, તેની સભાનતા તેમને હોય છે જ. સ્ત્રી રસોઈ બનાવે અને પહેલું ભાણું પીરસે તેમાં અને છેલ્લે પોતાની થાળી પીરસે તેમાં ઘણું અંતર હોય છે. તે વિશે સ્ત્રી સભાન હોતી નથી એવું નથી હોતું પણ "એમ જ હોય" એવું વિચારે છે. "એવું શા માટે હોવું જોઈએ ?" એ પ્રશ્ન તેના મનમાં ઊભો કરીએ છીએ અને ત્યાંથી તેના વ્યક્તિત્વ માટેની વિચારણા શરૂ થાય છે. ભોજનના સંદર્ભે "એમ જ હોય" એમ સ્વીકારી લેવું તે આરોગ્ય માટે યોગ્ય નથી એમ વિચારીને સ્ત્રીઓએ પોતાનો ભાગ રાખવો જોઈએ અને કુટુંબની અન્ય વ્યક્તિઓને તે પ્રત્યે સભાન કરવી જોઈએ. એ વાત તેઓને સમજાવવામાં આવે છે. રમત અને તેની ચર્ચા પત્યા પછી ત્રીસેક મિનિટ જેટલો વિરામ રાખવામાં આવે છે.

**ચર્ચા :**

૧. આ સમય દરમિયાન જે પ્રક્રિયા થઈ તેનું પૃથક્કરણ અને ચર્ચાનો આરંભ કરાવશો. કેટલાક ઊભા કરવા જેવા મુદ્દાઓ: (૧) 'ખ' અને 'ગ' જૂથની સરખામણીમાં 'ક' જૂથ દોરી શક્યું તે ચિત્રમાં શો તફાવત છે ? 'ખ' જૂથ દોરી શક્યું તે ચિત્ર અને 'ગ' જૂથે દોર્યું તેમાં શો તફાવત છે ? આવા તફાવતોનું અસ્તિત્વ શા માટે છે ?

૨. આ રમતમાં સાધનો ક્યાં ક્યાં હતાં ? (તમારે મેળવવાના છે તે જવાબો, કાગળ, ચૉક અને સમય અંગેના છે.) આ સાધનોની વહેંચણી જે રીતે થઈ તે આ જૂથની વ્યક્તિઓને આખી પ્રક્રિયા દરમિયાન શી શી અસરો કરી ગઈ ? જેમની પાસે સર્વ સાધનો હતાં તે એવું સમજ્યા ખરા કે તેમણે જે વાપર્યું તેથી અન્યને તે મળશે નહીં ? આપણા જિવાતા જીવનમાં - સમાજમાં આને કેવી રીતે જોડવું જોઈએ ?

૩. ‘ક’ જૂથને આ રમત રમતાં શી લાગણી થઈ ? ‘ખ’ ને શી લાગણી થઈ ? ‘ગ’ ને શી લાગણી થઈ ? (તાલીમ આપનાર માટે નોંધ: ‘ખ’, ‘ગ’ જૂથના સભ્યો ‘ક’ જૂથના સભ્યો તરફ ગુસ્સો વ્યક્ત કરે એવું બને. આ તબક્કે વ્યક્તિગત સંઘર્ષો ટાળવા અગત્યના છે. તેમના ગુસ્સાને વ્યક્ત થવા દઈ તેમના રોજિંદા જીવનમાં આ બને છે ત્યારે ગુસ્સો આવે છે કે કેમ તેની ચર્ચા તરફ વાળશો.)

૪. આ રમત જીવન સાથે કઈ રીતે જોડાય છે ? તમારા કુટુંબમાં કે સમાજમાં સાધનોની વહેંચણી કેવી રીતે થાય છે ? તમને જે લાગણીઓ : ગુસ્સો, હતાશા, કશું ન કરી શકવાની ગૌણતા કે લઘુતાગ્રંથિ વગેરેનો અનુભવ થયો તેવો અનુભવ કુટુંબમાં કે સમાજમાં થાય છે ?



૫. આ રમત સ્ત્રીના જીવન સાથે કઈ રીતે જોડાય છે ? જ્યારે સાધનોની વહેંચણી થાય ત્યારે સ્ત્રીઓને ક્યા તબક્કે તે મળે છે ? આથી તેમના ભણતર, આવક, ઉત્પાદન અને કુટુંબ / સમાજ જીવનમાં ભાગીદારી કરવાની શક્તિ પર શી અસર પડે છે ?

**અર્થઘટન :** ‘ક’ જૂથનું ચિત્ર મોટું હોય તેવી સંભાવના છે. તેમના ચિત્રથી કદાચ આખો કાગળ ભરાઈ ગયો હશે અને અનેક રંગો તેઓ વાપરશે. ‘ખ’ વર્ગને ભાગે ત્રણ/ચાર રંગના ચૉક બચે છે અને ‘ક’ જૂથના ચિત્રની આજુબાજુની નાની જગ્યાઓ તેમને મળે છે. બે જણે દોરવાનું છે એટલે વધુ સમય દોરવા કરતાં ચર્ચામાં જાય છે. ‘ગ’ જૂથને ઓછામાં ઓછી જગ્યા અને વધુ દોરનારા મળ્યા હોઈ તેઓ ખૂબ ઓછું કરી શકે છે. સામાન્ય રીતે તેમને માટે સફેદ ચૉક વધ્યો હોય છે અથવા એક પણ ચૉક રહ્યો હોતો નથી. ક્યારેક તેઓ પોતાનાં નખ જેવા સાધનોનો ઉપયોગ કરે છે તો ક્યારેક આક્રમક રીતે ‘ક’કે ‘ખ’ જૂથની વ્યક્તિઓ પાસેથી ચૉક લઈ લે છે. ક્યારેક તેઓ પોતાની પેન કાઢીને તે વાપરવાનો પ્રયત્ન કરે છે. ‘ગ’ વર્ગનું વર્તન હંમેશાં અનપેક્ષિત રહે છે.

ક્યારેક ‘ક’ વર્ગ પણ ખૂબ ઓછી જગ્યા અને ખૂબ ઓછા ચૉક વાપરે છે. આ રમત દ્વારા જેમની પાસે સાધનો છે અને જેઓ વંચિત છે તેમનાં વર્તનનું અર્થઘટન કરવાનો ખ્યાલ છે. આથી જ્યારે ‘ક’ વર્ગની બહેનો ઓછું વાપરે ત્યારે તાલીમ આપનાર ગૂંચવાઈ જવા સંભવ છે.

આથી સ્મરણમાં રાખવું જરૂરી છે કે બાળપણથી જ સ્ત્રીઓને પોતાને માટે ઓછું લેવા-વાપરવાની ટેવ પાડવામાં આવી હોય છે. આથી જો 'ક' જૂથની વ્યક્તિઓ મોટા ભાગની જગ્યાઓ અને અર્ધાથી વધુ ચૉક વાપરી ન નાખે તો અર્થઘટન એવું થશે કે સ્ત્રીઓ તેમના પર લાદેલાં બંધનોમાંથી ભાગ્યે જ છૂટી શકે છે અને તેમને વિપુલ પ્રમાણમાં આપ્યું હોય તો પણ તેઓ માણી શક્યા નથી. કોઈ જૂથનું આવું વર્તન અપવાદ જ હોય છે તેમ છતાં તાલીમ આપનાર તેવા વર્તનનું અર્થઘટન સ્ત્રીને પોતાના ઘરમાં જ સાધનો પહોંચતાં નથી તે સંદર્ભે કરે તે જરૂરી છે.

### નીચેના પ્રશ્નો પૂછી શકાય

૧. "ખ" અને "ગ" એ દોરેલાં ચિત્ર કરતાં "ક"નાં ચિત્રમાં શું ફેર છે? તે કહો.

૨. "ખ"નાં ચિત્રમાં "ગ"ની ચિત્રની સરખામણીમાં શું ફેર છે?

૩. આ ફેર શા માટે ઉદ્દભવ્યો?

૪. રમતમાં વપરાયેલી વસ્તુનાં નામ પૂછો.

૫. કઈ રીતે તેની વહેંચણી કરવામાં આવી? તેણે બધાંને કેવી રીતે અસર પહોંચાડી?

૬. જેણે બધી જ વસ્તુ વાપરી હતી તેને સમજાયું કે તેમાં બીજાનો ભાગ હોઈ શકે?

૭. તમે જે સમાજમાં રહો છો તેને તથા તમારા જીવનને આની સાથે કોઈ સંબંધ છે? છે તો કેવો?

૮. "ક", "ખ" અને "ગ" ગ્રુપને કેવી લાગણી થઈ?

૯. આ રમતને તમારા જીવન સાથે જોડો. તમારા કુટુંબમાં વસ્તુની વહેંચણી કેવી રીતે થાય છે? તમારી જ્ઞાતિમાં, દેશમાં પણ કેવી રીતે થાય છે? તમે જે લાગણી અનુભવી તે તમારામાં કુટુંબમાં, જ્ઞાતિમાં, દેશમાં છે? તે તમારા સંબંધોમાં કેવી રીતે અસર પહોંચાડે છે?

૧૦. આ રમતને સ્ત્રીના જીવન સાથે કેવી રીતે જોડી શકાય?

૧૧. જ્યારે વસ્તુની વહેંચણી થાય છે ત્યારે ક્યા વખતે સ્ત્રીઓ પાસે પહોંચે છે?

૧૨. સ્ત્રીઓના ભણતર પર, કમાઈ પર, જ્ઞાતિની કે અન્ય જૂથની પ્રવૃત્તિમાં ભાગ લેવામાં આ વાત કેવી રીતે અસર કરે છે?

### એક સત્ય ઘટના :

**મધ્યપ્રદેશમાં લાંગની દાળ ખાવાથી પુરુષો અને બાળકોનાં શરીરને લકવો થયો, બહેનોને ન થયો. તેનું કારણ શોધવા એક ટુકડીએ સર્વે કર્યો. પ્રથમ સર્વેમાં એવું તેમને જાણવા મળ્યું કે પુરુષ કરતાં સ્ત્રીઓ વધારે શક્તિશાળી છે. તેથી સ્ત્રીઓને કશું ન થયું. અમુક લોકોને એવો વિચાર આવ્યો કે ખરેખર આ કારણ સાચું નથી. તેથી ફરી સર્વે કર્યો, તેમાં જાણવા મળ્યું કે દાળ ખાવામાં સૌ પ્રથમ પુરુષો હતા કે જેણે દાળ વધુ ખાધી હતી. ત્યારબાદ બાળકોએ ખાધી અને પછી સ્ત્રીઓએ ખાધી પરંતુ તેના માટે ખૂબ ઓછી વધી હતી. અથવા તો વધી જ ન હતી. તેથી તેણે તપેલાં ચાટવા પડ્યાં હતાં. તેથી સ્ત્રીઓને કશું ન થયું.**

આ રમતમાં "ક" ગ્રુપવાળાએ "ખ" ગ્રુપનો વિચાર નહીં કર્યો. "ખ" ગ્રુપવાળાએ "ગ" ગ્રુપવાળાનો વિચાર નહીં કર્યો. જ્યારે વસ્તુ આપણા હાથમાં હોય છે ત્યારે માત્ર આપણી જરૂરિયાતને જ પ્રાથમિકતા અપાય છે ? ઘરમાં/કુટુંબમાં કઈ કઈ બાબતોમાં આવું બને છે ? ખાવા-પીવામાં, પૈસામાં, કપડામાં બધાંમાં આવું બને છે.

ધારો કે ઘરમાં પાંચ રોટલામાંથી દોઢ પુરુષ ખાય, ત્રણ રોટલા બાળકો ખાય, માત્ર અડધો રોટલો સ્ત્રી માટે બચે છે. ઘરમાં સૌથી પહેલાં પુરુષ જમવા બેસે, પછી બાળકો અને છેલ્લે બહેન જમવા બેસે ત્યારે તો શાકની તપેલી ચાટવાની જ હોય છે. આવું કેમ ? આગળ જમવાવાળાએ પાછળવાળાનો વિચાર કરવો જ જોઈએ. અને તેઓ વિચાર ન કરે તો બહેને માંગતાં શીખવાનું છે, કારણ કે અલ્પ કે લૂખુંસૂકું ખાવાથી સ્ત્રીની તબિયત બગડે છે. આને પરિણામે તેનાં બાળકો પણ નબળાં જન્મતાં હોય છે. આપણે એટલે કે એક સ્ત્રીએ સ્વીકારી લીધું છે કે 'મને તો ચાલે'.

આ રમત ઉપરથી એક વસ્તુ બીજી એ પણ ફલિત થઈ શકે કે પહેલાં બહેનોએ ઉત્સાહથી દોરવાનું શરૂ કર્યું પણ પછી બસ કહીને રોકાઈ જતી હતી. એટલે કે આરંભે શૂરા પણ પછી પાછળ રહી જાય છે.

અમુક પાસે બંગલા હોય પણ તેમાં એક જ વ્યક્તિ રહેતી હોય જ્યારે બીજો ઝૂંપડામાંનો માણસ અનેક લોકો સાથે રહેતો હોય. જેમની પાસે જગ્યા હતી તેમણે મોટા મોટા બંગલા બનાવી લીધા.

## વિશ્વના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રી

પછીની બેઠકની શરૂઆતમાં એક ગીત ગાવામાં આવે છે, "આણા ગામ ફરીયાં..." ત્યાર પછી બહેનોની પરિસ્થિતિને વિશ્વની સ્ત્રીઓની પરિસ્થિતિ સાથે સાંકળવા "વિશ્વના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રી" વિષયની ચર્ચા કરવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં સ્ત્રીઓને ભાગે આવતું

આણા ગામ ફરીયાં વર વર
પેલા ગામ ફરીયાં રે.
બૈરાનું મન કોઈ ના જાણ્યું રે
પિત્તળનાં તાળાં ખોલ્યાં વર વર
તાંબાનાં તાળાં ખોલ્યાં રે
બૈરાનું મન કોઈ ના ખોલ્યું રે જી... આણા ગામ
ખાના ભી પકાયા વર વર
ચૂલા ભી જલાયા રે
બૈરાંને ખાવા તોય ન મળ્યું રે જી... આણા ગામ
છોરા ભી જણ્યા વર વર
છોરી ભી જણી રે
બૈરાંને જશ કોઈ ના મળ્યો રે જી... આણા ગામ
સરકારી કામ આયા વર વર
કોને ફાયદો મળ્યો રે
બૈરાંને માલૂમ કાંઈ ના પડ્યું રે જી... આણા ગામ

વધારે કામ, કામના કલાકો તેમજ પુરુષોને મળતું વધુ વળતર આંકડાઓની માહિતી સહિત કાળા પાટિયા પર ચીતરીને સમજાવવામાં આવે છે. આંકડાના સમર્થનમાં બહેનોની પોતાની દિનચર્યા, તેમને મળતાં વળતર અને તેમની માલિકીની કોઈ ચીજ હોઈ શકે કે કેમ તેની ચર્ચા થાય છે. સ્ત્રીઓને ઘરકામ અને બાળઉછેરનાં વેતન મળતાં નથી, સવેતન કામમાં સ્ત્રીને મજૂરી ઓછી મળે છે. ઘર, ખેતર, ઢોર-ઢાંખર કશું તેનું નથી. બાળકના નામની સાથે બાપનું નામ લખાય અને તે બાપનાં જ ગણાય છે.

શિબિરાર્થી બહેનોને આ બધી ખબર તો હોય છે જ પણ તે વિશે તેઓએ કદી વિચાર્યું નથી હોતું. તેમનાં પોતાનાં ઘરકામ અને બાળઉછેરનાં કામ કેટલાં અગત્યનાં છે અને જો વેતન અપાય તો કેટલું મળે તેની ચર્ચા થાય છે. આ વેતન ગણવા માટે અને કામ કર્યા છતાં વેતન ન મળ્યાથી સ્ત્રી કેટલી નિઃસહાયતા અનુભવે છે તેના દાખલા પણ અપાય છે. જેમ કે એક બહેન પોતાનાં બે બાળકોને પતિ પાસે મૂકીને ત્રણ મહિના માટે પરદેશ ગયાં હતાં. પતિએ એક માણસ રસોઈ કરવા માટે, એક બાળકોને રાખવા માટે અને એક ઘરકામ અને અન્ય કામ કરવા માટે એમ માણસો રાખ્યા. સાંજે તે ઘરે પહોંચે ત્યારે બાળકો નોકરોના હાથમાં અકળાયાં હોય એટલે તેમને ફરવા લઈ જવા કહે. પિતા ફરવા લઈ જાય એટલે બાળકો માંગે તે ખવડાવે. બે, ચાર દિવસ આમ ચાલે એટલે બાળકો માંદાં પડે તેમને માટે દાક્તર અને દવાનાં ખર્ચ થાય. બહેન પાછાં આવ્યાં ત્યારે જોયું કે બાળકો માંદાં પડી ગયાં હતાં અને મોટા ભાગની બચત વપરાઈ ગઈ હતી. સ્ત્રી કેટલાં કામ સહજપણે કરે છે અને તે ન હોય ત્યારે કેટલું ખર્ચ થાય છે તેનું આ ઉદાહરણ છે.

મુંબઈની શહેનાઝને તેનો પતિ મારપીટ કરતો અને મધરાતે ઘરની બહાર કાઢી મૂકતો. મુંબઈની ચાલીમાં રહેતી તે સ્ત્રી મધરાતે ક્યાં જાય ? તેને રાત્રે ખૂબ ડર લાગતો, આથી તે ઘરના બારણા પાસે બેસી રહેતી અને સવારે પતિ પાસે કાકલૂદી કરીને ઘરમાં તેને પાછી પેસવા દેવા કહેતી. આવું વારંવાર થતું તેથી તેણે એવો રસ્તો વિચાર્યો કે શાક લેવા કે બીજા ખર્ચના પૈસા મળતા તેમાંથી થોડા થોડા બચાવીને એક પાકીટમાં સંગ્રહવા માંડ્યા. પોતાની એક સખીને પણ વાત કરી રાખી કે આવું વારંવાર બને છે. તે સખીએ તેવે સમયે પોતાના ઘરે ચાલ્યા આવવા તેને કહ્યું. ફરી પાછી જ્યારે પતિએ તેને મોડી રાતે ઘરની બહાર કાઢી મૂકી ત્યારે તે તરત અંદર જઈને પાકીટ વસ્ત્રોમાં છુપાવી લઈ બહાર નીકળી ગઈ. બીજે દિવસે સવારે તેને બારણામાં ન જોતાં પતિને આશ્ચર્ય થયું હશે. શહેનાઝે જેટલું ઘરકામ કર્યું તેટલું વિના વળતરે કર્યું અને તેનો કોઈ હક્ક માન્ય ન રખાયો.

દરેક સ્ત્રીની પરિસ્થિતિ અને શહેનાઝની પરિસ્થિતિ વચ્ચે કંઈ ફેર નથી. પહેર્યે લૂગડે સ્ત્રીને ચાલી જવાનું કહેવામાં આવે છે અને તેણે તેમ જ કરવું પડે. ઘરકામ અને બાળઉછેરમાં રહીને કોઈ મદદ પણ મળતી હોતી નથી. આ સંદર્ભે રોઝાની વાત ખૂબ મહત્ત્વની છે. રોઝા શેરડીના ખેતરોમાં તેના પતિની હારોહાર મજૂરીનું કામ કરતી. તેને તેમના બનતા યુનિયનના કામમાં રસ પડ્યો તેથી તેની સભાઓમાં તે જવા લાગી અને સમિતિની સભ્ય બની. યુનિયનમાં તે સક્રિય થઈ તેથી ઘરે આવતાં તેને મોડું થવા માંડ્યું. એટલે તેનો પતિ ગુસ્સે થઈ ઝઘડા

કરવા માંડ્યો. ઘરનું અને બાળકોનું કામ રોઝા જ કરતી, ઘરમાં આવતાં મોડું થાય તો તેને પરવારતાં પણ મોડું થાય જ. તેમ છતાં તેનો પતિ મદદ કરતો નહીં અને ઝઘડા જ કરતો. એક વાર રોઝા અકળાઈ એટલે એણે ઘરકામની અને બાળકોના કામની હડતાળ પાડી. તેણે પતિને કહી દીધું કે ઝઘડાઓ થાય ત્યાં અને મદદ ન મળે ત્યાં રહેવા માગતી નથી અને પોતાની મિત્રને ઘરે જઈને રહી. રોઝાના પતિના હાલ બૂરા થયા. સૌથી નાનું બાળક તો વરસનું પણ ન હતું, ૪ નાનાં મોટાં બાળકોને સાચવવાં, સારું રાખવા અને તેમને ખવડાવવા ઉપરાંત ઘર સારું રાખવું વગેરે કામો તે કરી શક્યો નહીં. ત્રીજે દિવસે તે રોઝાને બોલાવવા ગયો, ત્યારથી રોઝાને ઘરકામમાં અને બાળકોના કામમાં મદદ કરાવવા લાગ્યો.

સ્ત્રી હડતાલ પાડતી નથી કે ઘરકામ અને બાળઉછેરનું વેતન પણ માગતી નથી. પણ જો આ વેતનની ગણતરી થાય તો દેશની કુલ રાષ્ટ્રીય આવકમાં જરૂર વધારો થાય. એક રોટલી વણ્યાના બે પૈસા માગી લો એમ કહેવાનું નથી, પણ રસોઈ જેવાં ઘરકામ અગત્યનાં છે તેવી સભાનતા આપણામાં હોવી જરૂરી છે. જે સવેતન મજૂરી કરવા નથી જતી તે કશું નથી કરતી તેમ કહેવું બરોબર નથી. તે ઘરની અને બાળકોની સંભાળ રાખે છે ત્યારે પતિ સ્વસ્થપણે કામે જઈ શકે છે. તેથી તે પતિની કમાણીમાં હકદાર છે એવું કેટલાક વિદેશોના કાયદા સ્વીકારે છે અને છૂટાછેડા થાય તો સ્ત્રીને લગ્નજીવન દરમ્યાન પતિએ કરેલી આવકમાં સ્ત્રીને અર્ધોઅર્ધ હિસ્સેદાર ગણે છે. આને ''મેટ્રિમોનિયલ પ્રોપર્ટી'' એટલે કે ''લગ્નસમય દરમ્યાન ઉપાર્જિત મિલકત'' કહેવામાં આવે છે.


સવેતન મજૂરી માટે જતી સ્ત્રીને સરખા કામ માટે સરખું વળતર આપવામાં આવતું નથી. બહેનો પોતે કહેતી હોય છે કે બાઈઓમાં તાકાત ઓછી એટલે એમને ઓછું આપે. તેમના દહાડાભરના કામ અને પુરુષોના કામનાં વર્ણન તેમની જ પાસે કરાવીને સ્પષ્ટ કરવામાં આવે છે કે બંને સરખાં જ કામ કરે છે પણ સમાજ સ્ત્રીના કામની યોગ્ય નોંધ લેતો નથી. કામ હળવાં થાય છે ત્યારે તે સ્ત્રી પાસેથી પુરુષ પાસે જતાં રહે છે. દાખલા તરીકે જ્યારે હાથે ઘંટી ફેરવીને લોટ તૈયાર કરવાનો હતો ત્યારે તે કામ સ્ત્રીનું હતું. હવે વીજળીથી ચાલતી ઘંટીઓ બની છે ત્યારે તે કામ પુરુષોના હાથમાં જતું રહ્યું છે. ટેકનોલોજી સ્ત્રીઓને આવડે જ નહીં એવી દલીલ કરવામાં આવે છે. થ્રેસર અને અન્ય મશીનરી આવતાં ખેતમજૂરીનાં કામો પણ સ્ત્રીના હાથમાંથી ઝૂંટવાઈ ગયાં છે. રોજ કરવાનાં કંટાળાજનક કામો દ્વારા સારું વળતર મળતું હોય તો તે પુરુષ કરે છે. જેમ કે રસોડું ચલાવવાનું, કપડાં ધોવાની લોન્ડ્રીનું કાર્ય વગેરે. સ્ત્રીને ઓછું વેતન ચુકવાય કે તેનાં કાર્યો જ અવેતન હોય એ જાણે કે નિયમ બની ગયો છે. છતાં સ્ત્રીએ સભાન રહેવું જોઈએ કે તેના કામની કિંમત ઓછી અંકાય તે અન્યાય છે.

**આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાન (I.L.O) નો એક અભ્યાસ**

આપણે આખી દુનિયાની બહેનોની વાત, એટલે કે આખી દુનિયામાં બહેનોની સ્થિતિ શું છે તેની વાત કરવાનાં છીએ. આ પૃથ્વીના ગોળામાં ઘણાબધા દેશો છે. આ દેશોમાં આપણો ભારત દેશ. ભારત દેશમાં ઘણાં રાજ્યો અને  એમાં આપણું રાજ્ય. રાજ્યોમાં ઘણાં શહેરો અને ગામો અને તેમાં આ શહેર કે ગામ. આ ગામની

બહેનો અને આખી દુનિયાની બહેનો વચ્ચેની જે વાત છે તેની આજે ચર્ચા કરવાની છે.


આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાન : I.L.O કે જે જીનીવામાં આવી છે. આ સંસ્થાએ આખી દુનિયાની બહેનો કેટલું કામ કરે છે. તેનું સંશોધન કર્યું છે. આ સંસ્થાએ સંશોધનને અંતે કહ્યું કે ૬૭ ટકા કામ સ્ત્રીઓ કરે અને ૩૩ ટકા કામ પુરુષો કરે છે.




**હવે આપણે ચકાસીએ કે આવું છે ખરું!**

સ્ત્રીઓ સામાન્યતઃ ત્રણ પ્રકારનાં કામ કરે તેમાં ઘરકામ, બાળઉછેર અને બહારના કામનો કમાવાનો સમાવેશ થાય છે. જ્યારે પુરુષો ફક્ત કમાવાનું એક જ પ્રકારનું કામ કરે છે. સ્ત્રીઓ સામાન્ય રીતે ૧૬ કલાક અને પુરુષો ૮ કલાક કામ કરે છે. આ કલાકો પરિસ્થિતિ પ્રમાણે અલગ અલગ હોઈ શકે છે.

હવે આપણે વિચારીએ કે સ્ત્રીઓ આટલું કામ કરે છે તો તેને કેટલું વળતર મળે અને એ પણ આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થાએ કહ્યું કે બહેનોને ૧૦ ટકા અને પુરુષોને ૯૦ ટકા વળતર મળે.




**આ કેવો ન્યાય?**

આવું કેમ થયું ? એ આપણે વિચારીએ, સ્ત્રીઓ ત્રણ પ્રકારનાં કામ કરે છે એ આગળ સ્પષ્ટ કર્યું, તેમાં બહારના કમાવાના કામના પૈસા તેને મળે છે. ઘરનું કામ અને બાળઉછેરના અતિ મહત્ત્વના કામના પૈસા તેને મળતા નથી.

આ અંગે પ્રશ્ન પૂછીને શિબિરાર્થીઓ પાસેથી જવાબ માંગવા. ફક્ત બહારની મજૂરીના પૈસા મળે પણ તેમાં પણ સ્ત્રીને પુરુષનું એકસરખું કામ હોય તો પણ સ્ત્રીને ઓછા પૈસા મળે તેવું તો ખરું જ ને ! તેથી વળતર ફક્ત ૧૦ ટકા જ સ્ત્રીઓના ભાગે આવ્યું.

એક બહેનની વાત કરું. એ બહેન અમેરિકા ગયાં. ઘર અને છોકરાં સંભાળવાની જવાબદારી તેના પતિના માથે આવી. તે ભાઈએ

બાળકોને સાચવવા માટે આયા રાખી તેથી તેનો ખર્ચ થયો. કપડાં ધોવા ધોબીનો ખર્ચો. બહાર જમવાનો ખર્ચો એમ મળીને આ ભાઈએ ત્રણ વર્ષની બચત ત્રણ મહિનામાં ખર્ચી નાંખી અને બાળકો માંદાં પડ્યાં તે નફામાં ત્યારે તેમને થયું કે સ્ત્રી કેટલું કામ કરે છે. તેમ છતાં પુરુષ જ્યારે તેને ઘરની બહાર કાઢી મૂકે ત્યારે સ્ત્રીના હાથમાં શું ? કાંઈ જ નહીંને !!

આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થાએ બહેનોના નામે મિલકત કેટલી છે તેની વાત પણ કરી છે.

સ્ત્રીઓના નામે શું હોય છે. તે વિચારીએ


ઘર હોય ?

ઢોર હોય ?


ખેતર હોય ?

બાળકો હોય ?

આ બધું જ હોવા છતાં સ્ત્રીઓના નામે ૧ ટકો મિલકત છે તે ક્યાંથી આવી ? તે પણ ખરેખર સ્ત્રીની નથી પણ ઈન્કમટેક્ષથી બચાવવા માટે સ્ત્રીના નામે કરવામાં આવે છે. આમ જોઈએ તો સ્ત્રીનો તેના ઉપર કોઈ અધિકાર હોતો નથી. તે ધારે તો પોતાની ઈચ્છા પ્રમાણે પૂછ્યા વગર વેચી શકતી નથી.




સ્ત્રીઓ ઘરનું બધું જ કામ કરે. બાળકોનો ઉછેર પણ કરે, પણ જ્યારે પુરુષ/પતિ ઘરમાંથી કાઢી મૂકે ત્યારે સ્ત્રીનું કાંઈ જ હોતું નથી. અમેરિકામાં એક કાયદો છે કે છૂટાછેડા થાય તો ૫૦ ટકા હિસ્સો સ્ત્રીને મળે કારણ કે પતિ ત્યારે જ નિરાંતે જીવ્યો, અને કમાવા જઈ શક્યો જ્યારે પત્નીએ બધી સંભાળ રાખી. આ ૫૦ ટકા હિસ્સો મળે છે, તે મૅટ્રિમોનીઅલ આવક ગણાય છે. આપણા દેશમાં એવું નથી, ખબર નહીં એ દિવસો ક્યારે આવશે ?





સ્ત્રીઓ આટલું બધું કામ કરે છે પણ તેની ગણતરી થતી નથી. ૮૦ કરોડ વસ્તીમાં ૩૯ કરોડ સ્ત્રીઓ છે. તેમ છતાં સ્ત્રીની મિલકત દેખાતી નથી. જો સ્ત્રીઓનાં કામની ગણના થાય તો આપણા દેશની આવકની ગણતરીમાં પણ વધારો થાય. એટલે કુલ રાષ્ટ્રીય આવક-GNP. માં વધારો થાય.

૧૯૮૫માં નાઈરોબીમાં સેમિનાર હતો તેમાં એ વાતની ચર્ચા થઈ કે આખી દુનિયાની બહેનો ફક્ત એક દિવસ માટે હડતાળ પાડે તો શું થાય ? વિચારજો.

## સામાજિક પિરામીડ

હવે આપણે એક બીજી વાત કરીએ. આપણા સમાજમાં પૈસાદાર લોકો કેટલા ? ઓછા કે વધારે ? આપણા સમાજમાં ગરીબ લોકો કેટલા ? ઓછા કે વધારે ?

આ ચર્ચા સાથે સામાજિક વર્ગોની અને દરેક વર્ગમાં સ્ત્રીની સ્થિતિ સરખી હોય છે તે મુદ્દાની ચર્ચા જોડવામાં આવે છે અને તે કાળા પાટિયા પર વિકસાવાતાં ચિત્ર સાથે રજૂ કરવામાં આવે છે.




જગતભરમાં દરેક સ્તરે અને જગ્યાએ સ્ત્રીનું સ્થાન પુરુષ કરતાં નીચું છે. ગરીબ પુરુષ ઉપલા બે વર્ગની તાબેદારી કરે છે. પણ જ્યારે તે ઘેર આવે છે ત્યારે તે પોતાની સ્ત્રી ઉપર જોહુકમી કરે છે.

મધ્યમવર્ગના પુરુષો જ્યારે પૈસાદાર શેઠને ત્યાં જાય ત્યારે શેઠને સલામ તો મારે પણ શેઠાણીને પણ સલામ મારે છે, કારણ કે તે તેમનાથી ઉપર છે. પણ જ્યારે પોતાના ઘેર આવે ત્યારે પોતાની પત્નીને હુકમ કરે છે. તેને સલામ મારતો નથી કારણ કે તે પોતાની પત્નીને પોતાનાથી નીચે માને છે અને સમાજ-વ્યવસ્થા પણ સ્ત્રીના નીચા સ્થાનને સ્વાભાવિક ગણે છે.

ટૂંકમાં દરેક સમાજમાં થોડા ધનવાન લોકો હોય છે. તેમની સ્ત્રીઓ તેમની નીચે રહે છે. મધ્યમવર્ગના લોકો ધનવાન પુરુષ અને ધનવાન સ્ત્રીના તાબેદાર હોય છે. મધ્યમવર્ગની સ્ત્રીઓ તેમના પુરુષોનું આધિપત્ય સ્વીકારે છે. સૌથી નીચે ગરીબ વર્ગના પુરુષો અને તેમની નીચે તેમની સ્ત્રીઓ છે. ગરીબ પુરુષો ઉપલા બંને વર્ગના સ્ત્રી-પુરુષોની તાબેદારી સ્વીકારે છે પણ પોતાની સ્ત્રીઓને પોતાના તાબામાં રાખે છે. આમ ગરીબ સ્ત્રી સૌની તાબેદાર થઈને જીવે છે. તેનું દાસત્વ સંપૂર્ણ છે. પણ ધનિક કે મધ્યમવર્ગની સ્ત્રી પણ સ્વતંત્ર નથી. તે જે કંઈ માણી શકે છે તેની તે માલિક નથી. તેનો જ્યાં સુધી ઘરમાં રહેવાનો હક સ્વીકારાય છે ત્યાં સુધી જ તે જે તે વસ્તુ વાપરી શકે છે.

ત્યાં રહેતી હોય ત્યારે પણ પોતાની ખુશીથી કોઈને કશું આપી શકતી નથી કે ઘર છોડે ત્યારે તેમાંથી કશું લઈ શકતી નથી. સ્ત્રીના હક્કો નહીંવત અને તેની ફરજો અનેક એવું દરેક વર્ગમાં છે.

પૈસાદારની પત્ની, મધ્યમવર્ગની પત્ની અને ગરીબની પત્ની દરેકનું સ્થાન નીચે છે. કોઈપણ સ્ત્રી પોતાના પતિને પૂછ્યા વગર કશું જ વેચી શકતી નથી કે આપી શકતી નથી. સ્ત્રીનું સ્થાન નીચું જ છે તો શું કરવું જોઈએ? આપણે એમ નથી કહેતા કે આપણે આને ઉલટાવી દઈએ અને પુરુષને સ્ત્રીથી નીચેના સ્થાને લાવી દઈએ, પણ આપણે સહકારની વાત કરવાની છે.

સૌએ પરસ્પરનાં મિત્ર થઈને રહેવું હિતાવહ છે. આ સાથે સંકળાયેલાં બે સૂત્રો છે:

**“સ્ત્રીની મિત્ર સ્ત્રી” અને “સ્ત્રી વિરુદ્ધ સ્ત્રી નહીં.”**

આ બધી વાતોમાં વારે વારે તેમની પરિસ્થિતિ અંગે પ્રશ્નો પૂછી પૂછીને શિબિરાર્થી સ્ત્રીઓને ચર્ચામાં સામેલ કરતાં રહેવાના છે. બહેનો પોતાના અનુભવક્ષેત્રમાંથી કોઈને કોઈ દાખલા આપે છે અને અહીં થતી રજૂઆતને પુષ્ટ કરે છે. આ બધું હોવા છતાં તેણે કદી તે વિશે ન્યાય-અન્યાયના સંદર્ભમાં વિચાર્યું ન હતું એવી લાગણી પણ તેમને થવા લાગે છે.

સારાંશ એ જ કે સૌથી વધુ પૈસાદાર વર્ગ નાનો છે. તેમની સ્ત્રીઓ પુરુષોના વર્ચસ્વ નીચે દબાયેલી છે. પૈસાદાર વર્ગથી મોટી સંખ્યા મધ્યમ વર્ગની છે. તેમની સ્ત્રીઓ પણ તેમના પુરુષોથી દબાયેલી રહે છે. ગરીબ વર્ગની સંખ્યા ખૂબ મોટી છે. તેમની સ્ત્રીઓ પણ તેમનાથી દબાયેલી રહે છે. મધ્યમ વર્ગના પુરુષ પૈસાદાર વર્ગના પુરુષ અને સ્ત્રીથી દબાયેલા છે, મધ્યમ વર્ગની સ્ત્રી પોતાના વર્ગના પુરુષ અને ઉપલા વર્ગના પુરુષ તેમજ સ્ત્રીથી દબાયેલી છે. દરેક વર્ગમાં સ્ત્રી ગૌણત્વ અનુભવે છે અને તેટલે અંશે સર્વે સ્ત્રી સમાન છે.

સ્ત્રી ગૌણત્વના “આઈસ”ને બ્રેક કરવો જરૂરી છે. તેના માટે આવી પડતી મુશ્કેલી સાવ સામાન્ય છે કે ખૂબ જહેમત માંગી લે તેવી છે એ બાબત સમજીને સભાનતા સાથે પૂર્વ તૈયારી કરવા જરૂરી બને છે. આટલી વાત સમજ્યા પછી એક રમત રમીશું

## રમત - વાઘ-બકરીની

આ રમત કઈ રીતે રમી શકાય તેની સમજૂતી તાલીમ આપનાર પોતાને માથે દાવ લઈને રમત સમજાવે કે જો તે ગોળ ફરતા ફરતા તેમનામાંથી કોઈકની સામે જઈને ‘હાઉ’ કરે તો વાઘ આવ્યો સમજે અને તેનો પ્રતિકાર કરવા હાથની બંદૂક બતાવી મોંથી ‘ઠોં ઠોં’ બોલે. જો કોઈકની સામે જઈને ‘બેં બેં’ કરે તો બકરી આવી સમજે અને તેને હાથથી ચાલી જવા સૂચવે, તેમ બોલી પણ શકે. વાઘ આવે તેને ચાલી જવા કહે કે બકરી આવે તેને ‘ઠોં ઠોં’ કરીને બંદૂક બતાવે તો ‘આઉટ’ થઈ ગયા કહેવાય. તેને માથે દાવ આવે અને એમ રમત ચાલુ રહે.

વીસ-પચીસ મિનિટ સુધી રમત જામે છે. થોડો સમય રમ્યા પછી રમત બંધ કરી તેના વિશે શિબિરાર્થી બહેનો સાથે ચર્ચા શરૂ કરવી શિબિરાર્થી બહેનો અનેક પ્રકારના જવાબ આપશે. ચર્ચા સમેટતાં કહેશો કે દરેકના જીવનમાં મુશ્કેલીઓ આવે જ છે, વાઘ જેવી મોટી મુશ્કેલી આવે તેને ચૂપચાપ સહન ન કરતાં તેનો હિંમતથી સામનો કરવો જોઈએ. બકરી જેવી નાની મુશ્કેલી આવે તો તેને આસાનીથી કાઢી મૂકી શકાય. નાની મુશ્કેલીઓને મોટું સ્વરૂપ પણ ન આપવું. બંને પ્રકારની મુશ્કેલી પ્રત્યે જે સજાગ ન હોય તે ‘આઉટ’ થઈ જાય. સજાગપણે મુશ્કેલીઓનો પ્રતિકાર કરતાં શીખીએ. અચાનક આવી પડતી પરિસ્થિતિમાં મૂંઝાઈ ન જતાં માનસિક સભાનતા રાખવાથી ઉકેલ સૂઝે છે એવું રમત દ્વારા સમજાય છે. આર્થિક મૂંઝવણમાં મૂકાઈએ ત્યારે થોડી બચત કરી હોય તો તેની મદદ રહે છે. પૂર્વ તૈયારી, જાગૃતિ અને સભાનતા હંમેશાં મદદરૂપ થાય છે.







# શિબિર દિવસ : ૨

**કાર્યક્રમ**

| બેઠક : ૧ | | બેઠક : ૨ | |
|---|---|---|---|
| (૧) પુનઃ સ્મરણ, ગીત<br>(૨) ભારતીય સ્ત્રીનું સ્વરૂપ | વિરામ | ગીત<br>(૧) સ્ત્રી અને અત્યાચાર<br>(૨) અત્યાચારના પ્રકાર | કાનમાં વાત કહેવાની |

દિવસ-૨, ૩ અને ૪ ની શરૂઆતમાં એક કલાક જેટલો સમય પુનઃ સ્મરણ માટે ફાળવવામાં આવે છે. આગલે દિવસે જે કંઈ વાત થઈ હોય તેમાંથી કોઈ પણ એક કે બે મુદ્દા દરેક જણ યાદ કરીને કહે એવો આગ્રહ રાખવામાં આવે છે. પહેલે દિવસે કહેવામાં આવ્યું હોય છે કે આજે જે વાતો થાય છે તે ધ્યાનથી સાંભળજો કેમ કે બીજે દિવસે તમારે યાદ રાખીને કહેવાની છે. શરૂઆતમાં બહેનો બોલવાની આનાકાની કરે એવું બને છે. પણ બોલ્યા વિના ચાલવાનું નથી એમ સ્પષ્ટ થઈ જાય એટલે બહેનો બોલે છે. શરૂઆતમાં એક બહેન બોલે તેની પછીની ચાર, પાંચ બહેનો ફરીથી બોલે એવું પણ બને. પરંતુ નવા મુદ્દા કહો એવો આગ્રહ રાખવામાં આવે ત્યારે સંભારીને બીજી વાતો કહેતાં હોય છે. ક્યારેક પરસ્પરને કહેતાં સાંભળવાં મળતાં હોય છે કે, પેલી વાત તું ન કહેતી, મારે કહેવાની છે. કોઈક મુદ્દો અસ્પર્શ્ય રહી જાય તો સંચાલક થોડુંક સૂચન કરીને તે કઢાવી લે છે. આ પુનઃ સ્મરણનો સમય અમને ઉપયોગી જણાયો છે કેમ કે તેમ કરવાથી બહેનો બધી વાતો ધ્યાનપૂર્વક સાંભળે છે. તેઓ જ્યારે એની એ જ વાતો કરે ત્યારે તેમાં તેમનું દૃષ્ટિબિંદુ જાણ્યે-અજાણ્યે પણ ઉમેરાતું હોય છે. તેમના મનમાં આથી શું બરોબર બેઠું અને શું નહીં તેના સંકેત મળી રહે છે. જાહેરમાં બેસીને બોલવાનો બહેનોને ખૂબ સંકોચ હોય છે, તેમાંથી બહાર આવીને થોડું બોલતાં થાય તેવો આશય પણ ખરો. પહેલે દિવસે બે રમત રમ્યા હોય એટલે સંકોચ ઓછો થયો હોય છે. બીજે દિવસે પુનઃ સ્મરણમાં બોલવાની હિંમત કરે છે અને ત્રીજા દિવસે આનાકાની અને આગ્રહમાં સમય વીતાવવો પડતો નથી.

સરખી સાહેલી અમે સાથ સાથ ઘૂમશું
શેરીમાં સાદ કરી કહીશું રે લોલ
કેટલા જમાનાથી વેઠી છે વેદના
આવડો જુલમ નહીં સહીશું રે લોલ...
ઘર ખૂણે કેદ કર્યાં ઘરકૂકડી નામ દીધાં
નીકળ્યાં જો બહાર ત્યારે, પળ પળ બદનામ કીધાં
એવાં અપમાન નહી પીશું રે લોલ... સરખી સાહેલી

કુળની મર્યાદા ને ધર્મોની જાળમાં
રૂઢિ - રિવાજ અને ઘરની જંજાળમાં
કેટલા દિવસ હવે રહીશું રે લોલ... સરખી સાહેલી

આપણાં દુઃખોને હવે આપણે જ ફેડવા
ટક્કર ઝીલવી છે હવે આંસુ ન રેડવાં
વજ્જર હૈયાના અમે થઈશું રે લોલ.... સરખી સાહેલી

સાથે મળીને અમે શમણાં ઉછેરશું
સદીઓ પુરાણા આ બંધનને તોડશું
ખળખળતી નદીઓ થઈ વહીશું રે લોલ... સરખી સાહેલી

- સરૂપ ધ્રુવ

ક્યારેક એવું બને છે કે કોઈક બહેન આ સમયે બોલવાની બિલકુલ ના પાડે છે. અહીં આવો એટલે આટલું તો બોલવું જ પડે તેવા શિબિર-સંચાલિકાના આગ્રહને માને નહીં તે બહેનને શિબિર છોડી જવાનું કહેવામાં આવે છે કે એ બહેન જાતે જ શિબિર છોડી જાય છે. જો કે અત્યાર સુધીમાં 'અવાજ'ના અનુભવને આધારે કરી શકાય કે બહુ ઓછી બહેનો આ રીતે શિબિર છોડીને જતી રહી હોય તેવું બન્યું છે. એક માજી હતાં. તે પરાણે શિબિરમાં આવેલાં. એક દિવસ બેઠાં તે દરમ્યાન ખૂબ બડબડાટ પણ કરેલો. તેમણે બીજે દિવસે બોલવાની ના પાડી દીધી અને પછી શિબિર છોડી જતાં રહ્યાં હતાં. સામાન્ય રીતે જેણે સાંભળવામાં રસ ન લીધો હોય તે બોલી શકે નહીં તેથી તે જતાં રહે તેનો કોઈ ઉદ્વેગ કરવો એ જરૂરી નથી.

પુનઃ સ્મરણની પ્રક્રિયા ક્યારેક વધુ સમય લે, ક્યારેક ઓછો. દરેકનો વારો આવી જાય એટલે ચર્ચાનો વિષય શરૂ થાય. આયોજન કરતી વખતે પુનઃ સ્મરણ માટે દોઢ કલાક જેટલો સમય ફાળવાય છે પણ દોઢ કલાક પૂરો જ કરવો એવો આગ્રહ રાખવાની જરૂર હોતી નથી. બીજે દિવસે પુનઃ સ્મરણ પછી એક ગીત ગાવામાં આવે છે ત્યાર પછી ભારતીય સ્ત્રીના સ્વરૂપની ચર્ચા કરવામાં આવે છે.

## ભારતીય સ્ત્રીનું સ્વરૂપ

આ ચર્ચા માટે છ ચિત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. દરેક ચિત્ર કાપડ પર રેખાંકિત કર્યું હોય છે. તે બહેનોને ગોળ ફરીને નજીકથી બતાવવામાં આવે છે. જોઈ લીધા પછી તે ચિત્ર શું છે અને તે દ્વારા શું સૂચવાય છે તેવા પ્રશ્નો પૂછીએ છીએ. બહેનો પોતાને સમજાય તેવા જવાબો આપે પછી તેમને ઉદાહરણો, આંકડા, કાયદા વગેરે વિગતો કહીને તે ચિત્રોની પાછળ રહેલી વિચારણા સ્પષ્ટ કરવામાં આવે છે.


પહેલું ચિત્ર ભારતીય સ્ત્રીની આજની સ્થિતિ દર્શાવે છે, તે ઘૂંટણિયે પડીને બેઠી છે, તેની આંખો બંધ છે અને તે પાંચ જાળામાં ઘેરાયેલી છે. આ જાળાં આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજકીય અને

કાયદાકીય છે. સ્ત્રી માત્ર આ જાળાંમાં કેવી રીતે ફસાઈ છે તે પહેલાં શિબિરાર્થીઓને સવાલો પૂછીને તેમની પાસેથી કઢાવવામાં આવે છે. પછી તેની પૂર્તિ કરવામાં આવે છે. દરેક 'જાળા'માં ફસાયેલી સ્ત્રીઓનાં ઉદાહરણો, જેમ "વિશ્વના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રી"ની ચર્ચા કરી એ રીતે ભારતીય સ્ત્રીના સ્વરૂપની સમજૂતી આપવામાં આવે છે. જેમ જેમ શિબિરાર્થીઓના ચિત્તમાં સ્ત્રી તરફના અન્યાય સ્પષ્ટ થવા માંડે છે તેમ તેમ તેઓ પણ પોતાના અનુભવ કહે છે.

બીજું ચિત્ર ગામડામાં વસતી સ્ત્રીઓની દિનચર્યાનું છે. ત્રીજું ચિત્ર શહેરમાં વસતી સ્ત્રીઓની દિનચર્યાનું છે. સવારથી સાંજ સુધી વિવિધ કાર્યોમાં વ્યસ્ત રહેતી સ્ત્રીનાં કાર્યો ગોળ ફરતાં બતાવાયાં છે અને વચ્ચે એક પુરુષ (ગામડાનો ચલમ પીતો અને શહેરનો પુસ્તક વાંચતો) બતાવાયો છે. પુરુષની ફરતે એક પ્રશ્નચિહ્ન છે. ગામડાની અને શહેરની સ્ત્રીની દિનચર્યામાં એક ફેર દેખાય છે તે એટલો કે શહેરની સ્ત્રી ભણેલી છે અને પોતાનાં બાળકો ભણાવવાની તેની જવાબદારી વધે છે. દિવસને અંતે બન્ને માર ખાતાં હોય. આ બધું જોઈ રહેવાય પછી પુનઃ સવાલો અને પૂર્તિ કરીએ છીએ. ગઈકાલે આપણે આખી દુનિયામાં સ્ત્રીઓનું સ્થાન ક્યાં છે તેની વાત કરી. આજે આપણે ભારતની સ્ત્રીનું સ્વરૂપ કેવું છે તેની ચર્ચા કરવાના છીએ.

**'નરી સહનશીલતા' એ સદ્‌ગુણ નથી.**

**૧. જાળાનું ચિત્ર**




સ્ત્રી પાંચ જાળામાં ફસાયેલી છે. જાળાં એટલે બંધન. એવા ક્યા ક્યા પ્રકારનાં બંધન હોઈ શકે તે આપણે વિચારીએ. પાંચ જાળાં નીચે મુજબ છે.

**કઃ** સામાજિક જાળું
**ખઃ** આર્થિક જાળું
**ગઃ** ધાર્મિક જાળું
**ઘઃ** રાજકીય જાળું
**ચઃ** કાયદાકીય જાળું.

હવે આપણે આની વિગતે ચર્ચા કરીએ.

## સામાજિક જાળું

**લાજપ્રથા :** શા માટે લાજ કાઢો ? મર્યાદા રાખવા માટે. આપણે વિચારીએ કે આપણા વડીલોને પૂછીએ તો એવું કહે કે વર્ષોથી આ રિવાજ ચાલતો આવ્યો છે તે એમ ને એમ ચાલે છે. પણ કોઈએ એવું વિચાર્યું નથી કે લાજ વળી શા માટે ? સ્ત્રીઓને જ લાજ કાઢવાની હોય છે તો શું મર્યાદા ફક્ત સ્ત્રીઓએ જ રાખવાની ? પુરુષો તેમના સાસરે જાય ત્યારે શું તેઓ લાજ કાઢે છે ? નહીં જ ને અથવા એવો કોઈ નિયમ એમને કેમ લાગુ પડતો નથી ? ઘણાં એવું પણ માનતા હોય છે કે પરપુરુષની નજર ના પડે એટલે લાજ કાઢવાની. તો આમાં નજર ખરાબ પુરુષની; પણ લાજ કાઢી મોઢું સ્ત્રીએ કેમ ઢાંકવાનું ?... પુરુષની નજર ખરાબ હોય તો એણે એનું મોઢું કેમ નહીં ઢાંકવાનું ? મર્યાદા રાખવા માટે લાજ કાઢવી જોઈએ એમ કહે છે. કોઈ સ્ત્રી લાજ કાઢે છે પણ સસરા પાણી માગે ત્યારે છણકો કરીને પાણી આપે છે. બીજી લાજ નથી કાઢતી પણ સસરાને વિવેકપૂર્વક પાણી આપે છે. લાજની ક્યાં જરૂર છે ? મર્યાદા-વિવેક લાજ વિના પણ સચવાય છે.

ધારો કે કોઈ સ્ત્રી વિધવા છે કે પરણેલી છે તે કેવી રીતે ખબર પડે ? તેનાં ચોક્કસ નિશાન છે. જેમ કે બંગડી, ચાંદલો, મંગળસૂત્ર વગેરે. જ્યારે વિધવા હોય ત્યારે ન કરાય તેમજ સફેદ કપડાં હોય. જ્યારે કોઈ પુરુષ પરણેલો છે કે વિધુર છે તે ક્યારેય ખબર નહિ પડે. કેમ ? એમના માટે કોઈ એવો નિયમ છે કે વિધુર હોય તેણે અડધી બાંયનું જ શર્ટ પહેરવું ? શું બધા નીતિનિયમો સ્ત્રીને જ લાગુ પડે છે ?

ઘણાનું કહેવું એવું છે કે સમાજ શું કહેશે ? ઘરનાને બહુ વાંધો ના હોય તો પણ સમાજની બીકે પરિવર્તન લાવતાં અચકાતા હોય છે. આ માટે ઉદાહરણ તરીકે બાપ-દીકરો-ટટ્ટુથી સમજાવી શકાય.

પહેલાંના જમાનામાં હાથે દળવાનું હતું ત્યારે સ્ત્રીઓ આ કામ કરતી. પરંતુ જ્યારે સ્વીચ દબાવવાની આવી ત્યારે એ કામ પુરુષોએ લઈ લીધું. ઘરનું, સીવવાનું, સાંધવાનું કામ હોય તો એ સ્ત્રીએ જ કરવાનું, પણ દરજીનું કામ મોટે ભાગે પુરુષો જ કરે. એટલે જેમાં પૈસા મળે તે કામ પુરુષોએ લઈ લીધું.

બધા નીતિ-નીયમો સ્ત્રીને જ લાગુ પડે છે. સરખે સરખાં હોય ને જુવાનીમાં કાંઈ ભૂલ પણ થઈ જાય, છોકરીને ભોળવી નાખી હોય. ભૂલ બંનેની હોય પણ તેનું પરિણામ સ્ત્રીએ જ ભોગવવું પડે છે. વડીલો પણ છોકરીને લડે. તેને જીવવું ભારે પડી જાય. જ્યારે છોકરો છૂટો ફરે. સહેવાનું બધું સ્ત્રીને જ આવે છે.

## આર્થિક જાળું

સ્ત્રી જે કાંઈ કમાતી હોય તે બધું જ ઘરમાં ખર્ચ કરી નાખે. પોતાના માટે કંઈક લેવાનું વિચારી રહી હોય અને જો પૈસા ઓછા હોય તો તે ચલાવી લેશે અને એ પૈસો ઘરમાં વાપરશે. પણ પતિ જે કમાશે તેમાંથી પોતાની ખિસ્સાખર્ચી કાઢી લેશે, પછી જ ઘરમાં પૈસા આપશે.

બહેનને ચંપલ લેવાના નક્કી કર્યા હોય અને ઘરમાં પૈસા ખૂટતા હોય તો તે વસ્તુ લેવા માટે આપશે. આ ઉપરાંત સ્ત્રી અને પુરુષના સરખા કામ માટે સ્ત્રી ફક્ત સ્ત્રી છે એ કારણસર જ એને ઓછું વળતર મળે છે. અમુક કામોનું વળતર મળતું જ નથી. જેમકે દૂધ ઉત્પાદક સ્ત્રી છે, પણ તેની તેને ખબર નથી.

## ધાર્મિક જાળું

રામાયણની વાતથી તો તમે સૌ પરિચિત હશો. રામના રાજ્યાભિષેકની તૈયારી ચાલતી હતી ત્યારે ઈન્દ્રને ચિંતા થઈ કે રામ જો ગાદી ઉપર બેસી જશે તો પછી વનમાં નહિ જાય અને તો પછી રાક્ષસોનો નાશ કોણ કરશે ? એટલે એ વિષ્ણુ પાસે ગયા અને રામગાદી ઉપર ન બેસે એવું કરવા કહ્યું. વિષ્ણુ સરસ્વતીદેવી પાસે ગયા અને તેમને વિનંતી કરી કે કંઈક એવું કરો કે જેથી રામ ગાદી ઉપર ન બેસે. સરસ્વતી મંથરાની જીભ ઉપર બેઠાં અને કૈકેયીને ચડાવી અને દશરથ રાજા પાસે રામને વનવાસ મોકલવાનું વચન માંગ્યું. આમ રામને વનવાસ મોકલવા પાછળ જવાબદાર ઈન્દ્ર, પરંતુ નામ કોનું બદનામ થયું - એક સ્ત્રી કૈકેયીનું તેમજ મંથરાનું.

એક પ્રશ્ન શિબિરાર્થીઓને છે કે માસિક દરમ્યાન પાળવામાં માનો છો ?

કેમ પાળવું જોઈએ ? પહેલાના જમાનામાં એવું હતું કે સ્ત્રીને આરામ મળે એટલે માસિક દરમ્યાન પાળવામાં આવતું હતું એવી માન્યતા હતી. પણ સ્ત્રીને આ દિવસો દરમ્યાન આરામ મળે છે ખરો ? રસોઈ અને પાણી સિવાયનાં બીજાં બધાં કામ તેને સોંપવામાં આવે છે. આ દિવસોમાં વધારાનું બીજું ઘણું કામ કાઢવામાં આવતું હોય છે. માસિક દરમ્યાન અથાણાં - પાપડ ના બનાવાય કારણ કે બગડી જાય એવું ઘણાં બધાં માનતાં હોય છે પણ એવું નથી. આને લગતો પ્રયોગ પણ થયેલો છે. એકસરખો મસાલો નાંખેલો પાપડ માટેનો લોટ તૈયાર કરીને અડધો લોટ માસિકવાળી બહેનોને આપ્યો અને અડધો લોટ માસિકમાં ન હતી એવી બહેનોને આપ્યો. બંને ગ્રુપમાં જે પાપડ બન્યા તેમાં એકપણ પાપડ બગડ્યો નહિં.

અથાણાં ક્યારે બગડે, જો તેમાં મીઠું કે તેલ ઓછું હોય તો ચોક્કસ બગડે. જો પાપડમાં ખારો વધારે પડી ગયેલ હોય તો પાપડ લાલ પણ થઈ જાય. એટલે તેનું કારણ એવું નહીં કે માસિક દરમ્યાન બનાવેલ તેથી બગડી ગયા.

માસિક એ કુદરતી પ્રક્રિયા છે. તેને અને અથાણાં-પાપડના બગડવાને કાંઈ લાગતું-વળગતું નથી.

ધાર્મિક આખ્યાન કે ધાર્મિક ચોપડીઓમાં દર્શાવેલા વ્રત ઉપવાસ કરવાનાં હોય છે, પણ તે સ્ત્રીઓને જ કરવાનાં એવું સૂચવાયું હોય છે. નાનપણથી જ છોકરી ગૌરીવ્રત, જયાપાર્વતીનું વ્રત સારો વર મેળવવા માટે કરે છે. લગ્ન પછી પતિના આયુષ્ય અને સુખાકારી માટે અનેક જાતનાં વ્રત કરે છે અને ભૂખી રહી તેનું પોતાનું સ્વાસ્થ્ય બગાડે છે. પણ કયાંય એવું સાંભળ્યું છે કે પત્નીના દીર્ઘ-આયુષ્ય માટે કે સુખાકારી માટે પતિ ભૂખ્યો રહ્યો હોય ?

લગ્ન પછી કોઈ ઘર્મગુરુ કે ઘરના વડીલ આશીર્વાદ આપે તો અખંડ સૌભાગ્યવતી ભવ એવા આશિષ આપે છે. એટલે અંતમાં તો એક સ્ત્રીએ પતિ માટે જ બધું કરવું જરૂરી હોવાનું કહેવામાં આવે છે. આ બધું થવાનું કારણ એ જ છે કે ધાર્મિક શાસ્ત્રોની રચના પુરુષપ્રધાન વિચારધારામાં માન્યતા ધરાવનારા પુરુષોએ કરી છે.

## કાયદાનું જાળું

બહેનો માટે ઘણા કાયદા બન્યા છે. પણ મોટા ભાગની બહેનોને એની ખબર જ નથી અથવા તો તેને અજાણ રાખવામાં આવે છે. વારસા હક્કનો કાયદો બન્યાને ઘણો સમય થઈ ગયો છે પણ બહેનોને એની

ખબર નથી, અને જે બહેનોને ખબર છે એ બહેનો ભાઈ આગળથી હક્ક માગતાં શરમ-સંકોચ અને સમાજની બીક અનુભવે છે. બાકી આ કાયદા પ્રમાણે પિતાની મિલકતમાંથી છોકરા-છોકરીને સરખો હિસ્સો મળે છે.

૪૯૮-એ કાયદા મુજબ પરણ્યા પછીનાં સાત વર્ષની અંદર સ્ત્રીનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યું થાય તો તે બનાવના સમયે હાજર રહેલાની ધરપકડ થાય છે. પણ આવા કેસમાં ફરિયાદ બહુ ઓછી નોંધાવાય છે.

બળાત્કારના કાયદામાં એ સુધારો થયો છે કે હવે બળાત્કાર કરનાર પુરુષે પોતાની જાતને નિર્દોષ સાબિત કરવાની હોય છે.

## રાજકીય જાળું

૧૮ વર્ષની ઉપરની સ્ત્રીઓને મતાધિકાર હોવા છતાં બહેનો સ્વતંત્ર રીતે મત આપી શકતી નથી. તેણીને તેના ભાઈ-બાપ કે પતિની ઈચ્છિત વ્યક્તિને જ મત અપવો પડે છે. એ બુથમાં એકલી હોવા છતાં પણ તેનામાં એટલી નૈતિક હિંમત કેળવવામાં નથી આવી કે તે પોતાની મનપસંદ રાજકીય વ્યક્તિને મત આપે.


ચૂંટણીના સમયે પ્રચારના સમયે બોદાં અને ખોટાં વચનોની ભેટ સ્ત્રીઓને મળે છે જ્યારે પુરુષને ચૂંટણીમાં ઊભી રહેનાર વ્યક્તિ તરફથી ચા-નાસ્તો-દારૂની ભેટ મળે છે. આ રીતે પણ સ્ત્રીનું શોષણ થાય છે અને તેને ભોળવી તેના મત મેળવાય છે. અર્થાત્ સ્ત્રીને ચા, નાસ્તો, દારૂ નથી જોઈતો, પણ તેની શું માંગણી છે તે જાણવાની ભાગ્યે જ કોઈને પડી છે.

## ગામડાની સ્ત્રીનું જીવન




ગામડાની સ્ત્રીની આખા દિવસની દિનચર્યા દર્શાવે છે કે સ્ત્રી અનેક જાતનાં કાર્ય કરે છે. પાણી ભરે છે, રસોઈ બનાવે છે, બાળકની સંભાળ રાખે છે, ખેતરનાં કામ કરે છે, પરંતુ અંતમાં સ્ત્રીને માર પડે છે. સ્ત્રીના કામની કદર નથી થતી. પુરુષ નિરાંતે બેસીને હુક્કો પીયે છે. સ્ત્રીને ઘરકામ ઉપરાંત ખેતરનું કામ પણ રહે છે. બેવડી જવાબદારી સંભાળવાની હોય છે. જ્યારે ગામડાના પુરુષને ખેતરના કામ સિવાય બીજું કામ સંભાળવાનું હોતું નથી. સ્ત્રી, ઘરકામ, ખેતીકામ અને બાળઉછેરના કામ કરતી હોવા છતાં એની કદર નથી અને એને માનસિક તેમજ શારીરિક ત્રાસ સહન કરવો પડે છે. આ ચિત્રમાં એક પ્રશ્નાર્થ ચિહ્ન પણ છે કે આવું કેમ?

## શહેરી સ્ત્રીનું જીવન



મોટાભાગની ગામડાંની બહેનો એવું માનતી હોય છે કે શહેરી સ્ત્રીનું જીવન સુખી છે પણ વાસ્તવમાં એવું નથી, કામના પ્રકાર બદલાય છે. કામ તો રહે જ છે. આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે શહેરી સ્ત્રી પણ ઘરનાં કામ રસોઈ, સાફસૂફી, બાળઉછેર કરે જ છે. ગામડાંની સ્ત્રી ખેતરમાં જઈ કામ કરે છે. તો શહેરી સ્ત્રી નોકરી કરે છે. પગારના પૈસા પતિને આપી દેવા પડે છે, ગામડાંની સ્ત્રીને સીમમાં બળતણ એકઠું કરવા જવું પડે છે તો શહેરની સ્ત્રીને શહેરની કેરોસીન કે ગેસની લાઈનમાં ઊભા રહેવું પડે છે. શહેર અને ગામડાંની બહેનોને એક સરખું કામ કરવું પડે છે અને અંત પણ સરખો છે. અંતમાં બન્નેને માર પડે છે. શહેરી ભણેલો-ગણેલો પુરુષ શારીરિક ત્રાસ કદાચ ઓછો આપે તો પણ માનસિક ત્રાસ મહેણાં-ટોણાંના રૂપે આપતો હોય છે. બન્ને ચિત્રમાં એક બાબતે સમાનતા છે કે પુરુષ નિરાંતે બેઠો છે. આ ઉપરાંત એક સામ્ય એ પણ છે કે બન્ને ચિત્રમાં પ્રશ્નાર્થ ચિહ્ન છે કે આવું કેમ ?

## ત્રેવડો બોજો



આ ચિત્રમાં સ્ત્રીને એક સાથે ત્રણ કામ કરતી બતાવી છે. રસોઈ કરે છે, બાળકને હિંચકો નાખે છે અને કચરો કાઢે છે. વચમાં પતિદેવ આરામથી છાપું વાંચે છે. પતિ ધારે તો ઘોડિયાની દોરી ખેંચીને બાળકને સુવડાવે તો કંઈ વાંધો ન આવે. પણ તેમાં એ નાનમ અનુભવે છે. ચિત્રમાંની બહેન તો એક સાથે ત્રણ કામ કરે છે. પરંતુ ઘણીવાર આપણા સૌનો અનુભવ છે કે બહેનો એક સાથે ઘણાં કામ પણ કરતી હોય છે.


## શિક્ષણ



આ ચિત્રમાં ૯ છોકરા ભણે છે ત્યારે એક છોકરી ભણે છે. છોકરીને ઓછી જ ભણાવવામાં આવે છે. અને બહેનોનું પુરુષ કરતાં પાછળ રહી જવાનું મોટામાં મોટું કારણ પણ આ જ છે.મા-બાપ દીકરો મોટો થઈ કમાઈ આપશે એ લાલચે જ વધારે ભણાવે છે. દીકરી તો પારકે ઘેર જતી રહેશે. તેને કયાં નોકરી કરવી છે ? ભણે તો તેટલું ભણેલો વર ન મળે.

ચિત્રના બીજા ભાગમાં મોટી બહેન નાના ભાઈને નિશાળે જવા તૈયાર કરે છે અને બીજા નાના ભાઈને કેડે તેડ્યો છે. બીજા ચિત્રમાં નાનો ભાઈ ભણે છે. અને મોટીબહેન તેને પાણી આપે છે. આવું તો ઘણાં ઘરમાં બને જ છે. મોટી બહેન હોંશિયાર હોય તો પણ તેને ભણવાથી ઉઠાડી મૂકવામાં આવે છે. ભાઈ ડફોળ હોય તો પણ તેને ભણાવે છે. માતા પણ ઘેર મહેમાન આવ્યા હોય અને દીકરી વાંચતી હોય તો પણ એને જ ચા માટે ઉઠાડે છે, બહેનને પરીક્ષા હોય તો પણ ભાઈને ચા મૂકવાનું કહી શકતી નથી.

## મુક્ત સ્ત્રીનું ચિત્ર



આ ચિત્રમાં સ્ત્રી જાળામાંથી મુક્ત થઈ ગઈ છે. આ ચિત્રની સ્ત્રીનું મોઢું હસતું છે. પહેલા ચિત્રની સ્ત્રીનું મોઢું ઉદાસ હતું. પ્રથમ ચિત્રની સ્ત્રીની આંખો બંધ હતી. આ ચિત્રની સ્ત્રીની આંખો ખૂલી છે. પ્રથમ ચિત્રની સ્ત્રીના હાથ બાંધેલા હતા, જ્યારે આ સ્ત્રીના હાથ છૂટા છે. પ્રથમ ચિત્રની સ્ત્રીના પગ વળેલા હતા જ્યારે આ સ્ત્રીના પગ છૂટા અને ચાલવાની તૈયારી કરે છે.

બીજા ચિત્રમાં જે મુક્ત સ્ત્રી છે એવું જો બનવું હશે તો પ્રથમ વિચારવું પડશે, બોલવું પડશે અને આગળ વધવા માટે કંઈક કરવું પડશે. મુક્ત થયેલી સ્ત્રીએ પહેલાં આંખ ખોલી પછી વિચારવાનું શરૂ કર્યું. વિચારો શરૂ થયા એટલે પોતાની સ્થિતિ વિષે સભાન થઈ અને આગળ વધવાનું ચાલુ કર્યું.

આપણે આગળ વધવું હશે તો સૌ પ્રથમ વિચારવાનું શરૂ કરવું પડશે. કંઈક વિચારીશું તો જ અત્યારે જે પરિસ્થિતિમાં છીએ એમાંથી બહાર નીકળી શકીશું. બહાર નીકળવા માટે આપણે જાત વિષે સભાન થઈ આપણા હક્ક મેળવવા બોલવું પડશે.

## સ્ત્રી અને અત્યાચાર

સ્ત્રી અને અત્યાચાર અંગે વાત કરીએ એ પહેલાં સાથે મળીને એક ગીત ગાઈશું.

આપણા દેશમાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓની ઓછી સંખ્યા જોવા મળે છે. ૨૦૦૧માં સમગ્ર દેશમાં દર ૧૦૦૦ પુરુષોએ ૯૩૩ સ્ત્રીઓ અને ગુજરાતમાં ૯૧૯ સ્ત્રીઓ હતી. જે પ્રમાણ ૨૦૧૧માં અનુક્રમે ૯૪૦ અને ૯૧૮ થયું. ૦ થી ૬ વર્ષનાં સ્ત્રી બાળકોનું પ્રમાણ જોઈએ તો ૨૦૦૧માં સમગ્ર દેશમાં પ્રતિ હજારે ૯૨૮ સ્ત્રી બાળકો હતાં

દીકરો વ્હાલો, દીકરી નહીં?
હું પૂછું છું કેમ, કેમ રે ભાઈ, હું પૂછું છું કેમ?
સદીઓ જૂનો ભેદ રાખીશું આપણે એમનો એમ?
કેમ? હું પૂછું છું કેમ?
એક જમાનો એવો દીકરી દૂધ પીતી થૈ જાતી
આજે જનમ પ્હેલાં માના પેટમાં એ ગૂંગળાતી
કેમ? હું પૂછું છું કેમ?
દીકરો જનમે પેંડા વહેંચો, દીકરી હોય જલેબી
માને ભોઠંપ, બાપને માટે દીકરી બોજ જેવી
કેમ? હું પૂછું છું કેમ?
દીકરો રમે ગેડી દડે, દીકરીને ઘરકામ
દીકરો ભણી ઘર ઉજાળે, દીકરી પારકે ઠામ
કેમ? હું પૂછું છું કેમ?
સાપનો ભારો, પારકી થાપણ, દીકરી ગરીબ ગાય,
એનાં ઝાઝાં જતન શાનાં? દોરો ત્યાં એ જાય
કેમ? હું પૂછું છું કેમ?
જેવાં માનાં, એવા બાપનાં, છૈયાં સરખા બેનાં
તોય માને માથે એનાં વૈતરાં આટલા શેનાં?
કેમ? હું પૂછું છું કેમ?
સરખી કરે મહેનત બંને, સંગમાં કરે કામ,
એકને મળે ઝાઝું વેતન, એકને છે કમ દામ
કેમ? હું પૂછું છું કેમ?
ઔરત-મરદ એક ગાડીના પૈડાં બે કહેવાય,
એક ઊંચું ને એક છે નીચું, કેમ કરી ચલાય?
કેમ? હું પૂછું છું કેમ?
જીવતર સૌને માટે સરખું, સુખદુઃખ સૌનાં સરખાં,
મરદ માણે જીવન, અસ્ત્રી વેઠે દુખડાં સઘળાં,
કેમ? હું પૂછું છું કેમ?

- સરૂપ ધ્રુવ

અને ગુજરાતમાં ૮૮૩ સ્ત્રી બાળકો હતાં. જ્યારે ૨૦૧૧માં સમગ્ર દેશમાં સ્ત્રી બાળકો ૯૧૪ હતાં અને ગુજરાતમાં બેટી બચાઓ આંદોલનો થવા છતાં સ્ત્રી બાળકો ૮૮૬ હતાં. કરુણા એ છે કે ૧૪ થી ૨૫ વર્ષની અંદર સ્ત્રીઓના મૃત્યુનું પ્રમાણ વધારે છે. તેના પરિણામે પુરુષોની સંખ્યાની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે, કેમ કે આ વય જૂથોમાં સ્ત્રીઓનું મરવાનું પ્રમાણ વધારે છે !

**(Source : સેન્સસ ઑફ ઈન્ડિયા - વસતિ ગણતરી, ગુજરાત-૨૦૧૧)**

**આ વાત સમજતાં પહેલાં આપણે એક બીજી વાત સમજીએ -**

પહેલાના જમાનામાં દીકરીનો જન્મ થતો કે તરત જ રજપૂતોમાં તેને દૂધપીતી કરવાનો રિવાજ હતો જ્યારે અત્યારે તો દીકરીને જન્મતાં પહેલાં ગર્ભમાં જ મારી નાખવામાં આવે છે. આ તો તેનાથી પણ ખરાબ. એમ્નીથોસેન્ટન્સીસ ટેસ્ટ કરાવી જો દીકરીનો ગર્ભ હોય તો તેનો ગર્ભપાત કરાવી નાખે છે કે ગર્ભવતી સ્ત્રી પર દબાણ લાવી ગર્ભપાત કરાવવાની ફરજ પાડવામાં આવે છે. આમાં પણ શરીર સ્ત્રીનું, પણ તેના અંગેના નિર્ણયો લેવાનો અધિકાર સ્ત્રીનો છે ખરો ?

હવે વિચારો કે જો આવું થાય- બધાને દીકરાઓ જ જોઈએ. કોઈને દીકરી ના જોઈએ, તો શું થશે ? એક વખત એવો આવશે કે સંસાર સ્ત્રી વગરનો થઈ જશે. તો શું સંસાર આગળ ચાલશે ખરો ? અને જો સ્ત્રીઓની સંખ્યા માની લો કે થોડે ઘણે અંશે રહેશે તો અત્યારે સ્ત્રીઓ ઉપર આટલો ત્રાસ થાય છે તો તેમાં કેટલો વધારો થશે ?

હવે માની લો કે દીકરીનો જન્મ થઈ પણ ગયો અને પછી તેની ખબર પૂછવા જનારા લોકો શું વાતો કરતા હોય છે ? મોટે ભાગે લેણિયાત આવી પથરો આવ્યો. એવું કહેવામાં આવે છે. હા ઘણાં પહેલી દીકરી વખતે લક્ષ્મી આવીના શબ્દથી પણ નવાજતાં હોય છે.

ધારો કે ઘરમાં એક દીકરો અને એક દીકરી હોય, તેમની ઉંમરમાં બહુ ફેર ના હોય અને નીચેના પ્રસંગો વખતે મોટેભાગે શું કરવામાં આવે છે. દા.ત.ખાવાની વસ્તુ જે દીકરો અને દીકરી બંનેને ભાવતી હોય અને વસ્તુ થોડી હોય તો કોને પહેલાં આપવામાં આવશે ? દીકરાને જ ને !

- ભણવાની બાબતમાં પણ દીકરીને અમુક ધોરણ સુધી ભણાવવામાં આવશે, પણ દીકરાને એ ઈચ્છે ત્યાં સુધી ભણાવશે.
- દીકરો જો માંદો પડ્યો હોય તો તરત જ દવાખાને લઈ જશે જ્યારે દીકરી માંદી પડી હોય તો ઘરગથ્થુ ઉપચારો થાય અને માંદગી બહુ જ થાય ત્યારે દવાખાને લઈ જવાય.

બધાં એમ જ કહેશે કે અમારી દીકરી અમને તો અળખામણી હોય જ નહીં ને ! પણ જાણવા છતાં આપણે સૌ દીકરીને કેટલો અન્યાય કરીએ છીએ તે વિચારીએ. ૦થી ૪ વર્ષની અંદર દીકરીઓને મરવાનું પ્રમાણ દીકરાઓની સરખામણીમાં વધારે છે, એ પોષણ અને ઉછેરમાં ભેદભાવનું પરિણામ છે. આપણે એવું કેમ ના વિચારી શકીએ કે દીકરી પણ માણસ છે, તેને પણ પૂરતું પોષણ જોઈએ, યોગ્ય સારવાર જોઈએ અને દીકરીને અમુક ઉંમર પછી ના ભણાવવાનું કારણ શું ? તેને ભણીને ક્યાં કમાવા જવાનું છે. તો શું દીકરો ભણીને મા-બાપને સુખ આપે જ છે! મા-બાપ એમ સમજતા હોય છે. એમનો સ્વાર્થ પણ હોય છે, કે દીકરો ઘડપણની લાકડી બનશે, પણ એ આશા મોટે ભાગે ઠગારી જ નીવડતી હોય છે,ઊલટું દીકરી મા-બાપનું વધારે ધ્યાન રાખતી હોય છે.

દીકરીને ભણાવવાથી તેમનું જીવન તો સુધરે પણ તેના પછીની પેઢીનો ઉછેર પણ તે સારી રીતે કરી શકે અને તેની સમજશક્તિનો પણ વિકાસ થાય. અને ધારો કે ભવિષ્યમાં તેના ઉપર કોઈ મુશ્કેલી આવી, આપણે એવું ઈચ્છીએ કે બધાંનું જીવન સારી રીતે ચાલે પણ એ કાંઈ આપણા એકલાના હાથની વાત નથી અને જીવનમાં મુશ્કેલીઓ તો આવે જ. ત્યારે જો દીકરી ભણી હોય તો તેનો રસ્તો વિચારી શકે, મૂંઝાઈને બેસી ના રહે.

દીકરી સમાજની અપેક્ષા કરતાં થોડી વધારે મોટી - ઉંમરલાયક હોય ત્યારે તેના લગ્નમાં દીકરીની પસંદગી મોટે ભાગે પુછાતી નથી.

અમદાવાદનાં એક બહેન, તેમને સૌરાષ્ટ્રમાં પરણાવેલાં. તેમના પતિનું નામ અંગ્રેજી એચથી શરૂ થાય. આપણે તેને હિંમતલાલ કહીશું. હિંમતલાલ એ બહેનને આકડાના ડામ અપાવડાવતા હતા. બહેનને કેટલા ડામ આપ્યા હશે તેની કલ્પના કરી શકો છો ? ૨૩ ડામ. શરૂઆતમાં તો શરીરના અંદરના નાજુક ભાગો પર ડામ આપતા જેથી બીજાને ખબર પણ ના પડે. પણ પછી ધીમે ધીમે હાથે-પગે બધે બહાર દેખાય ત્યાં ડામ આપ્યા તેથી લોકો તો પૂછે જ ને કે બહેન તમને આ શું થયું ? આ ડામ આપતા હતા ત્યારે એ બહેને બચાવ માટે કોઈ પ્રયત્ન કેમ નહીં કર્યો હોય. તેવું આપણને લાગે. પણ આ બહેનને ડામ આપે ત્યારે બહેનનો અવાજ (બૂમ) બહાર ના સંભળાય એ માટે મોટેથી રેડિયો વગાડે. અને ઘર એવું કે એક બારણાંમાંથી જ અંદર દાખલ થઈ શકાય તે રૂમમાં બધા વડીલો બેસે અને બહેનને રસોડામાં ડામ આપે ત્યારે તેના શરીર ઉપર એક પણ વસ્ત્ર ના હોય. એ બહેન આવી હાલતમાં ભાગીને ભાગે તો જાય પણ ક્યાં ? આ બહેનને તેમના દરેક ડામ વખતે એવું જ લાગતું હતું કે આ મારો છેલ્લો જ ડામ હશે, હવે મને ડામ નહીં દે. એમની સહનશીલતાની હદ ૨૩ ડામ થયા પછી આવી કે હવે તો હું સહન નહીં જ કરી શકું. અને તેથી તેમણે પત્ર લખ્યો અને જાજરૂમાંથી નાના બાળકને આપીને કહ્યું કે તું પોસ્ટમાં નાખી દેજે. આ પગલું એમણે ૨૩ ડામે લીધું તો આ કામ તેમણે પહેલાં જ ડામ વખતે કર્યું હોત તો આટલું સહન કરવું પડત નહીં. આ ડામ આપવાનું કારણ ફક્ત એટલું જ કે એના પતિને પોતાના નામનો સિક્કો તેની પર મારીને તેની પર માલિકી હક્ક જમાવવો હતો.

બીજા એક બહેનની વાત કહું તેમને આપણે કૈલાસબહેન કહીશું. તેઓ પહેલી સુવાવડ વખતે પિયર ગયાં. તેમને દીકરી આવી તેથી સાસરાવાળાએ તેમને લઈ જવાની ના પાડી કે દીકરી આવી એટલે અમે નહીં તેડીએ. વડીલોએ તેમને સમજાવીને વાત કરી તેથી સાસરાવાળા માન્યા અને કૈલાસબહેનને તેડી ગયા. પછી જ્યારે બીજી દીકરી આવી ત્યારે ફરી સાસરાવાળાએ તેડવાની ના કહી ત્યારે ગામના સરપંચ-મુખી વગેરેએ વચ્ચે પડીને વાત કરી ત્યારે દીકરીને તેડી તો ગયા, પણ પછી એ બહેનને સળગાવી દીધી. દીકરી આવી એમાં એ બહેનનો વાંક શો ? દીકરો કેવી રીતે થાય અને દીકરી કેવી રીતે થાય તેની વાત આપણે જાતીય શિક્ષણની વાત કરીએ ત્યારે કરવાનાં છીએ.


ગઢડાની બાજુમાં ગોપાલધામ જસદણ તાલુકામાં આવેલું છે. ત્યાં અમે શિબિર કરવા ગયેલાં. એમાં એક શિબિરાર્થી બહેને એમની પોતાની જ વાત કરેલી. એ બહેનને સાત છોકરા હતા. વહુઓ પણ આવી ગયેલી અને તેમ છતાં તેમના પતિ ખૂબ માર મારતા માથામાં તો એટલું બધું મારેલું તે તેમણે બતાવેલું પણ ખરું. અને જે દિવસે શિબિર

કરવા ગયેલાં તે દિવસે એ બહેને આત્મહત્યા કરવાનું નક્કી કરી દીધેલું, પણ બીજી બહેનો તેને શિબિરમાં ખેંચી લાવી. શિબિરની બધી વાતો તેમણે સાંભળી અને સમજ્યાં તેથી તેમનામાં એટલી હિંમત આવી કે મારે શા માટે મરવું જોઈએ ? હવે હું એવું ક્યારેય વિચારીશ નહીં.

ગુજરાતમાં રોજની ૬ સ્ત્રીઓ બળી મરે છે કે તેને બાળી નાખવામાં આવે છે.



આપણે કે આપણાં માતા-પિતા કે સમાજમાં બધાં જ દીકરીને એવું સમજાવતાં હોય છે કે બેટી/દીકરીએ સાસરીમાં સામું ના બોલાય, મોટેથી ના બોલાય અને સામે પ્રતિકાર તો ના જ કરાય. સહનશીલ થવું જોઈએ. જો માર પડતો હોય તો પણ વિરોધ તો ના જ કરાય. તેના પરિણામે સ્ત્રી સહન કર્યે જ જાય, કર્યે જ જાય અને પછી પેલાં બહેને ૨૩ ડામ સુધી સહન કર્યા જ કર્યું. પછી તેની હદ આવી ત્યારે કાંઈક વિચાર્યું. આથી કહી શકાય કે **'નરી સહનશીલતા' એ સદ્‌ગુણ નથી.**



જ્યારે કોઈ સ્ત્રીને માર પડતો હોય ત્યારે બીજા એવું વિચારે કે ભલેને માર પડતો, તેને તો એવું જ થવું જોઈએ. જ્યારે ઘણાં એવું માને કે એ તો એના ઘરનો મામલો છે, તેમાં મારે વચ્ચે શા માટે પડવું જોઈએ? ધણી હોય તો ધોલધપાટ તો કરે જ ને ! પણ એક દિવસ ધારો કે આપણો વારો આવશે તો આપણને પણ મદદ કરવા કોઈ આવવાનું નથી. અને જ્યારે કોઈ પુરુષ પોતાની પત્નીને મારે ત્યારે તેની દીકરી કે દીકરો (બાળકો) જુએ તો તેના ઉપર શું અસર પડે ? દીકરીએ પોતાની માને માર ખાતી જોઈ હોય તેથી તેને પણ એવું લાગે કે માર તો ખાવો જ પડે અને દીકરાએ જોયું હોય તેથી તે તેની વહુને પણ માર મારશે. એ તો બરાબર નથી જ ને ! આવી કોઈ એક સ્ત્રીને મદદ કરવી હોય તો ફક્ત એક જ બહેન નહીં, પણ ઘણી બહેનો ભેગી થઈને જશો તો તેનાથી

ચોક્કસ ફેર પડે. મોટા ભાગના પુરુષોની એક એવી ખાસિયત છે કે જ્યારે આટલી બધી સ્ત્રીઓની હાજરીમાં પોતે પોતાની પત્નીને મારે છે તેવી ખબર આટલા બધાને પડી છે તેથી તે શરમ અનુભવે છે. એટલે હવે આપણે બધાં અહીં બેઠેલાં એટલું તો જરૂર વિચારીશું કે -

**લગ્ન એ ધણીને ધોલ મારવાનું લાયસન્સ નથી.**
**એક સ્ત્રી બીજી સ્ત્રીનું ક્યારેય બૂરું નહીં વિચારે, પણ મદદ કરશે.**
**''સ્ત્રીની મિત્ર સ્ત્રી.''**

## પતિ એ જ પરમેશ્વર !!

એક બહેન હતાં. તેમને કોઈકે ફસાવી દીધાં અને તેમને ગર્ભ રહી ગયો. તેમનાં લગ્ન કરી નાખવામાં આવ્યાં. પણ પતિને પત્ની સગર્ભા હોવાની ખબર પડી ત્યારે પતિએ આ બહેનને એવું કહ્યું કે મારે તું જોઈએ છે પણ આ બાળકનો ગર્ભપાત કરાવી આવ. તેથી તે બહેન પિયર આવ્યાં. મા-બાપને ખબર પડી એટલે તેમને ખૂબ ધમકાવી અને માર માર્યો. પરિણામે તે બહેનનું મગજ બહેર મારી ગયું. પછી આ બહેનને ડૉ. પાસે લઈ ગયા. આમાં થયું એવું કે જે દવા ગળવાની આપેલી તે લગાવી અને જે લગાવવાની દવા હતી તે ખાધી તેથી તે બહેન મરી ગઈ. આવા સમયે દીકરીને માતા-પિતાની હૂંફની જરૂર હોય છે. આમાં ભૂલ બંનેની હતી, પરંતુ સજા કોને મળી ? ફક્ત સ્ત્રીને.



જલારામ બાપા. તેઓ વીરપુરના ભગત હતા. સૌરાષ્ટ્ર શાખામાં તેમની વાત જાણીતી. તે ભગવાનના બહુ જ મોટા ભગત. તેઓ વારંવાર એક પછી એક વસ્તુ છોડવાની વાત કરે અને તે છોડતા જાય. છેલ્લે પત્નીને પણ છોડી દીધી. કે જેણે તેના પતિની આખી જિંદગી સેવા કરી તેનું ફળ તેને શું મળ્યું? તે માણસ બધે પૂજાય છે કે જેણે એક સ્ત્રીને લગ્નસમયે સગા-સંબંધીઓ વચ્ચે ''સાથ'' આપવાનું અને નિભાવવાનું વચન આપીને છોડી દીધી. પણ તેની પત્નીનું શું ? અંતે પત્નીને એટલો આઘાત લાગ્યો કે તેણે કૂવામાં પડી આત્મહત્યા કરી.

આપણે અત્યાર સુધી જે વાતો કરી તેને શારીરિક અત્યાચાર કહીશું કે જેથી શરીરને ત્રાસ પડ્યો. પણ ઘણીવાર શરીરને ત્રાસ ના પડે, પણ આપણને અર્થાત્ સ્ત્રીને સતત મહેણાં માર્યાં હોય તે તો હૃદયમાં અને મનમાં કોતરાઈ જાય. એમ થાય કે આના કરતાં તો માર્યું હોય તે આપણે અમુક સમય પછી ભૂલી પણ જઈએ, પણ મનમાં જે દુઃખ લાગ્યું હોય તે તો યાદ જ રહી જાય, તેને આપણે માનસિક અત્યાચાર કહીશું હું તમને

એક વાત કરું. આમ જોઈએ તો આ વાતમાં કાંઈ માલ નથી પણ ત્રાસ તો થાય જ છે.

આપણે જે અગાઉ કૈલાસબહેનની વાત કરી તેમની જ આ બીજી વાત છે. તેમને એવી ટેવ કે માથું ઓળાવીને પછી રસોઈ બનાવે. એક દિવસ સાસુજી જમવા બેઠેલાં તો તેમના જમવામાં વાળ આવ્યો એટલે સાસુએ એવું કહ્યું કે પહેલાં વાળ નહીં ઓળવાના. એટલે બીજે દિવસે કૈલાસબહેને પહેલાં રસોઈ બનાવી અને સાસુને જમવા આપ્યું. તો સાસુએ એવું કહ્યું કે આવી તે શું ફરે છે ?હજુ વાળ પણ નથી ઓળ્યા. હવે આ બહેન પહેલાં વાળ ઓળે તો પણ વાંધો અને પછી વાળ ઓળે તો પણ વાંધો.

બે પ્રકારના શારીરિક અને માનસિક અત્યાચારની વાત કરી. શિબિરાર્થીઓ એ પ્રશ્ન કરશે કે આ સિવાયનો ત્રીજા પ્રકારનો પણ ત્રાસ હોઈ શકે ખરો ? જે ત્રાસની સામાન્યપણે ચર્ચા કરવામાં આવતી નથી હોતી. તે અત્યાચારને જાતીય અત્યાચાર કહેવામાં આવે છે. તેનું ઉદાહરણ આપવામાં આવશે તો વધારે સારી રીતે સમજાશે.

એક બહેન-છોકરી-૧૯ વર્ષની હતી. પતિ બ્લ્યુ ફિલ્મ ચલાવે. બ્લ્યુ ફિલ્મ એટલે એવી ફિલ્મ કે જેમાં જાતીયવૃતિનું વિકૃત સ્વરૂપ દેખાડાય. બીજા શબ્દોમાં કહીએ તો સ્ત્રી પુરુષના સંબંધો ઉપરાંત પશુઓ સાથેની, અકુદરતી હરકત પણ બતાવવામાં આવે. પતિ આવું જે કાંઈ જોઈને આવે તેવી રીતે તે તેની પત્નીને વર્તવાનું કહે. જો બહેન ના પાડે તો ત્રાસ આપે. આ છોકરી ત્રાસી ગઈ એટલે એમના ભાઈને ઘેર ગઈ અને કહે કે મારે સાસરે નથી જવું. ભાઈએ સમજાવીને પાછી મોકલી. પાછું તેવું જ વર્તન, આવા અસહ્ય અને અકથ્ય ત્રાસથી કંટાળીને એ છોકરીએ કાંકરીયામાં પડીને આત્મહત્યાનો પ્રયત્ન કર્યો પણ ત્યાં તેને કોઈએ બચાવી લીધી. પાછી ભાઈને ત્યાં જઈને કહે કે હું સાસરે નહીં જાઉં. ભાઈ કહે કે તને દુઃખ શું છે ? સારું ઘર છે, પતિ સારું કમાય છે. પણ આવું દુઃખ કહે કેવી રીતે ? તેથી આ બહેને તેમની ભાભીને બધી વાત કરી. પછી ભાભીએ ભાઈને કહ્યું કે હવે બહેન સાસરે નહીં જ જાય. ત્યારે વાત પૂરી થઈ.

બીજી એક છોકરી હતી, તેના નાની ઉંમરે લગ્ન કરેલાં. પુરુષ રાત્રે આવે ત્યારે સ્ત્રી સૂતી હોય તો તેની છાતીમાં ટાંકણી ખોંચીને ઉઠાડે. આવું કરવાથી તેના પતિને પાશવી આનંદ મળતો. બહેન કંટાળી ગયેલી તેણે તેની બહેનપણીને વાત કરી. બહેનપણીએ તેને પણ જેમ પતિ ટાંકણી મારે છે તેમ પતિને ટાંકણી મારવા કહ્યું તેથી એ છોકરીએ પણ એ રસ્તો અપનાવ્યો અને કહ્યું કે મને પણ આનંદ મળે છે. પરિણામે આ ત્રાસ બંધ થયો.

૧૪થી ૨૫ વર્ષની બહેનોમાં મૃત્યુદરનું પ્રમાણ વધારે છે તે આવા બધા ત્રાસને કારણે છે તે તો હવે તમે સમજી જ ગયા હશો.

ઘણી વાર આ વિષયની ચર્ચા લાંબી ચાલે અને બીજા દિવસ પર મુલતવી રાખવી પડે એવું બને છે. ક્યારેક તે પૂરી પણ થઈ જાય છે. શિબિરાર્થી બહેનો ચર્ચામાં કેટલો ભાગ લે છે તેની પર તેનો આધાર છે. ચર્ચા સમયસર પૂરી થાય તો તેના પછી અને છૂટા પડતાં પહેલાં એક રમત રમાડવામાં આવે છે.

## કાનમાં કહેવાની રમત


વર્તુળાકારે બેઠેલી શિબિરાર્થી બહેનોને કહેશો કે આ રમત રમવામાં દરેકે સાવધાનીપૂર્વક સંદેશો સાંભળીને પોતાની બાજુમાં બેઠેલી વ્યક્તિના કાનમાં કહેવાનો છે. જ્યાંથી શરૂ કરો ત્યાં સુધી સંદેશો ગોળ ફરીને પાછો આવે એટલે પહેલી વ્યક્તિ કે જેણે સૌપ્રથમ સંદેશો કહ્યો હતો તેણે તે જાહેર કરવો. તે પછી તરત મૂળ સંદેશો આવ્યો હતો. તે જાહેર કરવો. આખી વાત ટૂંકાઈ તેમજ બદલાઈ ગયેલી જણાશે.

વીસેક મિનિટ રમત જામે પછી તેની ચર્ચા કરવામાં આવે છે. કર્ણોપકર્ણ જતી વાતો કેટલી બધી બદલાઈ જાય છે તે સમજવા ઉપરાંત આમ વાતો જાણીને આપણે પરસ્પર કેટલું ખોટું લગાડીએ છીએ, એકબીજાને પરસ્પરના દુશ્મન માનતા થઈ જઈએ છીએ. પણ એવું બધું ન થવું જોઈએ તેમ પણ સમજાય છે. વળી મૌખિક સંદેશા હંમેશાં જુદા સ્વરૂપે જ પહોંચે તેની સભાનતા પણ કેળવવી જોઈએ અને તેવા સંદેશા કે સાંભળેલી વાતો પર વિશ્વાસ મૂકવાને બદલે એકબીજાને મળવાનું થાય ત્યારે ચોખવટ કરી લેવી જોઈએ જેથી ગેરસમજો નિવારી શકાય એ મુદ્દા પર ભાર મૂકવામાં આવે છે. આમાં શિબિરાર્થી બહેનો પૂર્તિ કરે છે કે આવી ગેરસમજો થયાના ખૂબ દાખલા બને છે.

મૌખિક સંદેશા કહેવડાવવા જોખમકારક છે, તેમાં ફેર પડતો જ હોય છે. તેના પરથી શીખ એ લેવાની કે પોતાને વિશે આડીઅવળી વાતો સાંભળી કોઈની સાથે દુશ્મની કરવી જરૂરી નથી. તનાવવાળા સંજોગોમાં કાનોકાન થતી વાત ભયાવહ અફવા બની જઈ શકે છે.

સહજ વાતવાતમાં પણ કહ્યા-સાંભળ્યાનો ફેર પડી જતો હોય છે તેમાં ઘણા દાખલાઓ કહી-કહેવડાવી શકશો.






મારી પત્ની કામ કરતી નથી

# શિબિર દિવસ : ૩

## કાર્યક્રમ

| બેઠક : ૧ | | બેઠક : ૨ | |
|---|---|---|---|
| (૧) પુનઃ સ્મરણ, ગીત<br>(૨) વ્યક્તિગત અને સામૂહિક ચળવળ | વિરામ | ગીત<br>(૧) અંધશ્રદ્ધા અને<br>(૨) સ્ત્રીના સ્વાસ્થ્ય પર તેની થતી અસરો | રમત<br>પ્રયોગઃ પાણી ભરેલી ડોલનો |

દિવસના કામની શરૂઆત આગલા દિવસની જેમ હાજરી પૂરવાથી અને પુનઃ સ્મરણ કરાવવાથી થાય છે. તે પૂરું થયે "મુક્તિનો રંગ..." ગીત ગવડાવવામાં આવે છે. ત્યાર પછી એક નવો વિષય રજૂ કરવામાં આવે છે.

## વ્યક્તિગત ચળવળ અને સામૂહિક ચળવળ

અનેક બંધનો અને અત્યાચારોમાંથી બહાર નીકળવા અનેક સ્ત્રીઓએ પ્રયત્નો કર્યા છે. કેટલાક વ્યક્તિગત પ્રયત્નોથી બહાર નીકળ્યા છે તો કેટલાક સામૂહિક રીતે પ્રતિકાર કરીને મૂંઝવતી પરિસ્થિતિમાંથી નીકળી શક્યા છે. તેવાં ઉદાહરણો આપીને વાતો કરવામાં આવે છે. આ ઉદાહરણો પ્રસિદ્ધ સમાચારોમાંથી, અવાજના



**હું તો મને ઓળખવા લાગી કે મુક્તિનો રંગ લાગ્યો.**
**જ્યારે ઘૂમટે હું બંધાણી કે દિલને ડંખ લાગ્યો.**
**જોઈ દહેજે પીંખાયેલ નારી કે દિલને ડંખ લાગ્યો.**
**જોયો સમાજને આંખ થઈ રાતી કે મુક્તિનો રંગ લાગ્યો.**
**જ્યારે દીકરે મારીને કાઢી કે દિલને ડંખ લાગ્યો.**
**મેં તો છોડીને સરખી ગણી કે મુક્તિનો રંગ લાગ્યો.**
**મેં તો સમાનતાની વાત માંડી કે મુક્તિનો રંગ લાગ્યો.**
**મેં તો ન્યાયની હાકલ કીધી કે મુક્તિનો રંગ લાગ્યો.**
**બનીશ માનવ નહીં બનું દાસી કે મુક્તિનો રંગ લાગ્યો.**
**હું તો મને ઓળખવા લાગી કે મુક્તિનો રંગ લાગ્યો.**

કાર્યકરોને થયેલા જુદા જુદા જૂથના અનુભવમાંથી તેમજ શિબિરોમાં મળેલા પ્રતિભાવોમાંથી મૂકવામાં આવે છે. દરેક શિબિરમાં શિબિરાર્થી બહેનો કોઈકને કોઈક સ્વાનુભવની વાત રજૂ કરીને પૂર્તિ કરે છે.

સ્ત્રીઓ વિશે અત્યાર સુધી ઘણી વાતો કરી જેમ કે સમગ્ર વિશ્વમાં બહેનોની શુ સ્થિતિ છે ? અને આપણા ભારત દેશની બહેનોનું સ્વરૂપ કેવું છે એની એમાં પણ વિસ્તૃત ચર્ચા કરી. આ ઉપરાંત બહેનો પર કેવા પ્રકારના  શારીરિક, માનસિક અને જાતીય અત્યાચાર થતા રહે છે તેની વાતો પણ થઈ. આ બધી વાતો એ કંઈ મારી કે તમારી બનાવેલી કોઈ કાલ્પનિક વાર્તા નથી, પણ આ નક્કર વાસ્તવિકતા છે. આ બધી વાતો આપણા રોજબરોજના જીવનની અર્થાત્ આપણી આસપાસ બનતી ઘટનાઓ જ છે.

આજે અમે જે વાત કરવાનાં છીએ એ અત્યાર સુધી કરેલ વાતોથી થોડી જુદી પડે છે. કઈ રીતે એ આપણે પછી જોઈશું. આપણા સમાજમાં મોટા ભાગની બહેનો નર્યું સહન કરવામાં જ માનતી હોય છે. એની પાછળનું કારણ આપણે આગળ સમજી ગયાં તેમ સ્ત્રીઓમાં નાનપણથી જ એવા સંસ્કાર રેડવામાં આવે છે કે બેટીએ સહન કરવાનું, સામો અવાજ નહિ કાઢવાનો વગેરે આથી બહેનો કંઈ જ પ્રતિકાર કરતી નથી. પરંતુ આ બધાની વચ્ચે પણ અમુક હિંમતવાળી બહેનો પણ હોય છે જે એમના પર થતા અત્યાચારનો સામનો કરે છે અને એ દુઃખમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધી કાઢે છે. આ સામનો કરવાની અને પ્રતિકાર કરવાની વાતને આપણે "ચળવળ" કહીશું.

ચળવળ પણ બે પ્રકારની હોય છે :

(૧) વ્યક્તિગત ચળવળ (૨) સામૂહિક ચળવળ.

વ્યક્તિગત એટલે પોતાની જાતે પોતાની હિંમતથી પોતાની મુશ્કેલીનો સામનો કરવો અને સામૂહિક એટલે બધાએ સાથે મળીને બધાંને નડતી કોઈ મુશ્કેલીનો સામનો કરવો.

સૌપ્રથમ આપણે વ્યક્તિગત ચળવળની વાત કરીશું. ઉપર કહ્યાં મુજબ અમુક બહેનો એવી હોય કે તેના ઉપર કોઈ દુઃખ કે મુશ્કેલી આવી પડે તો રોવા બેસે, નિરાશ થઈ જાય કે મારું તો નસીબ જ ફૂટેલું છે, હું જ અભાગણી, હવે આ દુઃખોનો અંત તો ચિતા પર જ આવશે. એવું એવું

વિચારીને જીવનથી હારી બેસે છે ને ક્યારેક આત્મહત્યા કરી બેસે છે. આનાથી વિપરીત એવી બહેનો પણ હોય છે જે સમજપૂર્વક મુશ્કેલીનો હલ કાઢે છે. જરૂર પડે તો બીજી બહેનોનો સાથ પણ લે છે. એ રીતે આપ-સૂઝ અને હિંમતથી રસ્તો કાઢે છે.

આજે અમે તમને આવી જ બહેનો કે જેમણે મુશ્કેલીમાંથી આપસૂઝ અને હિંમતથી કઈ રીતે રસ્તો કાઢ્યો તેની વાત કરીશું. આ બધી માહિતી જુદી જુદી જગ્યાએ કરેલી શિબિર દરમિયાન જ મળેલી છે. જેથી કંઈ ઉપજાવી કાઢેલી વાતો નથી. તમે પણ તમારી કે તમારી આસપાસ બનેલી વાતો કહેજો.

એક બહેન નાની ઉંમરે વિધવા થયાં. બાળકો નાનાં હતાં. ઘરની પરિસ્થિતિ એવીં હતી કે બહેનને બહાર કંઈ કામ કરવા જવું પડે એમ હતું. એમને એક નિશાળમાં સાફ-સૂફી કરવાનું કામ મળ્યું. નિશાળનો સમય સવારનો હતો. નિશાળ ચાલુ થાય તે પહેલાં જ સાફસૂફી થઈ જવી જોઈએ તેથી એ બહેનને વહેલાં જવું પડતું. હવે એ બહેન જે વિસ્તારમાં રહેતાં તે કૉર્ટ વિસ્તાર હતો. એ કૉર્ટને અડીને એક ચાની લારી હતી. આ ચાની લારીવાળા ભાઈ આ વિધવાબહેન પસાર થાય ત્યારે એના સામું ટગર-ટગર જોયા કરે. દરરોજ આવું થાય. થોડા દિવસ પછી ચેનચાળા શરૂ કર્યા. હવે બહેનને એમ થયું કે જો હું કંઈ સામનો નહિ કરું તો આ માણસ આગળ વધશે અને મને ખૂબ હેરાન કરશે. આથી બહેને કંઈક વિચાર્યું.

તમે વિચારી શકો છો કે બહેને શું કર્યું હશે?

- શું બહેને પોતાના સગા-સબંધીને વાત કરી હશે અને ધમકાવ્યો હશે?
- પણ સગા-સંબંધીઓ કેટલા દિવસ સાથ આપે?
- બહુ બહુ તો પંદર દિવસ. પછી...?
- પોલીસને કહ્યું હશે?
- ના...ગરીબ બેસહારા સ્ત્રીનું પોલીસ સાંભળશે ખરી?

તમે કહેશો કે બહેને નોકરી છોડી દીધી હશે. ના. એ બહેન નોકરી છોડી શકે તેમ ન હતાં. તેથી એ બહેને એવું કર્યું કે જે બગલ થેલો એ દરરોજ નોકરીએ જતાં ત્યારે લઈ જતાં તેમાં કાળમીંઢ પથ્થરો ભર્યા અને તેનું મોઢું સીવી લીધું થોડા દિવસ પછી બહેનને જે ડર હતો એ જ થયું કે પેલા લારીવાળા માણસે તેની નજીક આવી હાથ પકડ્યો. બહેન તો તૈયાર જ હતાં એમણે તો બરાબરનું ઘૂમાવીને પથ્થરવાળો થેલો પેલાના માથા પર ઝીંક્યો. પેલો માણસ આમ અચાનક હુમલા માટે તૈયાર નહોતો. એને એમ કે બહુ બહુ તો થપ્પડ મારશે પણ અચાનક ઘા અને માથા પરનો ઘા તેનાથી એ નીચે પડી ગયો. પેલાં બહેન તો પાછું જોયા વિના જતાં રહ્યાં. પણ એ દિવસથી એ લારી પણ ન દેખાઈ. અને ભાઈ પણ ન દેખાયા.

આમ, આ બહેને પોતાના પર આવી પડેલી મુશ્કેલીનો સામનો એકલે હાથે અને આપસૂઝ તથા હિંમતથી કર્યો. એ બહેને મૂંગા મૂંગા સહન કર્યું હોત તો પેલા ભાઈની હિંમત વધત અને બહેનની આખી જિંદગી બરબાદ કરી નાખત.

એક બીજી વાત પણ આવી જ છે. એક ગામમાં એક કુટુંબ રહેતું હતું. તેમાં પતિ-પત્ની અને બાળકો. ઘરની આર્થિક સ્થિતિ બહુ સારી

નહીં એટલે બહેન સવારે ઊઠી થોડું ઘરકામ કરી બીજા ઘરનાં કામ કરવા નીકળી પડતાં. આ બહેનના પતિને એવી ટેવ કે મોડો ઊઠે. ચા પાણી નાસ્તો કરી તૈયાર થઈ ઘરને તાળું મારી ચાવી પોતાની સાથે લઈને બહાર જતો રહે અને પાછા ફરવાનો સમય નક્કી નહીં. એ ગમે ત્યારે આવે ત્યારે ઘર ખૂલે ત્યાં સુધી પત્ની અને બાળકો ઘરની બહાર ભૂખ્યાં તરસ્યા રાહ જોઈને બેઠાં રહે. થોડા દિવસ આડોશી-પાડોશી એ મદદ કરી પણ કાયમનું આવું થતું હોય તો મદદ કોણ કરે ? અંતે પડોશી બહેનોએ બહેનને હિંમત આપીને સમજાવ્યું કે : કેમ તું તારા પતિને કંઈ કહેતી નથી ? બહાર ભલે જાય પણ ચાવી રાખતો જાય તો શું વાંધો છે ? આનો કંઈ રસ્તો તો વિચારવો જ જોઈએ. બહેનને પણ આ બધું ગમતું નહોતું પણ એટલી હિંમત નહોતી ચાલતી. પડોશીઓનો સાથ મળ્યો એટલે એક દિવસ બહેન કામ પર ન ગયાં. પતિ તો આદત અનુસાર ઊઠી ચા પી જાજરૂ જવા ગયો કે તરત પત્ની તાળું મારી છોકરાઓને લઈ પડોશીને કહી એક સંબંધીને ત્યાં જતી રહી. પતિ પાછો આવીને જુએ તો ઘેર તાળું રાહ જોઈ પણ પત્ની આવી નહીં. એ પણ ક્યાંય બહાર જઈ શકે એમ નહોતો કારણ કે તેણે ફક્ત ગંજી અને લૂંગી જ પહેરેલ હતી. તેથી ખૂબ ગુસ્સે થયો. પડોશીઓને પૂછ્યું પણ પડોશીઓએ કંઈ બતાવ્યું નહીં. સાંજે પત્ની ઘરે આવી તો ખૂબ ગુસ્સે થઈ મારવા દોડ્યો પણ પડોશીઓએ આવીને બચાવી અને સમજાવ્યું કે હવે તને ખબર પડીને કે કેટલી તકલીફ તેને દરરોજ પડતી હશે. તું બંધ કરીને જતો રહે પછી આની હાલત પણ તારી આજે થઈ એવી જ થાય છે. પતિ સમજી ગયો અને ત્યારથી એ બહેનને શાંતિ થઈ ગઈ.

આ બહેને પણ જો હિંમત ન રાખી હોત તો પતિનો આવો ત્રાસ જિંદગીભર સહન કરવો પડત. પરંતુ તેણે પડોશીઓની મદદથી રસ્તો કાઢ્યો.



એક ત્રીજી વાત કરીએ. સલાટવાડમાં એક મારવાડી જ્ઞાતિના ફઈ-ભત્રીજી રહેતા હતા. ફઈને ભત્રીજી ખૂબ વહાલી હતી. હવે આ વિસ્તારમાં અમુક મુસ્લિમ યુવક સાથે ભત્રીજી ખૂબ નિર્દોષતાથી વાત કરતી પણ ફઈના મનમાં બીક પેસી ગઈ કે ભત્રીજી જો આ મુસ્લિમ છોકરા સાથે ભાગી જશે તો મારી તો આબરૂ ધૂળમાં મળી જશે. આ બીકથી ભત્રીજીને રાતોરાત તેનાથી ત્રણ ગણી મોટી ઉંમરના માણસ સાથે પરણાવી દીધી. જોનારા તો એવું કહે છે કે ફેરા ફરતી વખતે પરાણે ચૂંટીઓ ભરી ભરીને છોકરીને રોવડાવતા હતા. હવે આ છોકરીને આ લગ્ન પસંદ જ ન હતું. તેથી તે સાસરીમાં ગુમસૂમ રહેવા લાગી. ફઈએ જમાઈને એવું કહેલું કે ભત્રીજીનો કંઈક વાંક હોય તો તમે તમારે ખીજાજો, કારણ કે ફઈના મનમાં પેલી બીક હતી કે રખેને ભત્રીજી સાસરેથી પાછી આવતી રહેશે તો ? જમાઈને તો એટલું જ જોઈતું હતું. પેલી છોકરી સૂનમૂન રહેતી તેમાં પતિ એને હેરાન કરતો એટલે વધારે મૂંગી રહેવા લાગી. આથી પતિ એને માંદી પડે એટલે ફઈ પાસે પિયર મૂકી જતો. પાછી સાજી થાય એટલે ફઈ એને સાસરે મૂકી આવતી. ફરી પાછો એ જ વ્યવહાર. આમને આમ થોડો સમય પસાર થયો. હવે આ વિસ્તારમાં અમારા કાર્યકર બહેનની જાણમાં આ વાત આવી. એ બહેનને એમ થયું કે આમાં ભત્રીજી તો વિના કારણે હેરાન થાય છે. એ તો બિચારી કોઈના પ્રેમમાં હતી જ નહીં. એ કાર્યકર બહેન છોકરીની ફઈ પાસે ગયાં અને સમજાવ્યું કે શા માટે હાથે કરીને જમાઈ પાસે તમારી દીકરીને માર ખવરાવો છો ? આ બધું તમને ગમે છે ? ફઈને ભત્રીજી વહાલી તો હતી જ પણ એને સમાજની બીક હતી. કાર્યકર બહેને એવું પૂછ્યું કે તમારો સમાજ એટલે કોણ ? એ વિસ્તારમાં રહેતાં બીજાં મારવાડી કુટુંબો કે જે તેમનાં દૂરનાં તેમજ નજીકનાં સગા થતા હતા તે કાર્યકર બહેન કુટુંબીજનોને મળ્યા અને કહ્યું કે આ તો ખોટું થાય છે. તમારી દીકરી વગરવાંકે હેરાન થાય છે. તમારે કંઈક કરવું જોઈએ. આખો સમાજ ભેગો થયો અને નક્કી કર્યું કે હવે જ્યારે જમાઈ દીકરીને મારીને મૂકવા આવે ત્યારે આપણે એને જ ધમકાવવો અને પછી જ્યારે જમાઈ દીકરીને મૂકવા આવ્યો ત્યારે ફઈ અને કુટુંબીજનોએ એને ધમકાવ્યો કે કેમ અમારી દીકરીને વગરવાંકે મારો છો ? જમાઈ ગભરાયો. તેને થયું કે હવે કંઈ થશે નહીં આથી માફી માંગી ઉપરાંત ફઈએ લગ્નમાં ઘણું બધું આપ્યું હતું તેથી તેને આર્થિક રીતે પણ નુકસાન થાય એમ હતું તે સમજી ગયો અને પત્નીને પાછી લઈ ગયો અને પ્રેમથી રાખવા લાગ્યો. હવે છોકરીને ખરેખર હૂંફ-પ્રેમની જરૂર હતી જે તેને પતિ પાસેથી મળવા લાગ્યા અને એ આનંદમાં રહેવા લાગી અને એમનું દામ્પત્યજીવન સુખી થઈ ગયું. અત્યારે એમને એક સંતાન પણ છે.

ઉપર્યુક્ત ત્રણેય બનાવમાં આપણે જોયું કે દરેકને કંઈને કંઈ મુશ્કેલી આવી પણ એમાંથી રસ્તો કાઢ્યો. બીજા લોકોની મદદ લઈને પણ રસ્તા કાઢી શકાય. બહેનોને પોતાને જ પોતાની અંદર રહેલી શક્તિની ખબર નથી. આપણે આપણી જાતને અબળા સમજીએ છીએ. પરંતુ એવું નથી. આપણે પણ આ બહેનોની જેમ ઘણું કરી શકીએ છીએ. દરેક મુશ્કેલીનો હલ નીકળી શકે છે. દરેક દુ:ખનો અંત કેવળ કૂવો કે કેરોસીન નથી એ સમજી લેવાનું છે.

આવી જ એક ધનલક્ષ્મીબહેનની વાત છે. એમને બાળકો હતાં. પતિ કમાય પણ પગારના પૂરેપૂરા પૈસા દારૂમાં વેડફી દે અને પત્નીને

કંઈ પણ ન આપે. ધનલક્ષ્મીબહેને બેચાર દિવસ ભૂખી રહીને છોકરાંને ખવડાવ્યું. બે-ચાર દહાડા ઉછીનું લઈને ખવરાવ્યું, અંતે બધાં ભૂખે મર્યા ત્યારે તેણે પાણી મૂક્યું કે તારા પૈસાનું ખાઉં પણ નહીં અને મારા પૈસાનું તને ખવરાવું પણ નહીં. તેણે કામ કરીને પૈસા કમાયા અને ૧૮ દિવસ વર માટે રાંધ્યું નહિ. પણ પોતાને માટે અને છોકરાઓ માટે રાંધીને ખાધું. ઘણાંએ કહ્યું કે પતિ એ જ પરમેશ્વર કહેવાય. આમ છતાં ધનલક્ષ્મીબહેન માન્યાં નહીં.

આ સમય દરમિયાન ભાઈને ચા, તમાકુના મસાલા, બે ટાઈમનું ભોજન, કપડાં ધોવાના જેવો ખૂબ ખર્ચો થતાં એ ભાઈના બધા પૈસા તરત વપરાઈ જવા લાગ્યા. અંતમાં ભાઈને પોતાની ભૂલ સમજાઈ અને ઘરમાં પૈસા આપવા લાગ્યા.

આવી જ એક અન્ય વાત છે. એક બહેન પોતે એસ.એસ.સી. પાસ હતાં. પતિ ઓછું ભણેલા હતા. પણ મા-બાપના દબાણથી લગ્ન થયાં. પતિ ઓછું કમાય અને દારૂ પીને બહેનને હેરાન કરે. બહેનને એમ કે બાળક થશે એટલે સુધરી જશે. પણ બાળક દોઢ વર્ષનું થયું, પતિમાં કંઈ સુધારો ન થયો. બાળકના દેખતાં જ દારૂ પીને ધાંધલ કરી પત્નીને મારે અને હેરાન કરે. અંતે બહેને મક્કમ રહીને વિચાર્યું કે બાપનું આવું વર્તન જોઈ દીકરો પણ મોટો થઈ આવું જ વર્તન કરશે. આથી મા-બાપનું ઘર ગામમાં હોવા છતાં અલગ રહ્યાં મા-દીકરો પિયર જઈને જમી આવે. પતિને કેટલા દિવસ બહારનાં સગાં-વહાલાં જમાડે? બહેનને સીવણ કામ આવડતું હતું તેથી બહારથી ઑર્ડર લેવા ચાલુ કરી દીધા અને સારી એવી કમાણી કરવા લાગ્યાં. એક સીવણના વર્ગમાં શિક્ષિકા તરીકે પણ જોડાયાં. આ બધું જોયા પછી અને હેરાન થયા પછી પતિને ભૂલ સમજાઈ અને ક્યારેય દારૂ ન પીવાની અને વ્યવસ્થિત રહેવાની શરત કબૂલ રાખ્યા પછી બન્ને સાથે રહેવા લાગ્યાં.

ઉપર્યુક્ત બન્ને બનાવમાં પતિને દારૂ પીવાની આદત હતી, પણ બન્ને બહેનોએ જરા પણ હિંમત હાર્યા વગર પરિસ્થિતિનો સામનો કર્યો અને પોતાનું જીવન સુધાર્યું.

બીજા એક બહેનની વાત પણ જાણવા જેવી છે. ધોળકા તાલુકાનાં એક બહેનનાં જેઠાણી મરી ગયેલાં. જેઠાણીનાં ચાર બાળકો અને પોતાનાં ત્રણ એમ સાત છોકરાંનું આ બહેનને પૂરું કરવાનું હતું. વર પૂરતા પૈસા આપતો નહોતો. એક દિવસ ઉતાવળમાં પાણી ભરવા ગયાં, ઉતાવળમાં પાણી ભરવાથી ઘડો અંદર પડી ગયો અને દોરડું હાથમાં રહી ગયું. આજુબાજુના લોકો દ્વારા એના વરને ખબર પડી તો એણે કહેવડાવ્યું કે ઘડો પડી ગયો તો તું પોતે શા માટે ન પડી ગઈ? બહેનને એકદમ ગુસ્સો આવી ગયો અને આવેશમાં આવી જઈને કૂવામાં કૂદકો મારી દીધો. પણ આજુબાજુના લોકોએ દોરડું પકડી લેવાનું કહ્યું તો તે પકડીને ઉપર ખેંચાઈ આવ્યાં. પછી તેને વિચાર આવ્યો કે મારે શા માટે મરી જવું જોઈએ. જો હું મરી જાત તો આ સાત છોકરાંનું શું થાત?

આ બનાવમાં એ બહેનને ક્ષણિક આવેશમાં કૂવામાં પડતું મૂક્યું પણ બચી ગયાં અને પોતાનું મહત્ત્વ એમને સમજાયું. આ બનાવ પરથી આ જ સમજવાનું છે કે કંઈ પણ મુશ્કેલી આવે તો કંઈ પણ નિર્ણય ક્ષણિક આવેશમાં ન લેવો જોઈએ. લાંબો વિચાર કરવો જ કરવો.

અમદાવાદનાં એક મુસ્લિમ બહેનની વાત છે. પતિની આજ્ઞા હતી કે, આ બહેનને બારણે પડદો ઢાંકીને જ જીવવાનું. બહેનનાં લગ્ન થયાં. બે વર્ષ સરસ રીતે રહ્યાં. એક વખત તેના પતિ બહારગામ ગયા. બાળક માંદું પડ્યું. તાણ આવવા લાગી હતી. બહેન પૂછી પૂછીને હૉસ્પિટલ તો પહોંચી ગયાં. પછી પાછા આવતાં તેને તેનું ઘર ન મળે શહેરનાં બધાં મકાનો સરખાં જ લાગે. પૂછીને પોણા કલાકે ઘેર આવી. બીજે દિવસે વર ઘેર આવ્યો ત્યારે એ બહેને બારણે પરદો રાખવાની ચોખ્ખી ના પાડી દીધી અને તેનો વર પણ માની ગયો.

પરદાની વાત સાથે એક બહુ સરસ ઘૂમટાની વાત યાદ આવી. આ વાત અમારી શિબિરમાં આવેલ એક શિબિરાર્થી બહેનની પોતાની જ છે. આ બહેનના ગામમાં પણ અન્ય ગામડાની જેમ લાજ કાઢવાની પ્રથા હતી. આ પ્રથા આ બહેનને ગમતી ન હતી, આથી એ લાજ કાઢતાં નહીં. સ્વાભાવિક રીતે જ આ બાબત ચર્ચાનો વિષય બની ગઈ અને પુરુષો સુધી પણ પહોંચી. પુરુષોએ વિરોધ કરવો શરૂ કર્યો પણ બહેને બહુ ગણકાર્યો નહીં. ત્યારબાદ ગામનું પંચ બેઠું અને બહેનને પંચની સામે બોલાવવામાં આવ્યાં. આ બહેન ગામના સરપંચની વહુ હતાં. પંચની સામે એને ઘૂમટો ન કાઢવા પાછળની એવી દલીલ કરી કે શહેરની ભણેલી-ગણેલી વ્યક્તિને પણ સૂઝે નહીં. એ બહેને કહ્યું કે કોઈ એવો કાયદો હોય કે બહેનોએ લાજ કાઢવી ફરજિયાત છે તો મને બતાવો તો હું લાજ કાઢીશ. સ્વાભાવિક રીતે જ ગામ લોકો પાસે આનો કોઈ જ જવાબ નહોતો. એ બહેન એક તો સરપંચનાં વહુ હતાં અને મોટાં હતાં તેથી એમનું જોઈ, ગામની બીજી બહેનોએ પણ થોડું ઓછું ઓઢવાનું કરી નાખ્યું. અને ધીરે ધીરે આ પ્રથા ઓછી થતી ગઈ.


આ જ બહેનની એક બીજી વાત આ પ્રમાણે છે. આ બહેન સરપંચનાં બીજી વારનાં પત્ની હતાં. હવે થયું એવું કે સરપંચને ત્રીજીવાર લગ્ન કરવાં હતાં તેથી આ બહેનને પિયર જતા રહેવાનું કહ્યું. પણ આ બહેન તો બહુ જ હિંમતવાળાં હતાં. એ તો આપણે આગળ જોયું. આથી આ બહેન તો જરા પણ ડગ્યા નહીં, પતિના ઘરની સામે ખોદવા લાગ્યાં. પતિને તો એમ કે આ પણ આગલી પત્નીની જેમ પિયર જતી રહેશે. પણ આ બહેન તો જબરાં હતાં. પતિએ પૂછ્યું કે શું કરે છે ? તો કહે મારું ઝૂંપડું બનાવું છું. હું પિયર નહિ જાઉં પણ તારા ઘરની સામે જ રહીશ. સરપંચને થયું કે આતો કંઈ પિયર જાય તેમ નથી. તેથી તેને પાછી ઘેર બોલાવી અને સાથે રહેવા લાગ્યા.

આવી એક લાભુબહેનની વાત છે. તેમણે ખૂબ સંઘર્ષ વેઠી પોતાનું જીવન જીવવા લાયક બનાવ્યું અને પોતાના જીવનમાંથી પ્રેરણા મળી શકે એ સ્તરે લાવી મૂક્યું. આ બહેનનાં લગ્ન નાનપણમાં થઈ ગયેલાં પતિ નોકરી કરે પણ દારૂ પીવાની આદતને કારણે પત્નીને પૈસા ન આપે. નાનાં નાનાં બે બાળકો માંદાં પડે તો પણ પૈસા ન આપે. પતિ હેરાન કરે એટલે ઘરની બીજી વ્યક્તિ જેઠાણી, સાસુ, સસરા, જેઠ વગેરે પણ હેરાન કરતાં એક દિવસ નાનું બાળક ખૂબ માંદું પડ્યું. પતિ પાસેથી દવાના પૈસા માગ્યા પણ ન આપ્યા. બહેન ખૂબ ઝઘડ્યાં, અંતે ખૂબ માર પડ્યો અને બહેન પિયર જતા રહ્યાં. પિયર જઈ પારકાં કામ બાંધી લીધાં. પતિનો શંકાશીલ સ્વભાવ એટલે તેણે પત્નીના પિતાને ધમકી આપી કે એને બહાર મોકલશો તો ત્યાં આવીને મારીશ. પિતાએ લાભુબહેનને ના પાડી, અને કહ્યું; હું તને પૈસા આપીશ. તું કામ કરવા

ના જઈશ. પરંતુ લાભુબહેને હિંમત ન હારી અને કામ કરવા લાગ્યાં. એક દિવસ પતિ પત્નીના પિયર આવ્યો. રસ્તામાં લાભુબહેન મળ્યાં. તે દિવસે કામ કરીને સાંજે પાછા ઘેર આવતાં મોડું થયું હતું. રસ્તામાં લાભુબહેનને ઊભા રાખી ધમકાવવા લાગ્યો કે કોને મળવા ગઈ હતી ? કેમ આટલું મોડું થયું ? હવે જો બહાર કામ કરવા જઈશ તો ટાંટિયો ભાંગી નાખીશ. લાભુબહેન આમ પણ ગુસ્સે ભરાયેલાં હતાં તેમણે કહ્યું કે તું મને શું મારવાનો હતો હું જ તને મારીશ એમ કહી તેને. ટિફીન લઈ મારવા લાગ્યાં. પતિ જીવ બચાવી ભાગી ગયો. થોડા સમય બાદ સમાધાન થયું અને સાથે રહેવા લાગ્યાં. પરંતુ લાભુબહેન ત્યાર પછી પણ ઘણી જ હિંમત રાખીને પતિ સાથે રહ્યાં. પતિને જુગારની આદત હતી. પણ પતિ જુગાર રમતા હોય ત્યાં પથ્થર લઈને જતાં અને પતિને ઉઠાડતાં. પંચની સમક્ષ પતિ પાસેથી કબૂલાત લેવરાવી કે પગારમાંથી પૂરતા પૈસા ઘેર આપવા પછી પણ જ્યારે પતિ દારૂ પીને આવે ત્યારે ઘરમાં પેસવા ન દેતાં, જમાડતાં નહિ. અત્યારે એમનાં ૪ બાળકો મોટાં થઈ ગયાં છે. બે દીકરા નોકરી કરે છે, બે ભણે છે. અત્યારે પરિસ્થિતિ એ છે કે એ પતિ સાથે નથી રહેતાં પણ પતિ એની સાથે રહે છે.

લાભુબહેને જો પતિની ધમકીથી ડરી જઈને પારકાં કામ કરી કમાવાનું મૂકી દીધું હોત તો આજે એ અને એમનાં બાળકો ઓશિયાળું જીવન જીવતાં હોત. પણ એમણે આવેલ મુશ્કેલીનો યોગ્ય સામનો કર્યો અને સ્વમાનભેર જિંદગી જીવી રહ્યાં છે.

કોલસા કામદાર માનકીબહેન અને તેમની દીકરીની વાત પણ જાણવા જેવી છે. માનકીનો વર ખૂબ દારૂ પીએ. પોતે જે પૈસા કમાય તેનો પીએ અને માનકીના પૈસા પણ તેને મારી ઝૂડીને લઈ જાય. એક વખત આવું જ કંઈક બન્યું. પગારના દિવસે પતિએ પોતાના પૈસા લીધા ઉપરાંત ઘેરે જઈ માનકીને ખૂબ મારી એના પૈસા લઈને દારૂ પીવા ગયો. રસ્તામાં દીકરી મળી તો દીકરીને પણ ધમકાવી-ડરાવીને તેના પૈસા લઈ લીધા. દીકરીને મનમાં એમ કે મારા પૈસા લઈ લીધા પણ મારી બા પાસે ઘેર પૈસા હશે, એટલે ઘર ચાલશે. પરંતુ ઘેર જઈને જોયું તો માનકી પણ રડતી હતી કે મારા પૈસા પણ પડાવી ગયો. દીકરીને ખૂબ ગુસ્સો ચડ્યો અને સીધી પોલીસ સ્ટેશન જઈ બાપવિરુદ્ધ ફરિયાદ કરી બાપને જેલમાં પુરાવી દીધો.



ઉપરોક્ત તમામ બનાવમાં બહેનો ઉપર જુદી જુદી જાતની મુશ્કેલી આવી પરંતુ બહેનોએ જરાપણ ગભરાયા વગર કે ડર્યા વગર આપસૂઝથી અથવા બીજાની મદદથી રસ્તા કાઢ્યા. આ બધી વાતો અગાઉ કરેલ શિબિરમાંથી જાણી છે અને તમને કહેવા પાછળનું કારણ પણ એ જ છે કે દરેકના જીવનમાં નાની-મોટી મુશ્કેલીઓ તો આવે જ છે. તો સમજી-વિચારીને એનો રસ્તો કાઢવો જોઈએ. નહિ કે ગભરાઈને કોઈ ઉતાવળિયું પગલું ભરવું જોઈએ કે નિરાશ થઈને કેરોસીન કે કૂવાનો સહારો લેવો જોઈએ. આપણી અંદર અનેક જાતની શક્તિ રહેલી છે પણ એને બહાર કાઢવાની જરૂર છે. આપણે આપણી જાતનું મૂલ્ય સમજવાની જરૂર છે.

## સામૂહિક ચળવળ

આપણે આગળ જોયું કે કોઈ એક બહેન પર કંઈ મુશ્કેલી આવી પડે અને એનો સામનો બહેન પોતે હિંમતથી અને કોઈની મદદ લઈને કરે અને લડત આપે એને વ્યક્તિગત ચળવળ કે લડત કહેવાય.

આજે આપણે જે વાત કરીશું તે સામૂહિક એટલે બધાંની. કોઈ એવા પ્રકારની મુશ્કેલી કે જે કોઈ એક વ્યક્તિની ન હોય પણ બધાંને સ્પર્શતી હોય. એ આફત બધાની હોય, સમૂહની હોય અને એને હટાવવા કે પ્રતિકાર કરવા જે લડત આપે તેને સામૂહિક ચળવળ કહેવાય. સામૂહિક ચળવળમાં મુશ્કેલી કે આફત બધાંની હોય છે અને એનો પ્રતિકાર પણ બધાં સાથે મળીને જ કરે છે.

સામૂહિક ચળવળ દ્વારા સ્ત્રી-અધિકારપ્રાપ્તિની અનેક ઘટનાઓ આપણા દેશમાં ઘટી છે. આવી એક ઘટના કંઈક આવી છે.

હિમાલયની તળેટીમાં અને નાની નાની પહાડીઓમાં ખૂબ ગાઢ જંગલો આવેલાં છે. ત્યાંની વસ્તીનો નિર્વાહ એ જંગલના ઝાડ પર જ ચાલે છે. એક વખત એવું થયું કે આ વિસ્તારમાં જંગલના અધિકારી આવીને કહે છે કે આ જંગલો કાપી નાખવાનાં છે. આ સાંભળી બધી બહેનોએ એકઠી થઈ વિચાર્યું કે જો આ જંગલ કપાઈ જાય તો આપણા બધાંના જીવનનિર્વાહનું શું ? જંગલની વનસ્પતિ, લાકડાં, દવા, જડીબુટ્ટી, લાખ, ગુંદર પર જ આપણો જીવન-નિર્વાહ ચાલે છે. તો આપણું શું થશે ? બધાંનો-સમૂહનો પ્રશ્ન હતો. એટલે બધાં એ ભેગાં મળી રસ્તો કાઢવાનો વિચાર કર્યો. જ્યારે મજૂરો ઝાડ કાપવા આવ્યા ત્યારે એક એક બહેન એક એક ઝાડને બાથ ભરીને ચીપકી ગઈ અને કહ્યું કે તમારે ઝાડને કાપવું હોય તો પહેલાં અમને કાપો. ત્રણ દિવસ લાગલાગટ બહેનો ઊભી રહી. અંતે જંગલ કાપવા માટે આપવામાં આવેલો હુકમ પાછો ખેંચવો પડ્યો, કાપવાવાળા પાછા જતા રહ્યા અને જંગલનાં ઝાડ બચી ગયાં. બહેનો મોટી મુશ્કેલીમાંથી બચી ગઈ. ઝાડને ચીપકવાની વાત હતી એટલે આ આંદોલનને 'ચીપકો આંદોલન' કહે છે.

એક બીજી વાત કોલર જિલ્લાની છે. આ જિલ્લાની બહેનોના નામે સરકારે જમીન આપી. હવે સામાન્ય રીતે જમીન તો પુરુષના નામની જ હોય છે. પણ સરકારે બહેનોના નામે આપી એટલે પુરુષોએ ખેડવા જવાની ના પાડી. હવે જો ખેતર ખેડાય નહીં અને અનાજ પાકે નહીં તો જમીન નકામી જાય. પુરુષના નામની જમીન હોય તો બહેનો મદદ કરે જ છે ને ? બધી બહેનો એકઠી થઈ અને નક્કી કર્યું કે જ્યાં સુધી

પતિદેવો ખેતર ખેડવા ના જાય ત્યાં સુધી રાંધવાનું નહીં. પુરુષો ભૂખ્યા થયા કે બોલ્યા 'રાંધો જમીને જઈશું.' પણ બહેનોએ કહ્યું શો ભરોસો ? જમ્યા પછી ન જાઓ તો ? એટલે પહેલાં ખેતરે જ જાઓ, પછી ચૂલા સળગશે. અંતે બે દિવસ પછી પુરુષો ખેતર ખેડવા ગયા. બધી બહેનોનો પ્રશ્ન હતો અને બધી બહેનોએ સાથે મળીને જ એનો રસ્તો કાઢ્યો.

આવી જ એક વાત દક્ષિણ આફ્રિકાના એક ગામની છે. આ ગામની લગભગ બધી જ બહેનોને પતિનો ત્રાસ હતો. બધી બહેનોને પતિનો માર ખાવો પડતો. બધી બહેનોએ ભેગાં થઈ નક્કી કર્યું કે આનો કંઈક રસ્તો કાઢવો જોઈએ. કોઈ એક બહેનને માર પડતો હોય અને એની પડોશની બહેન એને બચાવવા જતી તો તેને પણ સાથે માર પડતો એટલે બહેનોએ નક્કી કર્યું કે આપણે એક વ્હીસલ રાખવી. જે બહેનને માર પડતો હોય એ બહેનના પડોશી બહેન બહાર નીકળી વ્હીસલ વગાડે. જે વ્હીસલ સાંભળે એ પોતે પોતાની વ્હીસલ વગાડી બીજીને જાણ કરે. આમ કરતાં કરતાં બધી બહેનો ભેગી થઈને જે બહેનને માર પડતો હોય તેને ઘેર જાય અને બહેનને બચાવે. હવે પુરુષના સ્વભાવની એ લાક્ષણિકતા છે કે બીજી સ્ત્રી પાસે એ પોતાની જાતને હલકી પાડવા દેતો નથી. બધાના દેખતાં પત્નીને મારે તો શરમ આવે. આમ કરતાં કરતાં બહેનો ને પુરુષોનો ત્રાસ ઓછો થયો.

રામપુરા ભંકોડા ગામમાં દારૂ ખૂબ પીવાતો. ગામમાં જ દારૂ ગળાય એટલે પીવાય પણ વધારે. પુરુષો દારૂ પીને બહેનોને હેરાન કરે. બહેનોએ સાથે મળીને નક્કી કર્યું કે પુરુષોને ખબર ન પડે તેમ દારૂના માટલાં જ્યાં મૂક્યાં હતાં ત્યાં જઈ ફોડી નાખવાં જેથી દારૂ ઢોળાઈ જાય અને પુરુષો પી જ ન શકે. બહેનોએ આવું માટલાં ફોડવાનું કામ શરૂ કર્યું. પુરુષોને નવાઈ લાગતી કે આ માટલાં કોણ ફોડી નાખે છે ? અંતમાં ગામમાં ધીરે ધીરે દારૂ ગળાતો ઓછો થઈ ગયો.





## અંધશ્રદ્ધા અને આરોગ્ય

આ પછી બીજી મુખ્ય ચર્ચા અંધશ્રદ્ધાની અને તેની આરોગ્ય પર પડતી અસરની શરૂ કરવામાં આવે છે. અંધશ્રદ્ધા અને વહેમની માનવસમુદાય પર પકડ કેવી છે તેની રજૂઆત કરીને બે પ્રયોગ બતાવવામાં આવે છે. પ્રયોગો બતાવ્યા પછી પ્રયોગો કરનારને કેવી રીતે પકડી પાડી શકાય, તેમની કહેવાતી ''દૈવી'' શક્તિનો પર્દાફાશ કેવી રીતે કરી શકાય તે કહેવામાં આવે છે. આ સાંભળીને શિબિરાર્થી બહેનો પોતાના અનુભવો કહેતાં હોય છે. બાળકોના સ્વાસ્થ્યને સ્પર્શે છે ત્યાં આપણે પોતે પણ આવા ચમત્કારિક કહેવાય તેવા પ્રયોગો કરીએ છીએ તેમ કહી બાળકને ચહેરા પર કાળું ટપકું કરીને નજર નિવારવાની કે અન્યથા નજર ઉતારવાના પ્રયત્નોની વાત કરીએ કે તરત બહેનો પોતે કેવી રીતે તેમ કરે છે તેની વાતો કહેવા તત્પર થઈ જાય છે.

ત્યારબાદ સમય રહે તો પાણીની ડોલનો પ્રયોગ કરવામાં આવે છે. ગમે તેવા હાથ સીધા પાણીના વાસણમાં બોળીને પાણી પીવાથી આરોગ્યને નુકશાનકારક નીવડી શકે તેનું પ્રત્યક્ષ પ્રમાણ આપીને તેમને ડોયો વાપરવા સમજાવવામાં આવે છે. સાથે સાથે **''નસાડો''** સૂત્ર રજૂ કરીએ છીએ. ''ન'' નખમાંના મેલ માટે, ''સા'' સાબુના ઉપયોગ માટે અને ''ડો'' ડોયા માટે છે. સાબુથી હાથ ધોઈને ખાવું પીવું તેમજ ડોયાનો ઉપયોગ કરતાં રહેવું તેવી સમજ અપાય છે.

**ન = નખમાંથી મેલ કાઢી સાફ કરો**
**સા = સાબુનો ઉપયોગ કરો**
**ડો = ડોયાથી પાણી (ગ્લાસમાં) લો**

(મોરલી તે ચાલી રંગ રૂસણે રે)
કેવાં કેવાં બંધન મને બાંધ્યાં રે સાહેલડી
કેવાં કેવાં બંધન મેં તો સહ્યાં રે સાહેલડી
આજે કોઈની વારીહું તો નહિ રે વળું રે... (૨)
જોજે કેવાં બંધન મારાં તૂટે રે સાહેલડી
જન્મી તો પગે નાંખી રૂપેરી ઝાંઝરી
કેડમાં કંદોરો, કંઠે સોનાની હાંસડી... કેવાં કેવાં
હાથે-પગે, નાકે-કાને હીરલા મોતીથી મઢી
નાથવાને અંગે અંગ છેદ્યાં રે સાહેલડી.... કેવાં કેવાં
નીચી આંખ, હળવી ચાલ, શિયળની શી પૂતળી
વ્રત-ઉપવાસ, ગોર્યો, કેવડા-ત્રીજને ફૂલ-કાજળી
કુળની મર્યાદા મારે ઈશ્વરની આણ વળી,
હૈયે મારે પાપ-પુણ્ય લાગ્યાં રે સાહેલડી... કેવાં કેવાં
કહે છે દેવી-પતિવ્રતા, માતા કહી પૂજા કરે
રાધા કહી ભક્તિ કરે, સીતા કહી સતી ગણે...
કરી અપમાન જૂઠા માન-પદવી દે
ચહેરો ભૂંસી મહોરાં પહેરાવ્યાં રે સાહેલડી... કેવાં કેવાં
જંજીરો તોડીને સ્નેહની સાંકળો ઘડાવશું
હેતપ્રીત ન્યાયથી આ જગને શણગારશું.
પિંજરુ ખોલીને આભ આંગણે ઉતારશું
જોજે કેવા બંધન મારાં તૂટે રે સાહેલડી... કેવાં કેવાં

## અંધશ્રદ્ધા એટલે શું ?

અંધશ્રદ્ધા એટલે ખોટા વહેમ, બાધા, આખડીમાં માનવું તે. શુકન-અપશુકનમાં માનવું તે. ચમત્કારમાં માનવું તે.

**એક વાર્તા :**

એક રાજા હતો. એ રાજાને વા નું દર્દ હતું. ખૂબ દવા કરવા છતાં કંઈ ફેર ન પડ્યો. અંતમાં એવો ઢંઢેરો બહાર પાડ્યો કે જે કોઈ વ્યક્તિ રાજાને વાનું દર્દ મટાડશે તેને રાજા અડધું રાજ્ય આપશે. આ ઢંઢેરો સાંભળી થોડા સમય પછી એક ફકીર રાજા પાસે આવ્યો અને ઈલાજ બતાવ્યો કે માનસરોવરના હંસનું લોહી જો એ ભાગ ઉપર ચોપડવામાં આવે તો દર્દ મટી જશે. હવે રાજા, વાજા અને વાંદરા સરખા. રાજાએ તો કંઈ આગળ-પાછળનો વિચાર કર્યા વગર સેનાપતિને હુકમ કર્યો કે સિપાઈઓની એક ટુકડી લઈ માનસરોવર જાઓ અને હંસનું લોહી લઈ આવો. સેનાપતિ ટુકડી લઈને ગયા. પહેલે દિવસે સરોવરને કિનારે પહોંચ્યા તો હંસો તેમને જોઈ સરોવરની વચ્ચે જતા રહ્યા. એ દિવસે એક પણ હંસ પકડાયો નહિં. બીજે દિવસે પણ આગલા દિવસની જેમ જ થયું. બીજે દિવસે સાંજે બધા ભેગા થયા કે આમ કેમ થાય છે ? ત્યારે એક સૈનિકે એક યુક્તિ વિચારી અને સેનાપતિને કહી. ત્રીજા દિવસે એ યુક્તિ અનુસાર બધા સરોવરને કિનારે ગયા અને થોડી જ વારમાં એક હંસ પકડાઈ ગયો. એને લઈને સેનાપતિ રાજા પાસે ગયો.

આ વાર્તા અહીં પૂરી થાય છે. અહીં બે સવાલ ઊભા થાય છે કે રાજાને અંતમાં વાનું દર્દ મટ્યું કે નહીં ? અને સેનાપતિએ યુક્તિ કઈ અજમાવી ?

તમે લોકો શું માનો છો ? રાજાને વા નું દર્દ મટ્યુ હશે કે નહિ ? આ રાજાને દર્દ મટ્યું નહિ.

બીજો પ્રશ્ન એ હતો કે સેનાપતિએ કઈ યુક્તિ કરી હતી ? હવે જ્યારે બે દિવસ સુધી હંસ ન પકડાયા તેથી સિપાઈએ સેનાપતિને એવું

કહ્યું કે આપણે કોઈ એવો વેશ ધારણ કરીએ કે જેનાથી હંસો ડરીને ભાગી ન જાય. આથી ત્રીજા દિવસે બધા સરોવરને કિનારે ગયા ત્યારે સાધુનો પહેરવેશ પહેરીને ગયા. હાથમાં કમંડળ-ગળામાં રુદ્રાક્ષની માળા,ભગવાં વસ્ત્રો જોઈ હંસોને વિશ્વાસ બેસી ગયો કે આ તો સાધુ મહાત્મા છે એ આપણને પકડશે નહિ અને એ કિનારા પર જ રહ્યા અને અંતે એક હંસ પકડાઈ ગયો.

આ વાર્તા પરથી સમજવાનું એ છે કે કોઈ પણ વ્યક્તિ ઉપર તેના બાહ્ય પહેરવેશ ઉપરથી વિશ્વાસ રાખવો જોઈએ નહિ. તેને ચકાસવો જોઈએ. આપણા ઘરની પાસે કોઈ સજ્જન પડોશી રહેવા આવે તો તેની સાત પેઢી સુધીની જાણકારી મેળવીએ છીએ જ્યારે આપણા ઘરમાં કોઈ સાધુ આવે તો તેને કંઈ પૂછતા જ નથી અને તેના પર આંધળો વિશ્વાસ મૂકી દઈએ છીએ. સાધુની જમાતે પણ પોતાના માટે એવી બચાવ-પ્રયુક્તિ શોધી છે કે સાધુને તેની જાતિ વિષે પૂછવું નહિ. સાધુ તો ચલતા ભલા. આપણે ઘણીવાર આવા સાધુ મહાત્મા પર વિશ્વાસ મૂકી દઈએ છીએ અને પેલો હંસ પકડાઈ ગયો તેમ મુશ્કેલીમાં ફસાઈ જઈએ છીએ. અમે એવું નથી કહેવા માગતા કે બધા જ સાધુ મહાત્મા ધુતારા હોય છે પણ મોટા ભાગના આવા હોય છે. માટે જ પહેલાં વ્યક્તિને પૂરેપૂરી ચકાસી લેવી જોઈએ. પછી જ તેના પર વિશ્વાસ મૂકવો જોઈએ. છેલ્લી અર્ધી સદીથી ચમત્કાર સાબિત કરવા ઈનામ જાહેર થાય છે પણ કોઈએ હજી પડકાર ઝીલ્યો નથી.

નોંધ : તાલીમ આપનારે આ પ્રકારની પ્રસ્તાવના બાંધ્યા પછી પ્રયોગો કરવાની શરૂઆત કરવી.

## લીંબુમાંથી લોહી કાઢવાના પ્રયોગ

**વાતની શરૂઆત :** મારે ઘેર એક સાધુ મહારાજ આવેલા અને જ્યારે મેં એમના સાધુપણા પર શંકા કરી ત્યારે એમણે એમના કોથળામાંથી લીંબુ કાઢ્યું. ચપ્પુ કાઢ્યું અને લીંબુ કાપ્યું તો લીબુમાથી રસને બદલે લોહી નીકળ્યું. હવે મને સવાલ એ થયો કે આ કઈ રીતે શક્ય બન્યું ? લીંબુમાંથી તો રસ જ નીકળે - લોહી ન નીકળે. તેથી મેં વિચારવાનું શરૂ કર્યું કે આ પ્રયોગમાં તેણે કઈ કઈ વસ્તુઓ વાપરી તો સૌપ્રથમ લીબુ વાપર્યું, મેં એને મારું લીંબુ આપ્યું તો પણ એણે લોહી કાઢ્યું, પછી મેં વિચાર્યું કે લીંબુ મારું અને ચપ્પુ પણ મારું આપું અને એ કાપે તો પણ સાધુએ લોહી કાઢ્યું. પછી વિચાર્યું કે ત્રીજી વસ્તુ એણે જે વાપરી તે એનો હાથ વાપર્યો. આથી મેં વિચાર્યું કે લીબું મારું, ચપ્પુ મારું અને કાપું પણ હું. અને તું દૂર ઊભો રહીને મંત્ર. આમ કરવાથી તે સાધુ લીંબુમાંથી લોહી કાઢી શક્યો નહિ અને ભાગી ગયો.

**સમજૂતી :**

★ એ સાધુએ ચપ્પુ પર અથવા તો પોતાના હાથ પર ચૂનાનું પાણી લગાવી દીધેલ કે જેથી લીંબુના રસ સાથે ચૂનો સંસર્ગમાં આવે ત્યારે રસનો રંગ લાલ થઈ જાય છે.

★ હવે સાધુને પડકારવો હોય તો સાધનો આપણાં જ રાખવાં જોઈએ. સાધન કોઈ વ્યક્તિના હાથમાં જવાં ન જોઈએ. સાધન વગર કોઈ પ્રયોગ કે ચમત્કાર શક્ય છે જ નહિ.

★ લીંબુના પ્રયોગને ચકાસવો હોય તો લીબુ અને ચપ્પુ આપણાં હોવાં

જોઈએ અને એને કાપવું પણ આપણે જ જોઈએ. પછી ભલે સાધુ દૂરથી મંત્રજાપ કરે છે. તો પણ લોહી નીકળવાનું જ નથી કેમ કે પ્રયોગનાં બધાં સાધનો આપણા હાથમાં જ છે.

લીંબુના પ્રયોગની વાત દરમિયાન સતત પ્રશ્નોત્તરી કરતાં રહેવું અને બની શકે એટલા જવાબો શિબિરાર્થી બહેનો પાસેથી કઢાવવા. આવી રીતે ઘણા સાધુ-સંત માતાજીના ફોટા લઈ ધૂપ-દીપના પૈસા લેવા આવે છે. ઘણીવાર તો એવું થાય છે કે એક હાથમાં માતાજીનો ફોટો હોય અને બીજા હાથમાં બીડી કે સિગારેટ હોય છે, અને છતાં લોકો ભોળવાઈને પૈસા આપતા હોય છે પણ શું ખાત્રી કે આપણે આપેલા પૈસાનો ઉપયોગ ધૂપ-દીપમાં જ થાય છે ? શું ખાત્રી એ પૈસાનો બીજો ઉપયોગ નહીં થયો હોય ? અને આવું ખાસ બાળકને ઓરી અછબડાનો સમય હોય ત્યારે જ બને છે. બાળકને ઓરી નીકળ્યા હોય એટલે આમ પણ માતા-પિતા ચિંતામાં હોય અને માનસિક સ્થિતિ સારી ન હોય ત્યારે આવા લેભાગુ-ધુતારાઓ આનો ગેરલાભ ઉઠાવતા હોય છે.

આ જ પ્રકારની એવી ઠગાઈ થતી હોય છે કે ઘણા ધુતારાઓ માતાજીનો ફોટો લાવે અને એમાંથી કંકુ કાઢે છે. આ બનાવટ એવી રીતે કરતા હોય છે કે ફોટાની ફ્રેમ પાછળથી ઢીલી રાખે છે અને ત્યાં કંકુ સંતાડેલું હોય છે. પછી સામેની વ્યક્તિને વાતચીતમાં રોકી રાખે છે અને ફોટાને હલબલાવે છે. આથી પાછળનું કંકુ આગળ આવી જાય છે અને પછી એવું કહે છે કે જુઓ આ માતાજીના ફોટામાંથી કંકુ નીકળ્યું અને લોકો સાચું માની લે છે અને ઘરમાં પૈસા ન હોય તો ધાન કે બીજી કોઈ પણ વસ્તુ આપી દે છે.

આ ઉપરાંત એવી પણ છેતરપિંડી કરવામાં આવે છે કે માતાજીનાં કંકુનાં પગલાં લોકોને બતાવવામાં આવે છે અને પૈસા પડાવવામાં આવે છે. એક કપડાને હળદરના પાણીમાં બોળીને સૂકવી દેવામાં આવે છે. ત્યારબાદ કોઈ એક વ્યક્તિ નક્કી કરીને તેના પગ સાફ કરવાને બહાને સાબુના પાણીથી ધોવામાં આવે છે અને પછી તેના પર વ્યક્તિને ચલાવે છે ત્યારે પગલાની લાલ છાપ ઊઠે છે. આને ઠગ લોકો એમ કહે છે કે જુઓ માતાજીનાં કંકુપગલાં અહીં પડ્યાં છે. લોકો પગે લાગે છે અને પૈસા આપે છે. હવે બુદ્ધિથી વિચારીએ તો આ તો આપણો સૌનો અનુભવ છે કે કપડાં પર હળદરના ડાઘ પડ્યા હોય અને કપડાં ધોવાના સમયે ઉપર સાબુ લગાવીએ તો એ લાલ થઈ જાય છે. આમાં માતાજીનાં કંકુપગલાં જેવું હોતું જ નથી.

નાળિયેરમાંથી ચૂંદડી કાઢવાનો પ્રયોગ કરીને પણ લોકોને છેતરવામાં આવે છે. સૌપ્રથમ નાળિયેરની આંખ શોધી કાઢી પછી અંદરનું પાણી બહાર કાઢી નાખવામાં આવે છે. એ કાણામાંથી ચૂંદડી અંદર નાખી દેવામાં આવે છે. પછી લોકો સમક્ષ એવી રજૂઆત કરવામાં આવે છે કે આ નાળિયેર પવિત્ર છે. તેને તોડવાથી માતાજીની ચૂંદડી નીકળશે. લોકો સાચું માની જાય છે અને ઠગાય છે. હવે આ લોકોને ખુલ્લા પાડવા હોય તો આપણે જ બજારમાંથી નાળિયેર લઈ આપણા જ હાથમાં રાખી અને એને કહેવું કે હવે તું આમાંથી ચૂંદડી કાઢી આપ. પણ નહિ નીકળી શકે, કારણ કે પેલા નાળિયેરમાં તો અગાઉથી જ ચૂંદડી નાખી દેવામાં આવી હોય છે.

## મંત્રાગ્નિનો પ્રયોગ

આ પ્રયોગ, વગર દીવાસળીએ અગ્નિ પ્રગટાવવાનો છે. આ પ્રયોગમાં સૌપ્રથમ એક વાસણમાં છાપાના કાગળના નાના નાના ટુકડા મૂકવામાં આવે છે. અને આ ટુકડાઓ પૈકીના એક કાગળમાં પોટેશીયમ પરમેંગેનેટનો ભૂકો કરી પડીકી વાળી મૂકી દેવામાં આવે છે. પ્રયોગ કરતી વખતે એના પર ગ્લિસરીનનું એક ટીપું નાખવામાં આવતાં પોટૅશિયમ પરમૅંગેનેટ અને ગ્લિસરીન ભેગાં થતાં સ્ફોટક ક્રિયા થાય છે અને અગ્નિ ઉત્પન્ન થાય છે.

આ પ્રયોગને ઠગ લોકો એવી રીતે રજૂ કરે છે કે અમારા મંત્રમાં એવી શક્તિ રહેલી છે કે વગર દીવાસળીએ અમે અગ્નિ પ્રગટ કરી શકીશું. ૧૦ વર્ષ પહેલાં સદાચારી બાબાએ આ પ્રકારનો યજ્ઞ કરેલો. તેમાં એમણે એ યુક્તિ વાપરેલી કે એક લાકડું ખાસ હિમાલયથી લાવેલ છે. આ લાકડાને પોટૅશિયમ પરમૅંગેનેટના પ્રવાહીમાં વારંવાર બોળીને સૂકવીને તેના પર તેનો ઢોળ ચડાવી દેવામાં આવેલ અને ત્યારબાદ યજ્ઞમાં હોમ્યું, યજ્ઞકુંડમાં તેમાં ગ્લિસરીન ભેગું કરી દીધેલ આથી પોટૅશિયમ પરમૅંગેનેટ અને ગ્લિસરીન વચ્ચે રાસાયણિક પ્રક્રિયા થઈ અને અગ્નિ પ્રગટ થયો.

## આગથી રમવાનો પ્રયોગ

આવી જ રીતે કેટલાક હાથમાં અગ્નિ રમાડવાની કળા અજમાવે છે એમાં કાપડના ટુકડા ભેગા કરી તેના પર દોરી વીંટી એક નાની દડી જેવું બનાવવામાં આવે છે. એ દડીને કેરોસીનમાં બોળી હાથ પર મૂકવામાં આવે છે અને પછી તેને સળગાવીને એક હાથ પરથી બીજા હાથ પર લઈને રમવામાં આવે છે.

આ પ્રયોગની પાછળ એ નિયમ છુપાયેલો છે કે ૫ સેકન્ડ સુધી અગ્નિ તમારી ચામડીના સંપર્કમાં રહે તો ચામડીને કોઈ ઈજા થતી નથી.

ઉપરોક્ત પ્રયોગમાં પણ એવું જ કરવામાં આવે છે કે અગ્નિને એક હાથમાં વધારે સમય રાખવામાં આવતો નથી તેથી અગ્નિની દઝાડવાની અસર થતી નથી.

આવી જ રીતે હાથમાં દીવો લઈને આરતી ઉતારવામાં આવે છે. દીવેટ હથેળીમાં લઈને સળગાવે છે. ત્યારે કેશાકર્ષણના નિયમને લીધે ઘી ઉપર ચડે છે અને દીવેટનો ઉપરનો ભાગ બળે છે. થોડીવાર પછી ઘીની ગરમી નીચે ઊતરે છે અને હથેળી ગરમ લાગે છે. ત્યારે હથેળીમાં થોડું ઘી કે તેલ ઉમેરવામાં આવે છે. આવી રીતે ઘણા સમય સુધી આરતી ઉતારી શકાય છે.

## આગ સાથે ખાવાનો પ્રયોગ

એક સળિયાના એક છેડા પર કપડાનું બટન કેરોસીનમાં ડુબાડીને મૂકવામાં આવે છે. ત્યારબાદ તેને સળગાવી મોમાં મૂકવામાં આવે છે. અંદર ગયા પછી હોઠ બંધ કરવામાં આવતાં અંદર ઑક્સિજન મળતો બંધ થવાથી અગ્નિ હોલવાઈ જાય છે. અને આ બધી ક્રિયા ૫ સેકન્ડ કરતાં ઓછા સમયમાં થવાથી અગ્નિની અસર થતી નથી.

## કાગળ પર વગર દીવાસળીએ પાણીથી અગ્નિ પ્રગટાવવાનો પ્રયોગ

આ પ્રયોગમાં છાપાના કાગળમાં સોડિયમ ધાતુના એક નાના ટુકડાને સંતાડી મૂકવામાં આવે છે. પ્રયોગ કરતી વખતે ઉપરથી એ જગ્યા પર પાણી રેડવામાં આવતાં સોડિયમ ધાતુ અને પાણી વચ્ચે રાસાયણિક પ્રક્રિયા થતાં અગ્નિ પ્રગટ થાય છે.

આ પ્રયોગ બીજી રીતે પણ કરવામાં આવે છે. નાળિયેરના ઉપરનાં છોતરાં થોડા આમ તેમ ખસેડી અંદર સોડિયમ મૂકી દેવામાં આવે છે. ત્યારબાદ નાળિયેરને પવિત્ર કરવાને બહાને તેના ઉપર પાણી રેડવામાં આવે છે અને અગ્નિ પ્રગટ થાય છે.

નવરાત્રિ કે ધાર્મિક દિવસોમાં આવું પણ બનતું હોય છે કે લોકો ધૂણે છે. ઘણાને માતાજી પણ આવે છે. તો આ શું છે ? મનોચિકિત્સકોના કહેવા પ્રમાણે ધૂણવું એ એક જાતનો માનસિક આવેગ અને ઉશ્કેરાટ છે. ધૂણનાર વ્યક્તિ ઉપર આસપાસના વાતાવરણની ઘણી સીધી અસર પડે છે. જેમકે મોટેભાગે એવું બનતું હોય છે કે કોઈ ધાર્મિક પ્રસંગ હોય, ઢોલ નગારાં વાગતાં હોય અને કોઈ સ્તુતિ બોલાતી હોય ત્યારે જ કોઈ વ્યક્તિ ધૂણવા લાગે છે. એ વ્યક્તિ એક તો નબળા મનની હોય અને તેની ઉપર આસપાસના વાતાવરણની અસર થાય છે.

## નજર ઉતારવાનો પ્રયોગ

આ પ્રયોગમાં હળદરવાળા પાણીમાં હાથ બોળી જે વ્યક્તિની નજર ઉતારવાની હોય તેના માથા પર હાથ ફેરવી ફરી પાછું હળદરવાળા પાણીમાં હાથ બોળવાના હોય છે. અંગૂઠા અને આંગળી વચ્ચે ચૂનાની ટીકડી અગાઉથી મૂકી દેવાની હોય છે. જેથી જ્યારે બીજી



વાર પાણીમાં હાથ બોળવામાં આવે ત્યારે ચૂનાની ટીકડી પાણીમાં પલળતાં પાણી લાલ થાય છે અને નજર લાગી છે એમ કહેવાય છે. ત્યારબાદ સમજાવવાનું હોય છે કે ચૂનો અને હળદર ભેગાં થયાં તેથી પાણીનો રંગ લાલ થયો નહિ કે વ્યક્તિને નજર લાગવાથી.

ઉપરોક્ત પ્રયોગ બાદ નજર ઉતારવાની ઘણી રીતો બહાર આવે છે જેમ કે એક રીતમાં છાણ, થાળી, વાટકો, ખીલી, માથાના વાળ-ચાર રસ્તાની અંગાર, ધૂળ વગેરે ભેગું કરીને નજર ઉતારવામાં આવે છે. વાટકો થાળીમાં ચોંટી જાય તો નજર લાગી છે એમ કહેવાય છે.

બીજી રીત એ પણ બહાર આવી છે કે એક લોટામાં છલોછલ પાણી ભરી તેના ઉપર જાડું કપડું બાંધી દેવાનું, તેને ઊંધો લટકાવવો. પાણી બહાર ન આવે તો લોકો માને છે કે નજર લાગી છે. પરંતુ આમાં સાચી વાત એ છે કે લોટામાં પાણી છલોછલ ભરેલું હોવાથી અંદર હવા નથી, જાડું કપડું બાંધીને ઊંધો લટકાવવાથી બહારની હવા દબાણ કરે છે. તેથી પાણી બહાર આવતું નથી. આમાં નજર લાગવાનો તો કોઈ સવાલ જ નથી. આ પ્રકારનો પ્રશ્ન સ્ત્રી પર કોમ્યુનીટીમાં કામ કરતાં એક કાર્યકર બહેને બહુ સરસ રીતે હલ કર્યો હતો. અહીં રહેતાં બહેનનું બાળક બીમાર પડ્યું હતું. બહેને લોટાવાળો પ્રયોગ કર્યો હતો. કાર્યકર બહેને આ વાત જાણી અને ત્યાંના જ એક બહેનને, બહેનને ખબર ન પડે તેમ વિશ્વાસમાં લઈને લોટાનું પાણી ઢોળી નાખ્યું, પછી બહેનને કહ્યું કે તમારા દીકરાને હવે સારું થઈ જવું જોઈએ. કેમ કે લોટાનું પાણી નીકળી ગયું છે પણ ખરેખર બાળક તો હજુ પણ માંદું જ હતું. પછી બહેનને વાસ્તવિકતા સમજાઈ અને દવા કરી ત્યારે બાળક સાજું થયું.

ઘણી વાર એવું પણ બનતું હોય છે કે વહુને બાળક ન થતું હોય તો દોરા-ધાગા કરવામાં આવે છે. ભૂવા પાસે કંઈક પ્રયોગો કરાવવામાં આવે છે. ઘણીવાર એવું પણ બનતું હોય છે કે શરૂઆતમાં ઘરના આવા ભૂવાઓ વડીલોનો વિશ્વાસ જીતી લેતા હોય છે. ત્યારબાદ પૂજાના બહાને વહુને એકલી બોલાવે છે અને એનો ઉપભોગ કરે છે. ઘણીવાર આવું વારંવાર બનતું હોય છે અને વહુને ઘણા કિસ્સામાં બ્લેકમેઈલ પણ કરવામાં આવે છે. આવું બધું અભણ, અશિક્ષિત સમાજમાં જ બને છે એવું નથી પણ શિક્ષિત સમાજમાં પણ બનતું હોય છે.

એક સત્ય ઘટના અહીં પ્રસ્તુત છે, ભણેલાગણેલા કુટુંબની વહુને દીકરો નહોતો. એક સાધુએ એવું કહ્યું કે કૃષ્ણ ભગવાનની સોનાની મૂર્તિ લઈ ગરમ કરીને પાણીમાં છમકાવવાની અને એ પાણી પી જવાનું. આ બહેને પ્રેગનન્સીના ત્રણ મહિનાથી પ્રયોગ શરૂ કરેલો. યોગાનુયોગ એને બાબો આવ્યો. પરંતુ એમની હોજરી બગડી ગઈ. હવે આ બહેન અને એમનાં કુટુંબીજનો શિક્ષિત હતાં છતાં પણ આ વાત માની લીધી અને એટલું પણ વિચારી ન શક્યાં કે બાળકની જાતિ ગર્ભાધાનના સમયે જ નક્કી થઈ જતી હોય છે.

કોમ્યુનીટીમાં બાળકને મોતીઝરો ટાઈફોઈડ થયો છે કે નહિ તેની તપાસ માટે ઘઉંના દાણા પાણીમાં નાખવામાં આવે છે. જો બાળકને ટાઈફોઈડ થયો હોય તો દાણા પર સફેદ દાણા જેવું અને ફોલ્લા જેવું દેખાય છે. આ બાબતમાં બહેનોને આ રીતે સમજાવી શકાય કે કોઈપણ અનાજને પાણીમાં નાખો એટલે એ ફૂલવાનું જ અને દરેક અનાજમાં આવું થાય છે.

સ્ત્રી પર કોમ્યુનીટીમાં કામ કરતા અમારા કાર્યકર બહેનને આવા ઘણા અનુભવો થાય છે અને એ બહુ સરસ રીતે એમને સમજાવે છે.

કાર્યકર બહેન એક વખત કોમ્યુનીટીમાં ગયાં ત્યારે ઘણા લોકો એક કુંડાળામાં ઊભા હતા. એક ફકીર ઊભો હતો અને એણે એક કુંડાળું દોર્યું હતું અને લોકોને ડરાવતો હતો કે જે કોઈ વ્યક્તિ આ કુંડાળામાં પગ દઈને બહાર નીકળશે તે ફાટી પડશે. એટલે કે મરી જશે. અમારાં કાર્યકર બહેન કુંડાળાની અંદર જઈને ઊભા રહી ગયાં પછી એ જ કોમ્યુનીટીના એક બહેનને લઈને થોડા વખત માટે કંઈક બહાનું કાઢી કુંડાળાની બહાર લઈ ગયા અને ફરી પાછા આવી એ બહેનની સામે જ પાછા કુંડાળામાં ગોઠવાઈ ગયાં. ફકીર વાતોમાં રોકાયેલો હોવાથી આ તરફ એનું ધ્યાન નહિ ગયેલું. પછી ફકીરે પૈસા માંગવાની શરૂઆત કરી ત્યારે અમારા કાર્યકરે પડકાર્યો કે જો હું જ હમણાં આ જ વિસ્તારના એક બહેન કે જે કુંડાળામાં ઊભાં હતાં તેમને જ લઈને બહાર જઈને પાછી આવી પણ એમને તો કશું જ થયું નહિ. માટે હવે પછી આ વિસ્તારમાં આવવું જ નહિ. પેલો ફકીર અમારા કાર્યકર બહેન પર ખિજાતો-ખિજાતો જતો રહ્યો. હવે આ વાતમાં કાર્યકર બહેન એકલાં જ કુંડાળાની બહાર જતાં રહ્યાં હોત તો કોમ્યુનીટીના લોકોને પણ કદાચ વિશ્વાસ ન બેસત, પણ એ જ કોમ્યુનીટીના બહેનને લઈને જતાં રહ્યાં એટલે બહુ સરળતાથી આ વાત લોકો સમજી શક્યા હતા.

આવો જ એક બીજો કિસ્સો આ જ વિસ્તારમાં બનેલો. એક મદારી ટોપલામાં ઉંદર લઈને આવેલો અને ૨ ના ૪ ઉંદર કરતો. અમારા કાર્યકર બહેન પહોંચ્યાં અને કહ્યું કે તું ચારને બદલે પાંચ ઉંદર બનાવ તો હું તને જેટલા જોઈએ તેટલા પૈસા આપીશ. પરંતુ એ એના માટે અશક્ય જ હતું. કારણ કે તેની પાસે કુલ ૪ ઉંદર જ હતા. બે ઉંદર એ ટોપલામાં રાખતો અને બીજા બે ઉંદર ટોપલાના ઢાંકણના પોલાણમાં સંતાડી રાખ્યા હતા. ટોપલો બંધ કરી ઢાંકણ આમ તેમ હલાવતો તેથી બીજા બે ઉંદર ટોપલામાં આવી જતા. અંતમાં પકડાઈ જતાં એ મદારી ભાગી ગયો.

એક બહેન સાથે ઠગાઈની ઘટના બની. આ બહેનના ઘરમાં થોડી તકલીફ હશે. બપોરના સમયમાં એક માણસ આવ્યો અને એણે બહેનને કહ્યું કે તારા ઘરમાં જે મુશ્કેલી છે તે તને અમુક ગ્રહ નડે છે તે કારણે છે. આના ઉપાય માટે તારે લોખંડનું દાન કરવું પડશે. જો એ તું કરીશ તો તારી મુશ્કેલીનો અંત આવી જશે. એ બહેન કંટાળી ગયાં હતાં તેથી વાત તરત સ્વીકારી લીધી. પરંતુ એમને સવાલ થયો કે હું લોખંડનું દાન શું કરું ? મારી પાસે તો એવી કોઈ વસ્તુ નથી. હવે એવુ બન્યું કે પેલા માણસે ઘરમાં આવતાવેંત જોઈ લીધું હતું કે એક લોખંડની ખુરશી ઘરમાં છે, તેથી જ આખી વાત ઉપજાવી કાઢીને લોખંડના દાનમાં ખુરશી માગી. પેલા બહેને તો તેને આપી દીધી. સાંજે પતિ ઘેર આવ્યા ત્યારે છેતરાઈ ગયાનો ખ્યાલ આવ્યો.

જાગૃતીકરણ શિબિર દરમિયાન એક શિબિરાર્થી બહેનનો પોતાનો અનુભવ જાણવા મળ્યો. આ બહેન ત્યક્તા હતાં. એક મહારાજ એ વિસ્તારમાં આવેલા. આડોશી-પાડોશીએ બહેનને કહ્યું કે આ મહારાજ પાસે જઈશ તો તારું જીવન સુધારશે. એ બહેન મહારાજ પાસે ગયાં. એક વખત ગયા પછી સળંગ છ મહિના જુદા જુદા વાયદા

અને માગણીઓ કરી તેણે બહેનને ભરમાવ્યા કર્યાં લાંબા સમય સુધી કંઈ પરિણામ ન આવવાથી બહેનને શંકા ગઈ અને એમની પાસે જવાનું બંધ કર્યું. પરંતુ એટલા સમયમાં બહેનને પૈસાની બાબતમાં ખૂબ ખંખેરી લીધાં હતાં. એ બહેને ઘર બદલ્યું, તો ત્યાં પણ પડોશીઓએ એક દિવસ કહ્યું કે મહારાજ આવ્યા છે. તું ત્યાં આવ. બહેનને આગલા અનુભવથી ઈચ્છા નહોતી પરંતુ એ પરાણે ગયાં. જ્યારે એ રૂમમાં દાખલ થયાં તો જોયું તો એ જ મહારાજ હતા. મહારાજ પણ એમને ઓળખી ગયા. બહેન તો તરત જ બહાર નીકળી ગયાં. મહારાજને પોતાની પોલ ખુલી જશે એ બીક લાગી. આથી તેઓ એ બહેન વિષે ત્યાં હાજર વ્યક્તિઓને ગમે તેમ કહેવા લાગ્યા. એ બહેનને એટલો સંતોષ થયો કે તે કાંઈ ખૂબ મોટી ખરાબીમાંથી બચી ગયાં.

આ પ્રયોગો ઉપરાંત બીજા પ્રયોગો પણ છે.

## જીભની આરપાર સળિયો નાખવો

આ પ્રયોગમાં એક વચ્ચેથી વળાંકવાળો સળિયો જીભની અંદર મૂકી દેવાનો હોય છે. જેથી લોકોને સળિયો આરપાર ગયો હોય એમ લાગે છે.

મુસ્લિમ લોકો ખરેખર જીભમાં કે ગાલમાં સળિયા-તલવાર જેવું આરપાર નાખે છે. પણ એક પ્રકારના આવેગમાં આ કામ કરે છે. પરંતુ આટલી શારીરિક હેરાનગતિ કરવાથી શું સિદ્ધ થાય છે ? અથવા કોઈ સમસ્યાનું નિરાકરણ મળે છે ખરું ?

## નાટકથી ફળને હલાવવું

આ પ્રયોગમાં સ્ટેજ પર જતાં પહેલાં અગાઉથી ટેબલ પર રીંગ અથવા બંગડી મૂકી દેવાની હોય છે. ઉપર ટેબલક્લોથ મૂકી દેવાનું હોય છે. રીંગ પર બાંધીને દોરાનો એક છેડો ટેબલના એક છેડે લટકતો રાખવાનો હોય છે. રીંગ ઉપર ફળ મૂકવાનું હોય છે. પ્રેક્ષકમાંથી કોઈને બોલાવી તેના પર તાકવાનું કહેવાનું. ત્યારબાદ તમે 'હલ' બોલો એટલે તમારો સાથીદાર પેલી લટકતી દોરી ખેંચશે એટલે રીંગ ખેંચાશે અને ફળ હલશે. પાછું એ જ જગ્યાએ ફળને લાવવું હોય તો રબરનો ઉપયોગ કરી શકાય.

## નાડીના ધબકારા બંધ કરવાનો પ્રયોગ

એક રૂમાલ લઈ તેનો ડૂચો વાળી બગલમાં અગાઉથી દબાવી દેવાનો હોય છે. પ્રયોગ શરૂ કરતી વખતે પ્રાણાયામ કરતા હો તેવો ઢોંગ કરીને હાથ દબાવવો જેથી લોહી લઈ જતી નળી ઉપર દબાણ આવતાં લોહીનો પ્રવાહ અટકી જાય છે અને નાડીના ધબકારા બંધ થઈ જાય છે.

## ખજાનો શોધવાનો પ્રયોગ

સૌપ્રથમ અગરબત્તીના નીચેના ભાગને ભીનો કરી વળ ચડાવી દેવાનો હોય છે. પ્રયોગ કરતી વખતે કોઈના બે હાથનો ખોબો વળાવી વચમાં વળ ચડાવેલી અગરબત્તી મૂકવાની હોય છે. પછી તેના ઉપર પાણી રેડતાં પેલા વળ ખૂલે છે અને અગરબત્તી ફરે છે. આ પ્રયોગનો ઉપયોગ ખજાનો શોધવાના ઉપયોગમાં ઠગ લોકો કરે છે. જે બાજુ અગરબત્તી ઊભી રહે એ બાજુ ખજાનો દટાયેલો છે એવી વાત કરે છે.

## કાગળ ઉપર આગથી લખવું

**સાધનો :-** પોટૅશિયમ નાઈટ્રેડ-પાણી-કાગળ-પીંછી

**પૂર્વતૈયારી :-** કાગળ ઉપર પહેલેથી જ પોટૅશિયમ નાઈટ્રેડવાળા પાણીમાં પીંછી બોળી તેનાથી લખાણ લખી લેવાનું હોય છે. જ્યાં લખ્યું હોય ત્યાં નિશાની કરી લેવાની હોય છે.

ત્યારબાદ જે જગ્યાએ નિશાની કરી હોય એ જગ્યાએ સળગતી અગરબત્તી અડાડવાથી એ ભાગ સળગશે અને જે શબ્દો લખેલા હશે તે ઊઠી આવશે.

## મનની વાત જાણવાનો પ્રયોગ

પ્રયોગ કરતાં પહેલાં એક વ્યક્તિને ફોડી લેવાની. તેની પાસેથી લખાણવાળી ચિઠ્ઠી લેવાની નહિ, બાકીના પ્રેક્ષકો પાસે બધી ચિઠ્ઠીઓ ઉઘરાવવી. ત્યારબાદ એક ચિઠ્ઠી લઈ તમે તેના મનની વાત જાણો છો એવો ડોળ કરી સાધેલ વ્યક્તિનું નામ બોલી એમને કહો કે તમે લખ્યું છે તે બરાબર છે. સાધેલ વ્યક્તિ હા પાડશે.

નક્કી કરેલ વ્યક્તિએ ચિઠ્ઠી લીધેલી હોવાથી તમારા હાથમાં જે ચિઠ્ઠી હશે તે તમે ખોલીને વાંચી શકશો. એ ચિઠ્ઠી કોઈ બીજાની હશે. જ્યારે બીજી ચિઠ્ઠી ઉપાડો ત્યારે આગલી ચિઠ્ઠી લખનારનું નામ અને લખાણ યાદ રાખો. આ પદ્ધતિથી બીજી ચિઠ્ઠીઓ વાંચવાની.



# શિબિર દિવસ : ૪

**કાર્યક્રમ**

| બેઠક : ૧ | | બેઠક : ૨ | |
|---|---|---|---|
| (૧) પુનઃ સ્મરણ, ગીત<br>(૨) જાતીય શિક્ષણ | વિરામ | ગીત<br>(૧) સ્ત્રી અને બાળકોનું સ્વાસ્થ્ય<br>(૨) મા-દીકરીના સંબંધો | હરીફાઈઓ |

## જાતીય શિક્ષણ

હાજરી પુરાઈ જાય એટલે પુનઃ સ્મરણ કરાવાય છે. તે પછી એક ગીત ગવડાવવામાં આવે છે. ત્યાર પછી જાતીય શિક્ષણની વિગતે રજૂઆત થાય છે. આમાટે કોઈપણ મુદ્દો સમજાવતાં ખાસ બનાવેલાં ચિત્રોનો ઉપયોગ કરીએ છીએ. શરૂઆતમાં શિબિરાર્થીઓ સંકોચથી બેસે છે, ક્યારેક તે છુપાવવા ખોટું હસે છે. પણ રજૂઆતની શરૂઆત પ્રશ્નોથી કરીએ છીએ, તેથી સામાન્ય જાણવા જેવી પોતાની જાણકારી પણ પોતાને નથી એ વિશે તેઓ સભાન થાય છે, પરિણામે ગંભીરતાથી રજૂઆતો સાંભળે છે. આ વિષય પરની વિગતે પ્રશ્નોત્તરી પૂરી થાય એટલે તે દિવસે સ્ત્રી-બાળકોના સ્વાસ્થ્યને લગતો (બીજો વિષય લઈએ છીએ). સગર્ભાવસ્થા દરમ્યાનની કાળજી તેમજ પોષક આહાર (સગર્ભાવસ્થા દરમિયાન, તે પછી તેમજ બાળકો માટે)ની વિગતે ચર્ચા થાય છે. શિબિરાર્થીઓ પ્રશ્નો પૂછે છે. સગર્ભાવસ્થા સંબંધે બહેનોમાં ઘણી અંધશ્રદ્ધા હોય છે. એકનો ઉલ્લેખ કરતાં બહેનો જ અનેકની વાતો કરે છે. તે દરેકનું વૈજ્ઞાનિક સમજના પ્રકાશમાં ખંડન કરવામાં આવે છે. શિબિરાર્થીઓને વિગતો જાણ્યાનો આનંદ થાય છે કેમ કે તેમની પોતાના શરીર વિશે સમજ વધે છે. આ વાતો કરતાં સૌથી મોટી નિરાંત તેઓને એવું જાણીને થાય છે કે કોઈ સ્ત્રી વંધ્યા હોય તો તે તેની એકલીનો વાંક નથી અને કોઈ સ્ત્રીને એકથી વધુ દીકરીઓ જન્મે તો તેને માટે સ્ત્રી પોતે જ જવાબદાર નથી. આ વિગતો જાણ્યા પછી તેમના સૌના ચહેરા પર ફરકતું સ્મિત જોતાં રહેવાનો આનંદ અવર્ણ્ય હશે. કેટલા સૈકાઓથી સ્ત્રીને આ બંને માટે જવાબદાર ગણીને દુઃખી કરવામાં આવી છે !

બેટી હું મૈં
બેટી હું મૈં, બેટી, જો તારા બનુંગી (૨)
તારા બનુંગી મૈં સહારા બનુંગી (૨)
ગગન પર ચમકે ચંદા, મૈં ધરતી પર ચમકુંગી
ધરતી પર ચમકુંગી મૈં ઉજિયારા કરુંગી
પઢુંગી લિખુંગી મૈં, મહેનત ભી કરુંગી
અપને પાંવ ચલકર દુનિયા કો દેખુંગી (૨)
દુનિયાકો દેખુંગી મૈં દુનિયા કો સમજુંગી (૨)
બેટી હું મૈં, બેટી, મૈં તિતલી બનુંગી
તિતલી બનુંગી મૈં બાગોમેં ઊડુંગી (૨)
હવામેં ઝુમુંગી મૈં હવાકો ચુમુંગી (૨)
હવામેં ઝુમુંગી મૈં હવાકો ચુમુંગી (૨)
બેટી હું મૈં...

સમાજમાં વંધ્યાને અને દીકરીઓની માને સહેવાં પડતાં દુઃખોમાં આ માહિતીથી એકાએક ઘટાડો થતો જણાય છે. સમાજ આ બંને માટે સ્ત્રીને જવાબદાર ગણતો આવ્યો છે. આ માહિતી સમાજમાં જેટલી વધારે પ્રસરે તેટલાં સ્ત્રી પરનાં મહેણાં - જે માનસિક અત્યાચાર બની રહે છે અને તેની હકાલપટ્ટી જે શારીરિક અત્યાચાર પણ બની રહે છે તે - ઓછાં થવાં સંભવ છે. આ ઉપરાંત કુટુંબનિયોજન માટે જરૂરી સાધનોની ચર્ચા કરવામાં આવે છે તેમજ પ્લાસ્ટિકના મોડેલ દ્વારા કોપર-ટી કેવી રીતે મૂકાય છે તે બતાવવામાં આવે છે. તે જોઈને તેઓ આ સાધનોને વધુ સારી રીતે સમજી શકે છે. અન્ય સાધનો દ્વારા કુટુંબનિયોજનની વિગતો પણ ચર્ચાય છે.


આ જ દિવસે છેલ્લે હરીફાઈઓનું આયોજન કરવામાં આવે છે. ગામડાનો સંદર્ભ હોય તો ભરેલું બેડું લઈને ઝડપથી ચાલવાની હરીફાઈ રાખીએ છીએ તો બંને - શહેર અને ગામ - સંદર્ભે સોય પરોવવાની, લીંબુ-ચમચાની કે બટાકા-ટોપલીની વગેરે હરીફાઈઓ રાખવામાં આવે છે. જે સ્ત્રીઓ ઘરની બહાર મુક્તપણે જઈ શકતી નથી તેવી સ્ત્રીઓ માટે હરીફાઈ કરી શકાતી નથી. ક્યાંક એવું પણ બને છે કે બહાર નીકળીને હરીફાઈ કરાય તેવી જગ્યા પણ મળતી નથી. ભણેલી બહેનોની શિબિર હોય તો સ્મૃતિ-કસોટી રાખવામાં આવે છે.

“અવાજ” દ્વારા બહેનોના જાગૃતીકરણના કાર્યક્રમના ભાગરૂપે પાંચ દિવસની શિબિર યોજવામાં આવે છે. તે શિબિરના ઘણા વિષયોમાંનો એક વિષય જાતીય શિક્ષણ પણ રાખવામાં આવે છે. બહેનોને માહિતી આપવા માટે સવાલ-જવાબ, ચર્ચા અને વ્યાખ્યાન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. સૌ પ્રથમ બહેનોને થોડા સવાલ પૂછીને તેમને કેટલું આવડે છે તે જાણવાનો પ્રયત્ન થાય છે. તે ઉપરાંત પૂરતી માહિતી ન આપી શકે તો વિષયની ગંભીરતા સમજાય તે પ્રમાણેના પ્રશ્નો જ પૂછવામાં આવે છે.

જાતીય શિક્ષણ એટલે શું ? આપણી જાતિ કઈ ? સ્ત્રીની અને પુરુષની જાતિ કેવી રીતે ઓળખાય ? વગેરે પ્રશ્નો પૂછવામાં આવે છે અને ચર્ચાને આગળ ધપાવવામાં આવે છે.

સ્ત્રીના અને પુરુષના પ્રજનન અવયવોમાં સામ્ય હોવા છતાં બાહ્ય તેમજ આંતરિક રચનામાં ફરક હોય છે. અમુક મુખ્ય તફાવત પણ પ્રક્રિયાગત હોય છે. સ્ત્રીના શરીરની કુદરતી રચનાને કારણે તેને બાળકનું પ્રજનન કરવાનું હોય છે. આ એક ખાસ પ્રકારની રચના છે.

**બાહ્ય રચના**





શરીરમાં પેટની નીચેના ભાગમાં યોનિ આવેલી છે. યોનિ એ વિજ્ઞાનમાં વપરાતો શબ્દ છે. સામાન્યપણે તે "કાયા"ના નામે ઓળખાય છે. યોનિના ભાગમાં બે માર્ગ હોય છે. તે ભગોષ્ઠથી ઢંકાયેલા રહે છે. જે ભગોષ્ઠ અંદરના ભાગે હોય છે તેને નાના ભગોષ્ઠ કહે છે અને બહારના ભાગમાં આવેલ ભગોષ્ઠને મોટા ભગોષ્ઠ કહેવામાં આવે છે. મોટા ભગોષ્ઠ નાના ભગોષ્ઠને લગભગ ઢાંકી દે છે. અંદરના ભાગે બે માર્ગ હોય છે. તેમાં ઉપરના ભાગનો માર્ગ નાનો હોય છે. જેમાંથી પેશાબ પસાર થાય છે. જ્યારે તેની નીચે ૧"થી ૧ા"નીચે મોટો ભાગ હોય છે, તેને યોનિમાર્ગ કહેવામાં આવે છે. યોનિમાર્ગમાંથી છોકરી મોટી થાય ત્યારે માસિક બહાર આવે છે અને સ્ત્રી પુરુષના સંબંધમાં પણ યોનિમાર્ગનો ઉપયોગ થાય છે. ઉપરાંત પ્રસૂતિ દરમ્યાન બાળક પણ યોનિમાંથી બહાર આવે છે. યોનિથી થોડા નીચેના ભાગમાં જે ત્રીજો માર્ગ હોય છે તેને ગુદા કહેવામાં આવે છે જ્યાંથી મળ પસાર થાય છે.

યોનિમાર્ગ ચિત્રમાં બતાવ્યા મુજબ અંદરના ભાગને ગર્ભાશય કહેવાય છે. તેમાં યોનિમુખની પાછળના ભાગમાં યોનિપટલ આવેલો હોય છે. આ યોનિપટલ એટલે કે એક પાતળો પડદો હોય છે. જે માસિક પસાર થઈ શકે તેટલો હોય છે. તે સિવાય પડદો લગભગ આખો હોય છે. સ્ત્રી-પુરુષના સંબંધ વખતે આ પડદો તૂટી જાય છે. જેથી થોડું લોહી વહે છે જે યોનિમુખ દ્વારા બહાર આવે છે. પરંતુ યોનિપટલ હંમેશાં આખો જ હોય છે, જે માત્ર સ્ત્રી-પુરુષના સંબંધ વખતે જ તૂટે છે તેમ પણ હોતું નથી. ઘણી વખત છોકરીઓ સાઈકલ ચલાવતી હોય, ઝાડ ઉપર ચડતી હોય, રમત-ગમતમાં ભાગ લેતી હોય કે તેવા અન્ય કારણસર યોનિપટલ પ્રથમ સંબંધ પહેલાં પણ તૂટી શકે છે. આવા સંજોગોમાં સ્ત્રી-પુરુષના પ્રથમ સંબંધ દરમ્યાન પડદો નહીં તૂટવાના કારણે લોહી વહેતું નથી. આ બાબત સ્ત્રીઓએ જાણવી ઘણી જ અગત્યની છે, કારણ કે ઘણા લોકોમાં એવી માન્યતા હોય છે કે સ્ત્રીનું લગ્ન થાય ત્યારે પ્રથમ રાત્રિ દરમ્યાન લોહી વહેવું જ જોઈએ. જો તેમ ન થાય તો સ્ત્રીએ ભૂતકાળમાં કોઈ અન્ય પુરુષ સાથે સંભોગ કર્યો હશે તેમ માનવામાં આવે છે. જેના કારણે સ્ત્રીને ચરિત્રહીન ગણીને તેના લગ્નજીવનમાં પ્રશ્નો ઊભા થાય

છે. આમ, ખોટી માન્યતાને કારણે લગ્નજીવનની શરૂઆત જ ખોટી થવાનો સંભવ રહે છે. માટે સ્ત્રીઓએ અને પુરુષોએ બન્નેએ આ વાત જાણવી ખૂબ જરૂરી છે.

યોનિમાર્ગ ગર્ભાશય સુધી હોય છે. ગર્ભાશય અને યોનિમાર્ગ લગભગ અડીને આવેલા હોય છે.

ગર્ભાશય ચિત્રમાં બતાવ્યા મુજબના આકારનું હોય છે. તે સામાન્યપણે ''કોથળી'' તરીકે ઓળખાય છે. તે હાથની મૂઠી જેટલું હોય છે. બાળક જેમ જેમ મોટું થાય તેમ તેમ તે મોટું થાય છે. તેની બંને બાજુએ એક પાતળી નળી હોય છે. જેને અંડનલિકા કહેવામાં આવે છે. અંડનલિકાને છેડે પંજા જેવા આકારના સ્નાયુઓ હોય છે. જે પંખાની જેમ હલ્યા કરતા હોય છે. તેની નજીકમાં જ નાની એક ગ્રંથિ જેવું હોય છે




(૧) પેશાબનો માર્ગ (૨) માસીકનો માર્ગ (૩) સંડાસનો માર્ગ

જે ઈંડા જેવા આકારની હોય છે તેને અંડાશય કહેવામાં આવે છે. અહીં ઈંડું અથવા સ્ત્રીબીજ ઉત્પન્ન થાય છે.


છોકરીની અમુક ઉંમર એટલે કે લગભગ નવેક વર્ષ જેવી ઉંમર થાય એટલે મગજમાં એક ગ્રંથિ : પિચ્યુટરી : હોય છે, જેમાંથી અમુક ચોક્કસ પ્રકારના પદાર્થ ઉત્પન્ન થાય છે. આ પદાર્થ તેની નજીકમાં જ આવેલી બીજી ગ્રંથિમાં પહોંચે છે. ગ્રંથિમાંથી સ્ત્રાવ ઉત્પન્ન થાય છે જે અંગ્રેજીમાં હોર્મોન્સને નામે ઓળખાય છે. આ સ્ત્રાવ અથવા પદાર્થ લોહીમાં ભળીને ફરતા ફરતા અંડાશયમાં પહોંચે છે, જ્યાં અંડનું ઉત્પાદન શરૂ થાય છે.

આ સ્ત્રાવ-પદાર્થને કારણે છોકરીના શરીરમાં બીજા બાહ્ય ફેરફારો પણ જોવા મળે છે. છાતી-સ્તનના ભાગનો વિકાસ થાય છે. બગલમાં વાળ ઊગવા, પેઢુની નીચેના ભાગે યોનિ આજુબાજુ વાળ ઊગવા જેવા ફેરફારો થાય છે. થોડા સમય પછી માસિક આવવાની શરૂઆત થાય છે. ઉપરાંત સ્ત્રાવના કારણે જ છોકરાઓને, છોકરીઓ પ્રત્યે આકર્ષણ થાય છે, વાતો કરવી ગમે છે, છોકરીઓ સાથે મિત્રતાની ઈચ્છા થાય છે, સબંધ બાંધવાની ઈચ્છા થાય છે. જે ઉપર જણાવ્યા મુજબ બધામાં બને છે. આ તદ્દન સામાન્ય તેમજ કુદરતી બાબત છે.

સ્ત્રાવ અંડાશયમાં પહોંચે છે. અંડાશયમાં બાળકીના જન્મથી જ લાખોની સંખ્યામાં સુષુપ્ત અવસ્થામાં કોષો પડેલા હોય છે. સ્ત્રાવની સૂચના હેઠળ એક કોષમાંથી એક ઈંડું બને છે. સ્ત્રાવ અંડાશયમાં પહોંચ્યા પછી આ પ્રક્રિયા શરૂ થાય છે અને માસિક આવ્યાના લગભગ ચૌદમા દિવસે અંડાશયમાંથી અંડ બહાર આવે છે. અંડ બહાર પડે એટલે

અંડનલિકાને છેડે આવેલ સ્નાયુઓના સતત હલવાને કારણે અંડ તેના દ્વારા ઝડપાઈને અંડનલિકામાં પ્રવેશે છે. અંડનલિકામાંથી અંડ લગભગ ચારેક દિવસ અથવા, અમુક ચોક્કસ દિવસના સમયમાં પસાર થઈને ગર્ભાશયમાં પહોંચે છે. આ અંડ ૭૨ કલાક સુધી જીવિત રહે છે અને તે દરમ્યાનમાં એ સ્ત્રી-પુરુષનો સંબંધ થાય તો ગર્ભાધાન થાય છે.

## ગર્ભાધાન




સ્ત્રી-બીજ અંડાશયમાંથી છૂટું પડીને અંડનલિકામાં જાય છે. તે દરમ્યાનમાં સ્ત્રી-પુરુષ વચ્ચે સંબંધ થાય તો તેના કારણે વીર્ય સ્ત્રીના ગર્ભાશયમાં પહોંચે. વીર્યના એક ટીપામાં ઘણા બધા શુક્રાણુઓ, પુરુષ બીજ હોય છે. આમ, ગર્ભાશયમાં સ્ત્રી-બીજ અંડ જે અંડનલિકામાં હોય છે તેની ચારે બાજુ શુક્રાણુઓ પહોંચે છે અને અંડમાં પ્રવેશવાની કોશિશ કરે છે. કોઈ પણ એક જ શુક્રાણુ અંડની દિવાલ તોડીને અંડમાં પ્રવેશી શકે છે. અંડની દિવાલ એ પ્રકારની બનેલી હોય છે કે જેથી એક વખત એક શુક્રાણુના માથામાં રહેલ કેન્દ્ર બંને ભેગા થઈને એક જ કેન્દ્ર બને છે. આ પ્રક્રિયાને ગર્ભાધાનની કે ફલિનીકરણની પ્રક્રિયા કહે છે. આ ફલિત અંડ ત્યારબાદ એકમાંથી બે, બેમાંથી ચાર એમ વધવા માંડે છે.

ફલિત અંડ એક બાજુ વધવા માંડે છે અને સાથે સાથે તેની ગતિ તો ચાલુ જ રહે છે. એટલે નિશ્ચિત સમયે તે ગર્ભાશયમાં પહોંચીને તેની દિવાલે જોડાઈ જાય છે. જયાંથી પછી નાળનો વિકાસ થાય છે તેમજ પાછળથી ઓળ પણ વિકસે છે. ગર્ભાશયની દિવાલે જોડાયેલ ચોંટી ગયેલ અંડ ગર્ભાશયની દિવાલમાંથી પોષણ મેળવે છે અને વિકાસ થતાં થતાં બાળક થાય છે.

મગજની ગ્રંથિમાંથી નીકળેલા સ્ત્રાવ અંડાશયમાં પહોંચે છે. ત્યાં પણ હોર્મોન્સનું ઉત્પાદન થાય છે, જેના કારણે અંડાશયમાંથી અંડ ઉત્પન્ન થાય છે. તેમ જ ગર્ભાશયમાં સ્ત્રાવ પહોંચવાને કારણે ત્યાં પણ અંદરની બાજુએ દિવાલ બનવા લાગે છે. અથવા તો દિવાલ જાડી થાય છે. આ દિવાલની નીચે નાની નાની રક્તવાહિનીઓ, પેશી વગેરે હોય છે. એક તરફ અંડાશયમાં બીજ ઉત્પન્ન થાય છે, જયારે બીજી તરફ ગર્ભાશયમાં દિવાલ નીચે રક્તવાહિનીમાં લોહી ભરાય છે. ને તે લોહી તેમ જ અન્ય પ્રવાહી ભરાવાના કારણે રક્તવાહિનીઓ તેમજ પેશી તંત્ર થાય છે. સ્ત્રીબીજ જો ફલિત થાય તો ગર્ભાશયની દિવાલે ચોંટીને પોષણ મેળવે છે. પણ ફલિત ન થાય તો ગર્ભાશયમાં પહોંચે છે. ગર્ભાશયની દિવાલ તૂટી પડે છે. દિવાલ નીચેની નળીઓ અને પેશીઓમાંથી પોષક તત્ત્વો અંડના પોષણ માટે નહીં વપરાતાં તેના પર દબાણ જેવું ઊભું થાય છે જેના કારણે તે તૂટી જાય છે ને તેની સાથે પોણા ભાગની દિવાલ તૂટી જાય છે. લોહી અન્ય પ્રકારના રસ, દિવાલનો થોડો ભાગ આ બધું

યોનિમાર્ગ દ્વારા બહાર જાય છે જેને આપણે માસિક આવ્યું કહીએ છીએ. આ પ્રક્રિયા દર મહિને થતી હોવાના કારણે માસિક આવ્યું તેમ કહેવાય છે. તેમાં દિવાલ ટુકડા તેમજ અન્ય પ્રવાહી ચીકણા હોવાના કારણે માસિક ચીકણું હોય છે. લોહીનો રંગ લાલ હોવાથી બધું જ લાલ રંગનું થઈ જવાને કારણે બધું લોહી હોય તેમ આપણે માનીએ છીએ. પણ માસિકમાં બધું જ લોહી હોતું નથી. અંડ અત્યંત નાનું હોવાથી નરી આંખે જોઈ શકાતું નથી.

**આ લોહી કેવું હોય છે ? માસિક આવે ત્યારે તમે શું કરો છો ? શેનો ઉપયોગ કરો છો ? જે કપડાં લો છો તે કેટલા સમયે ધુઓ છો ?**

આપણે બધાં માનીએ છીએ કે માસિક દ્વારા જે લોહી વહે છે તે ગંદું હોય છે, તેનાં મુખ્ય કારણમાં લોહીનો કથ્થઈ રંગ અને ક્યારેક આવતી વાસ જવાબદાર છે. પણ જો લોહી અને પ્રવાહીમાંથી આખું બાળક સર્જાય તે ગંદું હોઈ શકે નહીં. લોહીનો સ્વભાવ છે કે તે નળીમાંથી જેવું બહાર નીકળે અને ખાસ કરીને વાતાવરણના સંપર્કમાં આવે એટલે જામવા માંડે છે. તેમજ તેનો રંગ બદલાઈ જાય છે. હવામાં રહેલાં જીવાણુઓ- કે જે નરી આંખે જોઈ શકાતાં નથી તે આ લોહી સાથે ભળીને લોહીને બગાડે છે તે કારણથી તેનો રંગ બદલાઈ જાય છે. તેમજ વધુ સમય આમ થવાને કારણે વાસ આવે છે. લોહી બહાર આવે ત્યારે ચોખ્ખું જ હોય છે પરંતુ હવાના સંસર્ગમાં આવવાથી બગડી જાય છે.

માસિક દરમ્યાન ઉપયોગમાં લેવાતાં કપડાં વધુમાં વધુ ૮ કલાકમાં સાફ કરવાં જ જોઈએ. ત્યારબાદ તેને બદલી નાખવાં જોઈએ. વધુ લાંબો સમય કપડાં રાખવાથી ચામડીમાં બળતરા થાય છે તેમ જ તેમાં રહેલાં જીવાણુ શરીરમાં જવાથી રોગ પણ થઈ શકે છે. આ બાબત ખાસ કરીને સુવાવડ વખતે ધ્યાનમાં રાખવાની હોય છે. આપણે ત્યાં ઘણી પ્રસૂતા બહેનોને કમર પાકવાનો રોગ થાય છે. આ રોગ થવાનું મુખ્ય કારણ કપડાંની સ્વચ્છતાનો અભાવ હોય છે. સુવાવડ પછી ઘણા દિવસો સુધી લોહી વહેતું હોય છે. તેવા સમયે ચોખ્ખાં કપડાં ન વાપરવામાં આવે અથવા યોગ્ય સમયે કપડાં ન બદલવામાં આવે તો જીવાણુ યોનિમાર્ગ દ્વારા સ્ત્રીના શરીરમાં પ્રવેશી શકે છે અને પરુ થાય છે, જેને આપણે સામાન્ય શબ્દોમાં કમર પાકી તેમ કહીએ છીએ. કપડાં સાફ રાખવાં અને શક્ય હોય તો પાણીમાં ઉકાળવાં જોઈએ અને ખુલ્લામાં સૂર્યનો તડકો મળે તેમ સૂકવવાં જોઈએ જેથી જીવાણુઓનો નાશ થાય છે.


માસિક આવવાનું કારણ તેમ જ ફલિનીકરણની વાત જાણી હવે બાળકની જાતિ વિશે જાણીએ.


આપણા સમાજમાં કોઈપણ સ્ત્રીને દીકરીઓ અવતરે તો તેને માટે સ્ત્રીને જ જવાબદાર ગણવામાં આવે છે, જેના કારણે સ્ત્રીને મ્હેણાં, ટોણાં, વર્તણૂકમાં ફરક જેવા માનસિક ત્રાસ સહન કરવા પડે છે અને ઘણા કિસ્સાઓમાં સ્ત્રીને કાઢી મૂકવામાં પણ આવે છે. પતિ બીજી સ્ત્રી પરણે છે, માટે પણ સ્ત્રીને ત્રાસ સહન કરવો પડે છે ને ક્યારેક સ્ત્રીનું અપમૃત્યુ પણ થતું હોય છે. માટે બાળકની જાતિ કેવી રીતે નક્કી થાય છે તે જાણવું ઘણું જ અગત્યનું છે.

આપણે જોયું કે સ્ત્રીબીજ અને પુરુષબીજ ભેગાં થાય ને અંડનું ફલિનીકરણ થાય છે. બન્ને કોષોનાં કેન્દ્રનું એકીકરણ થઈને એક થાય છે. અંડના કેન્દ્રમાં ૨૩ રંગસૂત્રો હોય છે. બન્ને કોષ ભેગા થતાં રંગસૂત્રોની ૨૩ જોડ થાય છે. દરેક જોડમાં એક રંગસૂત્ર એક પુરુષ બીજમાંથી અને એક સ્ત્રીબીજમાંથી આવેલ હોય છે. જેમકે ગોરો કે કાળો રંગ મા કે બાપ પર પડે છે. મોઢાનો દેખાવ નાક, આંખ વગેરે રંગસૂત્રોની જોડ બનવા પર આધારિત હોય છે અને તે મુજબ મા કે બાપ જેવાં હોય છે.

સ્ત્રીમાં જે જાતિ અંગેનું રંગસૂત્ર હોય છે તે x (એક્સ) કહેવાય છે. જ્યારે પુરુષમાં, શુક્રાણુમાં, રંગસૂત્રમાં x (એક્સ) અને y (વાય) બન્ને હોય છે. સ્ત્રીના x સાથે પુરુષના જો y મળે તો બાળકના રંગસૂત્રની જોડી xy (એક્સ-વાય) થતાં તેની જાતિ પુરુષની થાય છે. જ્યારે સ્ત્રીના x સાથે પુરુષના રંગસૂત્રનું x ઘટક મળે તો બાળકની જાતિ સ્ત્રી થાય છે.

આમ જોઈ શકાય છે કે રંગસૂત્રનું ભેગા થવું તે એક કુદરતી તેમ જ વાસ્તવિક પ્રક્રિયા છે અને ફલિનીકરણના થોડાક કલાકોમાં જ રંગસૂત્રોની જોડીનું નિર્માણ થઈ જવાના કારણે ગર્ભાધાનના થોડાક જ કલાકોમાં બાળકની જાતિ નક્કી થયેલી જ હોય છે. તેમાં ત્યારબાદ કોઈપણ ફેરફાર થઈ શકતો નથી. હજી સુધી એવી કોઈ વૈજ્ઞાનિક શોધ થયાનું ખ્યાલમાં નથી કે જેનાથી રંગસૂત્રોની જોડીના નિર્માણ ઉપર કાબૂ મેળવી શકાય કે તે અંગે તેને સૂચના આપી શકાય માટે બાળકની જાતિ નક્કી થવી તે સંપૂર્ણપણે કુદરતી પ્રક્રિયા છે. તે કોઈના પણ હાથની વાત નથી. માટે સ્ત્રીને છોકરો જન્મે કે છોકરી તેમાં તેનો વાંક કાઢી શકાય નહીં. પણ જો વાંક કાઢવો જ હોય તો પુરુષનો ગણાવી શકાય, કારણ કે તેનાં રંગસૂત્રમાં x (એક્સ) અને y (વાય) બન્ને હોય છે જ્યારે સ્ત્રીનાં રંગસૂત્રમાં તો માત્ર x જ હોય છે.





સ્ત્રી જ સ્ત્રીની ખરી મિત્ર

# શિબિર દિવસ : ૫

## કાર્યક્રમ

| બેઠક : ૧ | | બેઠક : ૨ | |
|---|---|---|---|
| (૧) સ્ત્રી અને કાયદો<br>(૨) સ્ત્રીનાં બંધનો | વિરામ | (૧) સંગઠનની રમત<br>(૨) મૂલ્યાંકન (૩) પ્રતિભાવ<br>(૪) ઈનામ અને પ્રમાણપત્ર વિતરણ | |

### સ્ત્રી અને કાયદો

શિબિરનો આ છેલ્લો દિવસ છે. આ દિવસની શરૂઆતમાં પુનઃ સ્મરણમાં સમય આપવામાં આવતો નથી, કેમ કે તે દિવસે મૂલ્યાંકન કરવાનું હોય છે. દિવસની શરૂઆત "સ્ત્રી અને કાયદા"ના વિષયની ચર્ચાથી કરવામાં આવે છે. સ્ત્રીને લગતા કાયદાઓ સમજાવવામાં આવે છે. ઉપરાંત સાંજ પછી પોલીસ સ્ટેશને બોલાવવામાં આવેલી સ્ત્રી ત્યાં જવાની ના પાડી શકે છે, એક સ્થાનેથી બીજે સ્થાને પોલીસ સાથે જવાનું હોય તો મહિલા પોલીસની માગણી કરી શકે છે. જામીન આપવાનો અર્થ રોકડ રકમ આપવી એવો થતો નથી, એવી અનેક માહિતી આપવામાં આવે છે. પ્રશ્નોના જવાબો આપવામાં આવે છે. વધુ વિગતો માટે અવાજના કાયદાકીય સલાહકેન્દ્રમાં મળવાનું સૂચવવામાં આવે છે. કાયદા વિશે વાતો કર્યાથી પ્રબળપણે ઊઠતી સમજ એ છે કે કોઈક તકલીફ ઊભી થાય તો સંસ્થામાં પૂછવા જવાય અને તો ઉકેલ પણ મળે.

**કાયદો એટલે શું ?** શા માટે કાયદો ઘડવામાં આવે છે જાણો છો ? લોકો સુખચેનથી જીવન વિતાવી શકે તે માટે કોઈને અન્યાય ન થાય તે માટે. કાયદો આપણને આપણા હક્કો શું અને જવાબદારી શું ? તેનું ભાન કરાવે છે. પરંતુ આવું ક્યારે બને ? જ્યારે આપણે કાયદો જાણતા હોઈએ. બરાબરને ? હવે કાયદો જાણવો એટલે શું ? કાયદો જાણવો એટલે કાંઈ એવું નથી કે આપણે કાયદાના મોટા મોટા ગ્રંથો વાંચીએ. તો શું કરવું જોઈએ ? કોઈ વ્યક્તિ ગુનો કરે અને પકડાય ત્યારે તે એમ ન કહી શકે કે કાયદાની દૃષ્ટિએ ગુનો ગણાય. ? કારણ કે કાયદાનો એક સિદ્ધાંત છે કે "કાયદાનું અજ્ઞાન એ બચાવ નથી". કાયદામાં એવું

અનુમાન કરી જ લેવામાં આવ્યું છે કે દરેક વ્યક્તિ પોતાના દેશના કાયદા જાણે છે. પરંતુ આપણે આપણા દેશમાં લાગુ પડતા દરેકે દરેક કાયદા જાણવાની કે યાદ રાખવાની જરૂર નથી. આપણે તો બહેનોને લગતા આપણા રોજિંદા જીવનમાં જરૂરી એવા કેટલાક કાયદાની માહિતી મેળવીશું. હવે આજકાલ બહેનોના જીવન સાથે સંબંધિત પ્રશ્નો ક્યા છે ? દહેજ, લગ્ન, ભરણપોષણ, છૂટાછેડા, બળાત્કાર વગેરે. વળી, જ્યાં બહેનો મજૂરી કરતાં હોય, નોકરી કરતાં હોય ત્યાં મજૂરકાયદાઓ, સમાન વેતનના કાયદા વગેરે જાણવા પડે. હવે, આપણે કાયદાની વાત શરૂ કરીએ.


તમારા ગામમાં બાળલગ્ન થાય છે ? તમે શું વિચારો છો આજના જમાનામાં બાળલગ્ન કરવાં ઉચિત છે ? શા માટે સરકારને બાળલગ્ન વિરોધી કાયદો ઘડવો પડ્યો ? બાળલગ્ન એટલે શું ? જાણો છો ? ૧૮ વર્ષથી નીચેના વયની છોકરી અને ૨૧ વર્ષથી નીચેની વયના છોકરાનાં લગ્ન થાય તો તેને બાળલગ્ન ગણવામાં આવે છે અને કાયદો તેને ગુનો ગણે છે. એટલે એ વાત તો સ્પષ્ટ છે કે માત્ર ઘોડિયામાં થનાર લગ્ન જ બાળલગ્ન નથી હોતાં. બાળલગ્નો કેમ ન થવાં જોઈએ ? તમે કરી શકો ? હુ તો એમ કહીશ કે શારીરિક, માનસિક અને સામાજિક દરેક રીતે અયોગ્ય છે. તમને એક આવો જ કેસ હું કહું.

બંગાળમાં એક જમીનદાર કે જેની ઉંમર ૩૫ વર્ષની હતી, તેણે ૧૧ વર્ષની ફુલકુંવર નામની છોકરી સાથે લગ્ન કર્યાં. જમીનદારે તેને શારીરિક રીતે હેરાન કરી ત્યારે છોકરી કે તેનાં મા-બાપ તો કંઈ બોલ્યાં નહીં. છોકરીના મા-બાપને થયું કે જમાઈરાજાને કાંઈ કહેવાય નહીં. પરંતુ આ બનાવ પછી અમારા જેવી સંસ્થાઓએ અને જાગૃત નાગરિકોએ વિરોધ કર્યો કે બાળલગ્ન ન જ થવાં જોઈએ. છેવટે ૧૯૨૯માં સરકારે બાળલગ્ન પ્રતિબંધક કાયદો (શારદા એક્ટ) પસાર કર્યો. હવે આવાં બાળલગ્નોમાં છોકરીને શારીરિક અને માનસિક યાતના તો ભોગવવી જ પડે. વળી નાની ઉંમરે લગ્ન કરવામાં આવે તો તેનામાં સમજદારી પણ કેટલી હોય ? તેને વહેલાં બાળકો જન્મે. નાની ઉંમરે જન્મેલાં બાળકો પણ નબળાં હોય. આમ માતા અને બાળક બન્નેનું સ્વાસ્થ્ય બગડે. સામાજિક દૃષ્ટિએ વિચારીએ તો એમ કહી શકાય કે છોકરા છોકરીનો શારીરિક વિકાસ લગભગ ૧૮-૨૦ વર્ષે પૂર્ણ થતો હોય છે. હવે આ ઉંમર પહેલાં જો લગ્ન કરવામાં આવે તો એવું પણ બની શકે કે છોકરો લાંબો હોય અને છોકરી ઠીંગણી અથવા તેથી વિરુદ્ધ પણ હોઈ શકે. વળી કોઈવાર એવું પણ બને કે બેમાંથી કોઈ એકને વધારે ગમી ગયું હોય અથવા તે બેમાંથી કોઈ એક બીજાને નાપસંદ કરતું હોય. કદાચ તેને અન્ય ક્યાંક મનમેળ થયો હોય. હવે જો આવી પરિસ્થિતિમાં તેમનું લગ્નજીવન ચાલુ રાખવામાં આવે તો શું થાય ? લડાઈ-ઝઘડા, માનસિક ત્રાસ, મારપીટ અને છેવટે તેમાંથી કેટલીક વાર છોકરી કંટાળીને આપઘાતનો માર્ગ પણ લે છે. તો આવી પરિસ્થિતિ સર્જવા માટે જવાબદાર કોણ ? આપણે ને ? સરકાર આપણા માટે કાયદા ઘડે છે તો શા માટે આપણે આવા કાયદાની મદદ લઈને આવાં લગ્ન થતાં રોકીને આપણી દીકરીઓની જિંદગીને ન બચાવીએ ?

૧૮ વર્ષથી નીચેની વયની છોકરી અને ૨૧ વર્ષથી નીચેની વયના છોકરાનાં લગ્ન કરવાં કે કરાવવાં તે એક પ્રકારનો ગુનો છે કે જેમાં લગ્ન

કરનાર કે કરાવનારને વિના વોરંટે પકડી શકાય. અને તેને ૩ મહિના સુધી કેદની સજા અને ૧૦૦૦ રૂપિયા સુધી દંડ કરી શકાય છે. બાળલગ્ન થવાનું છે એવી માહિતી જો કોઈને પણ મળે તો તેની જાણ પોલીસ અથવા સમાજ સુરક્ષાખાતાને કરી શકાય છે. મનાઈહુકમ મેળવી શકાય છે. આવા મનાઈહુકમ મેળવ્યા બાદ પણ જો આવાં લગ્ન કરવામાં આવે તો દોષિતને બેવડી સજા કરવામાં આવે. બેવડી સજા એટલે બે સજા. એક સજા બાળલગ્નના કાયદાનો ભંગ કરવાની અને બીજો કોર્ટે આપેલા મનાઈહુકમનું ઉલ્લંઘન કરવા બદલ, અને જો આવાં લગ્ન થઈ જાય તો લગ્ન થયાના એક વર્ષની અંદર તેને ગેરકાયદેસર કરાવવા કાનૂની કાર્યવાહી કરી શકાય છે.

## દહેજ



બહેનોના જીવન સાથે સંબંધિત બીજી સમસ્યા છે દહેજની. રોજ આપણે છાપામાં વાંચીએ છીએ કે દહેજને કારણે કેટલીક બહેનો આપઘાત કરે છે અથવા તેમને બાળી મૂકવામાં આવે છે. તમે કદાચ સાંભળ્યું હશે અથવા ટી.વી. પર જોયું પણ હશે. ઉત્તર પ્રદેશના મેરઠ શહેરમાં ૩ બહેનોએ એકી સાથે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. તેના થોડા સમય બાદ દક્ષિણ ભારતના પાલઘાટમાં ૪ બહેનોએ પિતા દહેજ આપી શકે તેમ ન હતા અને દહેજ વિના લગ્ન થઈ શકે તેમ ન હતું માટે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી. થોડા સમય પહેલાં પરિસ્થિતિ કાંઈક એવી હતી કે દીકરી સાસરે જાય ત્યાર બાદ થોડા સમયમાં આપઘાતના કે બાળી મૂકવાના બનાવો બનતા. પણ હવે તો પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે દીકરીઓ પરણતાં પહેલાં જ આપઘાતના માર્ગે વળી જાય છે. શા માટે દહેજના કારણે આપણી બહેનોએ પોતાના જીવનનો અંત લાવવો પડે કે કમોતે મરવું પડે ? જો કે તેના માટે પણ જવાબદાર તો આપણે - આપણો સમાજ જ છે ને ? કેવી રીતે ? નાનપણથી જ - જન્મથી જ આપણે છોકરા-છોકરીઓના ઉછેરમાં જે ભેદભાવ રાખીએ છીએ તે જીવનભર રાખતા જ રહીએ છીએ. બીજું, નાનપણથી જ આપણે છોકરીને પારકી થાપણ, સાપનો ભારો વગેરે ઉપનામો આપીએ છીએ. એટલે નાનપણથી જ છોકરીના મનમાં પોતાના પ્રત્યે હીનભાવ જન્મે છે. તે પોતાની જાતને મા-બાપ પર બોજો જ સમજે છે. શા માટે છોકરીના મનમાં એવા વિચારો આપણે પ્રેરિત કરીએ છીએ કે સ્ત્રીના જીવનનું એકમાત્ર ધ્યેય લગ્ન છે. જો લગ્ન નહીં થાય તો જીવન અધૂરું રહી જાય. કહેવાનો મતલબ એ નથી કે લગ્ન ન કરવાં જોઈએ. પરંતુ લગ્ન એ જ એક માત્ર ધ્યેય તો ન જ હોઈ શકે ને? શા માટે આપણે છોકરીઓને તેમના પગ પર ઊભા રહેવાની કેળવણી નથી આપતાં? માત્ર તે રસોડું સંભાળે અને ઘરના લોકોની સેવા-ચાકરી કરે તેવું જ કેમ ઈચ્છીએ છીએ ?

આ વાત દીકરીઓ અને બહેનોના સામાજિક ઉછેરની વાત કરી. પરંતુ ચાલો હવે આપણે કાયદો દહેજ વિશે શું કહે છે એ અંગે વિચારીએ.

સરકારે દહેજ પ્રથાને ડામવા માટે ૧૯૬૧માં કાયદો પસાર કર્યો. ત્યારબાદ તેમાં સુધારા થતા રહ્યા છે. છેલ્લો સુધારો ૧૯૮૫માં થયો છે અને સુધારેલા કાયદા પ્રમાણે

દહેજ લેનાર અને આપનાર બન્ને ગુનેગાર છે. અને દોષિત પુરવાર થાય તો તેને ઓછામાં ઓછી ૬ મહિનાની કેદ અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ અથવા દહેજની રકમ જેટલો દંડ થઈ શકે. વળી દહેજનો ગુનો એવો ગુનો છે જેમાં જામીન પર છૂટી શકાય નહીં. (સામાન્ય રીતે બહુ ભયંકર પ્રકારનો ગુનો ન હોય તો જામીન પર છૂટી શકાય છે.)

બીજી એક મહત્ત્વની જોગવાઈ એ કરવામાં આવી છે કે દહેજનો ગુનો જે વ્યક્તિની સામે નોંધવવામાં આવેલ હોય તો તેણે તે સાબિત કરવું પડે છે કે તે નિર્દોષ છે. દહેજ માટે ફરિયાદ નોંધાવનારે સાબિત કરવાનું નથી હોતું કે તે માણસ દોષિત છે.

ત્રીજી મહત્વની જોગવાઈ એ છે કે લગ્નસમયે સગાં-સંબંધી કે મિત્રો તરફથી ભેટ આપવામાં આવેલ હોય તો તે દરેક વસ્તુની કિંમત, વર્ણન, આપનાર વ્યક્તિનું નામ તે વરપક્ષ કે કન્યાપક્ષનાં સગાં છે તે સંબંધ જણાવતું એક લીસ્ટ તૈયાર કરવાનું હોય છે એમાં તેની ઉપર વર-કન્યાએ સહી કે અંગુઠા કરવાના હોય છે. જેમને વાંચતાં ન આવડે તેમને વાંચી સંભળાવવું પડે છે. અને વાંચનારની પણ તેમાં સહી કરવાની હોય છે. વળી લગ્નના ૭ વર્ષના સમય દરમ્યાન જો કોઈ સ્ત્રીનું સામાન્ય સંજોગો સિવાય મૃત્યુ થાય તો તેને દહેજ મૃત્યુ ગણી તેના પતિ કે અન્ય સગાંની સામે તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરી શકાય. આ ગુનો પણ બિનજામીનપાત્ર છે અને દોષિતને ૭ વર્ષથી માંડીને જન્મટીપની સજા થઈ શકે છે.

ઓરિસ્સાની સેશન્સ કોર્ટે આવા દહેજના એક કિસ્સામાં પતિને મૃત્યુદંડની સજા આપી હતી. આથી સમજી શકાય છે કે દહેજથી થતાં મૃત્યુને હવે કાયદો કેટલો ગંભીર ગણે છે. આ કિસ્સામાં પત્નીને તેના પિતા પાસેથી ૫૦૦૦ રૂપિયા લાવવા માટે દબાણ કરવામાં આવતું હતું, તે લાવવામાં તે નિષ્ફળ જતાં પતિએ તેને બાળી મૂકી કાયદો આટલો કડક હોવા છતાં આખરે સ્ત્રીમાં પોતાનામાં આત્મવિશ્વાસ હોવો જોઈએ. તે સમાજની ખોટી શેહ શરમ સંકોચ રાખ્યા સિવાય કાયદાની મદદ લે એ જરૂરી છે.

એક બીજો કિસ્સો દ.ભારતનો છે. કેરાલા એગ્રી. યુનિ.ની એક કોલેજના પ્રોફેસરની વાત છે. તેમનાં પત્ની કેરાલા એન્જી. ઈન્સ્ટિટ્યૂટમાં આસિ. ડાયરેક્ટરના પદે હતાં. તેમને પ્રોફેસર પતિ વધારે દહેજ લાવવા માટે સતત હેરાન કરતાં હતા. માટે તે બહેને તેમની ઓફિસમાં ઝેર પીને આત્મહત્યા કરી. આ કેસમાં પતિને ૭ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. આ કિસ્સામાં બે મુખ્ય વાતો છે એક તો એ વાત કે પતિ-પત્ની બંને આર્થિક રીતે સારી પરિસ્થિતિમાં હતાં, સામાજિક દરજ્જો પણ સારો હતો. છતાં દહેજની ભૂખ તેમને હતી. બીજી વાત એ છે કે આસિસ્ટન્ટ ડાયરેક્ટરના પદે હોય તેવી શિક્ષિત પત્ની પણ જો પતિ દ્વારા દહેજને કારણે કરવામાં આવતી

હેરાનગતિ સામે આ રીતે આત્મહત્યાના માર્ગે જાય તો શિક્ષણનો અર્થ શું ? તેના બદલે જો તેણે મક્કમ થઈને કાયદાની સહાય લીધી હોત તો તેને આત્મહત્યા ન કરવી પડી હોત એ સમજી શકાય તેવી વાત છે.

આવાં ઉદાહરણોને આધારે કહી શકાય કે માત્ર દહેજવિરોધી કાયદા ઘડવાથી કે તેમાં સુધારા કરવાથી કે વધારે કડક બનાવવાથી કંઈ થવાનું નથી. છેવટે તેનો ઉપયોગ તે સ્ત્રીઓના હાથની વાત છે. સ્ત્રીએ જ કાયદાની મદદ માંગવી પડે. જેમ આપણે આવા બનાવો સામે અદાલતમાં દાદ માંગીશું તેમ કાયદાનું અમલીકરણ વધશે એથી કદાચ આ પ્રકારના બનાવોમાં ઘટાડો પણ થઈ શકે.

## હિન્દુ લગ્ન અધિનિયમ ૧૯૫૫




તમે ઘણીવાર એવું સાંભળ્યું હશે કે અમુકને બે પત્ની છે. તો શું તે બંને પત્ની કહેવાય ? ના. કારણ કે હિન્દુ કાયદા મુજબ કોઈ પણ હિન્દુ પુરુષ એક થી વધુ પત્ની રાખી શકે નહીં. તે ફોજદારી કાયદા અન્વયે ગુનો બને છે. બીજી વાત એ કે લગ્ન ભલે ધાર્મિક વિધિ મુજબ થયાં હોય પરંતુ તે લગ્નની નોંધણી કરાવવી જરૂરી છે. તેનાથી લગ્ન થયાનો કાયમી પુરાવો બની શકે છે. ભવિષ્યમાં ક્યારેક ઉપયોગી થઈ શકે છે. તમને એમ થતું હશે કે બધાંની સામે લગ્ન કર્યા હોય પછી કોઈ એમ તો ના જ કહેને કે મારાં લગ્ન નથી થયાં !! પણ આવું ય ઘણીવાર બનતું હોય છે. એક ઉદાહરણથી આ વાત વધારે સ્પષ્ટ થશે.

થોડા સમય પહેલાં એક બહેનનો કેસ સંસ્થામાં આવ્યો હતો. એ બહેનનાં લગ્ન થયે ૧૦-૧૨ વર્ષ થઈ ગયાં હતાં. બાળકો પણ હતાં. બહેન ૩-૪ મહિના માટે પિયર ગયાં. ત્યાંથી પાછાં આવ્યાં તો તેમના પતિએ ઘરમાં બીજી પત્ની રાખી લીધી હતી અને કહે કે તું મારી પત્ની નથી. એટલે તે બહેન મૂંઝાયાં.તેમણે જુદાં રહેવાનું શરૂ કર્યું. પણ આવું લાંબું ચાલતાં બહેને ભરણપોષણનો દાવો માંડ્યો. હવે ભરણપોષણ તો જે કાયદેસરની પત્ની હોય તેને જ મળી શકે. પેલા ભાઈએ પોતાના ઘરમાં રાખેલી નવી સ્ત્રીને માટે કહ્યું કે 'તે જ મારી પ્રથમ પત્ની છે.' તે બાઈએ પણ કહ્યું કે : 'હું જ પ્રથમ પત્ની છું.' અદાલત તો પુરાવા વિના માને જ નહીંને ? કારણ કે પાછળથી આવેલી સ્ત્રીએ લગ્નના ફોટા વગેરે રજૂ કર્યા હતા.

સદ્‌ભાગ્યે પહેલી પત્ની પાસે લગ્નની નોંધણીનો પુરાવો હતો. તે તેમણે અદાલતમાં રજૂ કર્યો. માટે પેલા ભાઈ ઉપર કેસ થયો અને પહેલા પત્ની સાબિત કરી શક્યા કે પોતે જ પત્ની છે. હવે એ બે પત્નીની વાત છે. તો કાયદો એમ કહે છે કે કોઈ પણ હિન્દુ પુરુષને પ્રથમ પત્નીની હયાતીમાં લગ્નજીવન ચાલુ હોય તે દરમ્યાન બીજી પત્ની હોઈ ન શકે.

તેમ છતાં પ્રથમ લગ્ન ચાલુ હોય અને કોઈ પુરુષ બીજી સ્ત્રી સાથે બીજાં લગ્ન કરે તો તે સ્ત્રીને પત્નીનો દરજ્જો ન મળી શકે પણ તે રખાત કહેવાય. તેને પુરુષ (પતિ)ની મિલકતમાંથી કોઈ ભાગ મળતો નથી (મળી શકે નહીં.) પરંતુ તેવી સ્ત્રીથી જો સંતાનો થાય તો એ સંતાનોને ચોક્કસ ભાગ મળી શકે.

હવે આપણે છૂટાછેડાની વાત પર આવીએ. તમને ખબર છે કે પત્ની પણ કોર્ટમાં જઈ પતિ સામે છૂટાછેડાનો કેસ કરી શકે છે ? ૧૯૫૫ના કાયદાથી પતિ પત્ની બંનેને છૂટાછેડા મેળવવાનો હક પણ આપવામાં આવ્યો છે. જો પતિ નપુંસક હોય, ૭ વર્ષથી લાપતા હોય, ૩વર્ષથી કોઈ જાતીય ચેપી રોગથી પીડાતો હોય, ધર્માંતર કર્યું હોય,પત્નીનો ત્યાગ કર્યો હોય કે વધારે પડતી ક્રૂરતા દાખવતો હોય ત્યારે એ કારણોસર પત્ની છૂટાછેડા મેળવવા અરજી કરી શકે છે.

આપણા સમાજમાં લગ્નને એક પવિત્ર સંસ્કાર માનવામાં આવે છે. એટલે દરેક સમાજમાં સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે નાના મોટા ઝઘડા તો કરે તેના માટે કાંઈ લગ્ન જેવાં પવિત્ર બંધનને તોડી ન નખાય. કેમ બરાબરને ? કાયદાને પણ લગ્ન તોડી નાખવા કરતાં ટકાવી રાખવામાં જ રસ હોય છે. માટે જ્યારે અદાલતમાં છૂટાછેડાની અરજી કરવામાં આવે ત્યારે અદાલત તરત જ છૂટાછેડાનું હુકમનામું નથી કરતી. પરંતુ છૂટાછેડાના હુકમનામા પહેલાં ન્યાયિક વિયોજનનું હુકમનામું કરે છે. જેમાં મુદ્દત એક વર્ષની હોય છે. એટલે કે આ હુકમનામું મેળવવાના ૧ વર્ષ સુધી પતિપત્નીએ જુદા રહેવાનું હોય છે. તમે વિચારતા હશો કે કેમ આમ ? બરાબરને ? તો એટલા માટે કે બની શકે છે કે તમારો કોઈ ઝઘડો હોય અને તમે ઉતાવળમાં ગુસ્સામાં આવીને છૂટાછેડાનો નિર્ણય લીધો હોય. માટે કાયદો ૧ વર્ષ સુધી શાંતિથી વિચારવાનો યા એક બીજાને સમજવાનો અવસર આપે છે - તક આપે છે. હવે જો આ સમય દરમ્યાન તેમની વચ્ચે સમાધાન થઈ જાય તો પછી છૂટાછેડાનો પ્રશ્ન જ નથી અને જો સમાધાન ના જ થઈ શકે તો પછી છૂટાછેડા માટેની કાર્યવાહી શરૂ થાય છે.

હવે છૂટાછેડા પછી તરત જ ભરણપોષણનો પ્રશ્ન ઊભો થાય છે. ભરણપોષણ અંગેનો એક ખાસ કાયદો છે જે અન્વયે પતિ પત્ની પાસેથી તેનાં બાળકો (૧૮-૨૧ વર્ષની વયના) અને વૃદ્ધ માતા-પિતા તેના પુત્ર કે પુત્રી પાસેથી ભરણપોષણની રકમ મેળવી શકે છે.

પરંતુ સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે ભરણપોષણની રકમ મેળવવાની જરૂર મોટે ભાગે પત્નીઓને જ પડે છે. જો હિન્દુ સ્ત્રી છૂટાછેડાના સમયથી તેનાં બીજાં લગ્ન ન થાય તે દરમ્યાન જે વચગાળાનો સમય છે તે સમય માટે ભરણપોષણની રકમ મેળવી શકે. ભરણપોષણનો દાવો દિવાની રાહે પણ માંડી શકાય અને ફોજદારી રાહે પણ માંડી શકાય. જો ભરણપોષણની રકમ તરીકે માંગેલ રકમ રૂ.૫૦૦/- થી વધતી હોય તો દિવાની રાહે દાવો માંડવો પડે. તેમાં રકમ વધારે મળી શકે પરંતુ સમય ઘણો જાય. જ્યારે ફોજદારી રાહે દાવો માંડ્યો હોય તો તેનો નિકાલ મહિનાઓમાં જ આવી જાય છે. પરંતુ ભરણપોષણની રકમ વધુમાં વધુ રૂ.૫૦૦/- જ મળી શકે છે. માટે પતિ જો અતિશય કમાતો ન હોય, મધ્યમ વર્ગનો હોય તો મોટે ભાગે લોકો ફોજદારી રાહે જ આવો દાવો માંડવાનું યોગ્ય સમજતા હોય છે. ભરણ

પોષણના દાવામાં એક વાત ધ્યાનમાં રાખવાની હોય છે કે જો છૂટાછેડાનું કારણ પત્નીની વર્તણૂક હોય એટલે કે પત્ની વ્યભિચારી હોય પોતે રાજીખુશીથી છૂટા પડ્યા હોય અથવા પત્નીએ જબરદસ્તી છૂટાછેડા મેળવ્યા હોય તો ભરણપોષણની રકમ મળતી નથી. બીજી ખાસ વાત એ છે કે દાવો દિવાની રાહે કે ફોજદારી રાહે માંડ્યો હોય તો બંને સંજોગોમાં ભરણપોષણની રકમનો સંપૂર્ણ આધાર પતિની આવક, સામાજિક દરજ્જા પર આધારિત છે. વળી, એકવાર રકમ નક્કી કરવામાં આવી હોય ત્યારબાદ જો પતિની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર થયો હોય તો પત્ની પણ પોતાના ભરણપોષણની રકમમાં ફેરફાર કરાવવા અરજી કરી શકે છે.

સ્ત્રીઓ સામે આજકાલ એક વધુ પ્રશ્ન ઊભો થયો છે તે છે બળાત્કારનો.

## બળાત્કાર એટલે શું ?



બળાત્કાર એટલે સ્ત્રીની ઈચ્છા વિના તેની સંમતિ વિના પુરુષ દ્વારા કરવામાં આવતો જાતીય વ્યવહાર. ૧૯૮૬માં દેશમાં બળાત્કારના કુલ ૭૩૦૮ કેસ નોંધાયા હતા. તે સંખ્યા વધીને એટલે કે ૧૯૮૮માં ૧૨૦૩૬ બળાત્કારના કેસ નોંધાયા હતા. આ તો નોંધાયેલા કેસ છે. ન નોંધાયેલ તો ઘણા વધારે હશે. સામાન્ય રીતે જ્યારે કોઈ સ્ત્રી બળાત્કારનો ભોગ બને છે ત્યારે આપણે તેની સાથે કેવું વર્તન કરીએ છીએ ? એ મહત્ત્વનું બને છે કેમ કે તેમાં તે સ્ત્રીનો કશો જ વાંક હોતો નથી. ઘણી વખત તેને મૃત્યુ કે શારીરિક ઈજાનો ભય બતાવી તેની સાથે તેવું કૃત્ય કરવામાં આવતું હોય છે. બળાત્કારની ઘટનામાં ભોગ બનનાર પીડિતાએ સામાજિક શેહ-શરમ રાખ્યા વિના કોર્ટમાં કેસ કરવો જોઈએ. આવા કેસમાં ગુનેગારને ઓછામાં ઓછી ૫ વર્ષની અને વધુમાં વધુ જન્મટીપની સજા થઈ શકે છે.

મે-૮૯માં મધ્યપ્રદેશની એક કોર્ટમાં ચુકાદો આપવામાં આવ્યો જેમાં બળાત્કારના દોષી દરેકે દરેકને ૧૦ વર્ષની સજા કરવામાં આવી. આ કેસમાં સુશીલાબાઈ નામની ૧૯ વર્ષની છોકરી કે જે શાકભાજી વેચવાનું કામ કરતી હતી. તેની ઉપર ૧૮ થી ૨૫ વર્ષના ૧૩ પુરુષોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. જ્યારે તે ભાનમાં આવી ત્યારે બીજે દિવસે તેણે પોલીસમાં રિપોર્ટ કર્યો. કાયદાના ઈતિહાસમાં આ પ્રથમ ચુકાદો છે કે જ્યાં બળાત્કારના દોષી એટલે કે દરેકે દરેક એટલે કે ૧૩ પુરુષોને ૧૦-૧૦ વર્ષની સખત કેદની સજા થઈ હોય. વળી પહેલાં એવો કાયદો હતો કે તે સ્ત્રીને સાબિત કરવું પડતું હતું કે તેના પર બળાત્કાર થયો છે. જ્યારે હવે એવો સુધારો કરવામાં આવ્યો છે કે સ્ત્રીએ

સાબિત કરવાનું નથી હોતું. પણ પુરુષે સાબિત કરવાનું રહે છે કે 'તેણે બળાત્કાર નથી કર્યો'. આ બાબતે સુધારા કેમ કરવામાં આવ્યા તેનું પણ એક કારણ છે. ૧૯૭૨માં બળાત્કારનો એક કેસ થયો હતો મહારાષ્ટ્રમાં. આ કેસમાં વિગત એવી હતી કે મથુરા નામની ૧૬ વર્ષની છોકરીને પોલીસ સ્ટેશનમાં એક કેસની પૂછપરછ માટે બોલાવવામાં આવી હતી. પૂછપરછ બાદ તેની સાથે આવેલા બધા લોકોને કોન્સ્ટેબલે જતા રહેવાનું કહ્યું. મથુરાને રોકી રાખી અને તેની ઉપર બળાત્કાર કરવામાં આવ્યો. લોકો ખૂબ રોષે ભરાયા. કેસ દાખલ કરવામાં આવ્યો. સેશન્સ કોર્ટે પોલીસને નિર્દોષ ગણાવ્યા અને જણાવ્યું કે જો સંભોગ કરવામાં પણ આવ્યો હોય તો તે બળાત્કાર નથી, કારણ કે મથુરાએ વિરોધ કર્યો હોય તેવા કોઈ પુરાવા કે સાબિતી નથી. ત્યારપછી હાઈકોર્ટમાં કેસ ચાલ્યો. હાઈકોર્ટે નીચલી અદાલતનો ચુકાદો રદ કરી જણાવ્યું કે રાત્રિ દરમ્યાન એકલા હોવાના કારણે અચાનક આઘાતના કારણે તે તેનો વિરોધ ન કરી શકી હોય તે સ્વાભાવિક છે. માટે પોલીસવાળા દોષી છે. પરંતુ આ વખતે પોલીસવાળાઓએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મથુરા તરફથી કોઈ વિરોધ કરવામાં આવ્યો ન હતો. એનો અર્થ એ કે એ કૃત્યમાં તેણે સંમતિ આપી છે. આમ તેની સંમતિ સાબિત થાય છે. માટે પોલીસવાળા નિર્દોષ છે. એટલે સુપ્રીમ કોર્ટના આવા ચુકાદાનો આખા દેશની સ્ત્રીઓ, સ્ત્રી-સંગઠનોએ વિરોધ કર્યો. બળાત્કાર અંગેના કાનૂનમાં સંશોધન કરવાની માંગ કરી. ત્યારબાદ કાયદામાં થોડાં પરિવર્તન કરવામાં આવ્યાં. જે મુજબ હવે કોઈપણ સ્ત્રીને રાત્રિ દરમ્યાન ધરપકડ કરી પોલીસ સ્ટેશનમાં ન લઈ જઈ શકાય.

- જો તે સ્ત્રી એમ કહે કે સંભોગમાં તેણે સંમતિ આપી ન હતી તો તેને માની લેવામાં આવશે.
- કેસની સમગ્ર કાર્યવાહી ગુપ્ત રાખવામાં આવશે.
- વળી, એક અગત્યની વાત એ છે કે ૧૬ વર્ષથી નીચેની ઉંમરની છોકરીની સાથે તેના સંમતિ સાથે પણ સંભોગ કરવામાં આવે તો પણ તે બળાત્કારનો ગુનો બને છે.

**કેટલીક બાબતો સામાન્ય હોવા છતાં દરેકે જાણવા જેવી છે....**



(૧) ૧૫ વર્ષની નીચેના સ્ત્રી-પુરુષને તેઓ જે જગ્યાએ રહેતાં હોય છે તે સિવાયની જગ્યાએ તપાસવા માટે બોલાવી શકાય નહીં. તપાસ માટે જ્યારે પણ તેની જરૂર પડે ત્યારે તપાસ કરનાર અધિકારીએ તેઓની રહેવાની જગ્યાએ જઈને તપાસ કે પૂછપરછ કરવી.

(૨) જ્યારે કોઈ સ્ત્રીની ઝડતી લેવામાં આવે ત્યારે તે માત્ર સ્ત્રી દ્વારા જ લેવામાં આવવી જોઈએ. અને બને ત્યાં સુધી બે કે વધુ સાક્ષીઓમાં એક સાક્ષી સ્ત્રી હોવી જોઈએ.

(૩) સ્ત્રીની ધરપકડ કરનાર અધિકારીને સ્ત્રીને સ્પર્શ કરવાનું કોઈ કારણ નથી.

(૪) કોઈપણ સ્ત્રીની ધરપકડ સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચેના સમય દરમ્યાન એટલે કે રાત્રિ દરમિયાન કરી શકાય નહીં.

(૫) ધરપકડ કરાયેલી સ્ત્રીને બને તેટલી જલદી કોર્ટની કસ્ટડીમાં મોકલી આપવી.

(૬) જ્યારે કોઈ પૂરતા કાયદેસરનાં કારણો સાથે ધરપકડ કરાયેલ સ્ત્રીને પોલીસ કસ્ટડીમાં રાખવાની હોય ત્યારે સ્ત્રીઓ માટેના ખાસ લોક-અપમાં રાખવી. જ્યાં સ્ત્રીઓ માટે અલગ લોક-અપ ન હોય ત્યાં તેને એક અલગ ખંડમાં રાખવી. વધુમાં ધરપકડ કરાયેલી સ્ત્રીના પુરુષ કે અન્ય સ્ત્રી સાથે પોલીસ સ્ટેશનના મકાનમાં રહેવાની છૂટ આપવી અને ધરપકડ કરાયેલ સ્ત્રીની કસ્ટડીની જગ્યા તેઓ જોઈ શકે તેવી હોવી જોઈએ.

શિબિર પછી બહેનોનું સંગઠન કરવાનો ઈરાદો હોય છે એટલે તેને લગતી એક રમત રમાડવામાં આવે છે. રમતમાંથી ફલિત થાય છે કે સંગઠનમાં સૌએ સહકાર કરવો જોઈએ. એક જ વ્યક્તિ પર સર્વ જવાબદારી નાખીએ તે યોગ્ય થતું નથી.

## સંગઠનની રમત : કરોળિયાનું જાળું

**સાધનો :** સુતળીની દોરીનો દડો

**હેતુ :** કોઈ પણ કાર્ય સાધવા માટે જવાબદારીની વહેંચણીની અગત્ય સમજવા ઓછામાં ઓછી સાત વ્યક્તિઓ

આ રમત માટે જરૂરી છે કે રમનાર વ્યક્તિઓને નીચે આપેલી વાર્તામાં આવતાં પાત્રોનાં નામ આપો જે તે દરેક યાદ રાખે.

જે કાર્ય સાધવાનું હોય તેને અનુરૂપ વાર્તા બનાવી શકાય. તેમ કરવાથી રમત વધુ પ્રસ્તુત બને.

**રમત :**

(૧) સાતે રમનારાને એક વર્તુળમાં બેસવા કહો.

(૨) અન્ય જોનારા બહાર એક વર્તુળ બનાવે.

(૩) રમનાર સાતને નામ આપો. સોમીબહેન, નાનીબહેન, ખજાનચી, કાળીબહેન, સેક્રેટરી, રામીબહેન, સુમીબહેન

(૪) દરેકને સૂચના આપો કે તેમને અપાયેલા નામ પ્રમાણે તેમણે ભૂમિકા ભજવવાની છે.

(૫) સૂતળીનો દડો વચમાં મૂકીને સમજાવવું કે એક વાર્તા કહેવાની છે. તેમાં જેનું નામ આવે એ બહેને સૂતળીનો દડો પોતાની પાસે લઈને પોતાની પહેલી આંગળી પર તેનો એક આંટો વીંટી લેવો. પછી જેનું નામ વાર્તામાં આવે તેને દડો આપે, તે વ્યક્તિ પણ પહેલી આંગળી પર દોરીનો આંટો વીંટે. જેટલી વાર નામ આવે તેટલી વાર તે જ આંગળી પર આંટો વીંટવો.

(૬) નીચેની વાર્તા વાંચો અને રમનાર બહેનો તેમનાં નામ આવે એટલે તે પ્રમાણે પહેલી આગળી પર દોરી વીંટે તેનો ખ્યાલ રાખો.

**વાર્તા**



સોમીબહેન અને નાનીબહેન એક નારી સમિતિના સભ્યો છે. તેમણે નક્કી કર્યું કે તેમણે આંતરરાષ્ટ્રીય નારીદિન ઊજવવો જોઈએ. સોમીબહેન અને નાનીબહેને ઉજવણીની ચર્ચા કરવા માટે એક મીટીંગ બોલાવી- બધી બહેનોને વિચાર ગમ્યો.

સેક્રેટરીએ કહ્યું કે ઉજવણીની જાહેરાત કરવાની પત્રિકા તે બનાવશે. પણ તેણે કહ્યું કે સોમીબહેનને વધુ સમજ પડે છે માટે પત્રિકા તૈયાર કરવા તેની મદદ તેને જોઈશે.

ખજાનચીએ કહ્યું કે ઉજવણીની ખર્ચની રકમ ઉઘરાવવાની જવાબદારી તેની રહેશે. પણ તેણે કહ્યું કે સોમીબહેન સરપંચ પાસે જઈને થોડી આર્થિક મદદ લાવી આપે તો સારું, કેમ કે સોમીબહેનની ભાણી સરપંચના સગામાં છે. રાખીબહેન અને સુમીબહેનને ઉજવણીનો કાર્યક્રમ નક્કી કરવાનું કામ સોપાયું. તેમણે કહ્યું કે તે બંને બે દિવસ પછી સાંજે મળશે અને ત્યારે સોમીબહેન અને નાની બેન તેમની સાથે હોય તો સારુ પડે કેમ કે મૂળ વિચાર તેમનો હતો. કાળીબહેન આંગણવાડીના તેડાગર હોવાથી તેમણે ઉજવણી દરમ્યાન બાળકોની સંભાળ લેવાની જવાબદારી લીધી. તેમણે કહ્યું કે તેમને રામીબેન આ કામમાં મદદ કરે તેવા સ્વયંસેવક શોધવા લાગે.

સોમીબહેન અને નાનીબહેને કહ્યું કે તેઓ બીજી નારીસમિતિઓને મળશે અને તેઓ સાથે જોડાય અને ખર્ચ વહેંચી લે તેવી વાત કરી જોશે- સેક્રેટરીએ તેમની સાથે જવાની તૈયારી બતાવી. સોમીબહેને કહ્યું કે તેઓ મુલાકાત લે તે બધી નારીસમિતિઓની યાદી બનાવશે. અને બધા સભ્યોને તે આપશે જેથી જેની જેની પાસે જવું જોઈતું હતું તેમનો સંપર્ક થયો છે તેવી ખાતરી થાય.



(૭) હવે વાર્તા સાંભળતાં સાંભળતાં રમનારા સૌએ દોરી પોતાની આંગળી પર વીંટી અને દડો પસાર કરતા ગયા તેના પરિણામે દોરીનું એક જાળા જેવું રચાયું હશે. તેમને પૂછશો કે જાળા પરથી તેમને શું સમજાય છે?

(૮) હવે રમનારાને કહેશો કે તેમના હાથ થોડા ખેંચીને જાળાને કડક બનાવે. પછી કાળીબહેનને કહેશો કે પોતાની આંગળી તે જાળામાંથી બહાર ખેંચી લે. પૂછશો કે તેમ કરવાથી જાળાને શું થયું ? કાળીબહેને એક જ વાર આંગળીએ દોરી વીંટી હોવાથી જાળું લગભગ અકબંધ રહ્યું હતું.

(૯) હવે સોમીબહેનને કહેશો કે તેમની આંગળી ખેંચી લે. જાળાનું શું થશે ? સઘળું તૂટી પડ્યું જણાશે.

(૧૦) રમનારાને પૂછો કે આનો શો અર્થ કરશો ? સોમીબહેન આંગળી ખેંચી લે તો બધું ઢીલું થઈને પડે છે જ્યારે કાળીબહેન આંગળી ખેંચી લે તો બહુ ફેર પડતો નથી. કોઈ પણ કાર્ય કરવું હોય ત્યારે તેને પાર પાડવા માટે જુદી જુદી વ્યક્તિઓએ કેવી ભૂમિકા ભજવવી જોઈએ તેવું સૂચવતી ચર્ચા કરાવવી.

**નીચે આપ્યા છે તેવા પ્રશ્નો પૂછી શકાય**

(૧) આ રમત દ્વારા એક જ વ્યક્તિ પર ઘણી જવાબદારી અને નિર્ણય કરવાનો બોજો નાખવાથી શું થાય તે સમજાયું ? તેમ કરવું યોગ્ય રહેશે ?

(૨) એક વ્યક્તિ પર વધુ બોજો ન પડે તે માટે કોઈ રસ્તો વિચારી શકો ?

(૩) રમનારાને સંગઠનના અન્ય અનુભવ હોય તો; કઈ રીત સૌથી સારી એ અંગે જણાવી શકાય ?


(૪) જવાબદારીની સુયોગ્ય વહેંચણી અને દરેકનું જોડાવું જરૂરી છે તેવું લાગે છે ?



## સ્ત્રીનાં બંધનો

આ ઉપરાંત સમય રહે તો ''સ્ત્રીનાં બંધનો'' અથવા ''મા-દીકરીના પરસ્પર સંબંધો''ની ચર્ચા કરવામાં આવે છે. ''સ્ત્રીનાં બંધનો''ની ચર્ચા કરવામાં એક ચિત્ર વાપરવામાં આવે છે. ચર્ચા દ્વારા પ્રસ્થાપિત થાય છે કે આભૂષણો સ્ત્રીના શરીરને જકડે છે. તેના ઉપયોગને સ્ત્રીના સૌભાગ્ય સાથે જોડીને વિધવાને અન્યાય કરવામાં આવ્યો છે. અલંકારોને પુરુષના માલિકીભાવ અને તેની સંપત્તિના પ્રદર્શન તરીકે પણ જોઈ શકાય છે. વળી કયારેક એ અલંકારો સ્ત્રી માટે ભયાવહ પણ બની શકે છે કેમ કે ક્યારેક અલંકારો મેળવવા ઈચ્છતો લૂંટારું સ્ત્રીના જીવનને જોખમમાં મૂકી દઈ શકે છે. દીકરીને પણ અલંકારોને અનુલક્ષીને એ સમજાવવાની જરૂર છે કે, તેના ઘરેણાં પર ભાગ્યે જ તેનો અધિકાર રહેતો હોય છે. આથી તેણે એ સમજી લેવાની જરૂર છે કે સારામાં સારો અલંકાર ભણતર અને તે દ્વારા બુદ્ધિવિકાસ છે, કરિયાવર નહીં પણ વારસા હક્ક પર ભાર મૂકવા સમજાવવામાં આવે છે.

બીજું બંધન શરીરની અંદર સમાયેલું છે. સ્ત્રીનું ગર્ભાશય તેના શરીરનું અંદરનું અંગ છે છતાં તેનો પોતાનો જાણે કે તેના પર અધિકાર નથી. કેટલાં બાળકોને જન્મ આપવો તેનો નિર્ણય સ્ત્રી લઈ શકતી નથી. વારંવાર સગર્ભાવસ્થા તેના પર લાદવાથી તેની શારીરિક શક્તિઓ ક્ષીણ થતી જાય છે. કન્યા મોટી થતાં જ તેની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે તેનું કારણ પણ એ જ છે કે તે ગર્ભવતી થઈ જશે એવી ચિંતા તેના વડીલોને રહે છે.



- આ ચિત્રમાં શું દેખાય છે ?
- એક બહેન છે અને એમણે હાથે, પગે, નાકે, કાને, ગળે બધે જ ઘરેણાં પહેર્યાં છે.
- આ ઉપરાંત શું દેખાય છે ?
- ઘરેણાં સાંકળ વડે બંધાયેલાં છે અને એને કોઈ ખેંચે છે.
- કોણ ખેંચે છે ? એ હાથ કોનો છે ?
- હાથ પુરુષનો છે -સમાજનો છે.

આ ચિત્રમાંની બહેને શરીરના દરેક અંગ પર ઘરેણાં પહેરેલાં છે. માથામાં દામણી છે, હાથમાં બંગડી છે, નાકમાં ચૂની છે, નથણી છે, કાનમાં કુંડળ છે, ગળામાં હાર છે અને પગમાં ઝાંઝર છે. પરંતુ બધાં જ ઘરેણાં સાંકળે બાંધેલાં છે અને એ સાંકળનો બીજો છેડો સમાજના હાથમાં છે. સ્ત્રી દાગીના વડે બંધાયેલી છે.

તમને કદાચ લાગશે કે ઘરેણાં તો સ્ત્રીના શરીરની શોભા છે. એને બંધન કેમ કહેવાય ? એની જ આજે આપણે ચર્ચા કરવાની છે.

એક રીતે જોઈએ તો જે જગ્યાએ ઘરેણાં પહેરવામાં આવે છે એ અંગો પણ કેટલાં નાજુક છે. દા.ત. નાકમાં જે ચૂની પહેરવામાં આવે છે તે જગ્યા કેટલી નાજુક છે ! ચૂની પહેરવા માટે ત્યાંની ચામડીને વીંધવી પડે છે. પછી જ ત્યાં ચૂની પહેરાય છે. હવે એ શોખ તરીકે અથવા તો મોઢાની સુંદરતા વધારવા માટે પહેરવામાં આવે ત્યાં સુધી બરાબર જ છે. પણ એ ત્યાં સુધી જ રહ્યું છે ખરું? હવે તો એ સુહાગની નિશાની બની ચૂકી છે. સમાજનો નિયમ થઈ ચૂક્યો છે કે સધવા સ્ત્રીએ ચૂની પહેરવી જ જોઈએ. જેથી લોકોને ખ્યાલ આવે કે આ બહેનના પતિ જીવંત છે. એ ન પહેરે - કદાચ એને ન ગમતી હોય અથવા દુખાવો થતો હોય તો સમાજ એની ટીકા કરે છે અને સ્ત્રી વિધવા થાય એટલે તરત જ તે કાઢી નાખવી પડે છે. વિધવા સ્ત્રીથી ચૂની પહેરાતી જ નથી, કારણ કે નાકમાં પહેરાતી ચૂની એ સ્ત્રી માટે સુહાગનું અગત્યનું ચિહ્ન બની ગઈ છે. તો પછી હવે આપણે વિચારીએ કે આ ચૂની સ્ત્રી માટે બંધન નથી બની ગઈ ? છે કોઈ પુરુષ માટે એવી નિશાની કે એવું કોઈ બંધન ? કાનમાં પહેરવાનાં ઘરેણાં માટે જે કાણું પાડવામાં આવે છે તે જગ્યા પણ કેટલી નાજુક છે ! કોઈ સહજ ખેંચે તો તરત જ એ ભાગ ચિરાઈ જાય છે. નાકની ચૂનીની જેમ જ કાનના ઘરેણાંનો પણ સુહાગના ચિહ્નમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિધવા સ્ત્રીથી કાનનાં ઘરેણાં પહેરાતાં નથી.

એક બીજી દૃષ્ટિએ વિચારીએ તો ઘરેણાં એ સ્ત્રી માટે જોખમરૂપ પણ છે. કોઈ લગ્નપ્રસંગે ગયા હોય અને ઘરેણાં ખૂબ પહેર્યાં હોય તો જીવ ઘરેણાંમાં જ રહે છે. લૂંટાઈ જવાની - ચોરાઈ જવાની કે પડી જવાની જ બીક રહે છે. સાસુમાએ પ્રસંગે વહુને તિજોરીમાંથી કાઢીને પહેરવા આપ્યાં હોય અને એ ઘરેણાંમાંથી એક ઘરેણું પડી ગયું કે લૂંટાઈ ગયું તો તો એ વહુનું આવી જ બને છે. પહેલાંના જમાનામાં ઘરફોડ ચોરી થતી. રાત્રે બધાં સૂતાં હોય અથવા બંધ મકાનમાંથી ઘરફોડ ચોર લૂંટારા રાત્રિ દરમ્યાન પટારા કે તિજોરીમાંથી ઘરેણાં દાગીના લૂંટી જતા. પરંતુ હવે તો લોકોનું માનસ બદલાઈ ગયું છે. હિંસા એટલી બધી વધી ગઈ છે કે શરીરે પહેરેલાં ઘરેણાંને કારણે સ્ત્રીને જાન ગુમાવવાનો વખત આવે છે. માનવીના જીવનની કિંમત રહી નથી. આવા સમયે સ્ત્રીને માટે દાગીના એ જોખમરૂપ બની ગયાં છે.

આ વાતની પ્રતીતિ કરાવતા બનાવો બનતા રહે છે. એક શિક્ષિકાબહેન ગામડામાં નોકરી કરતાં હતાં. હાઈવે સુધી બસ જતી. ગામ સુધી જવા માટે ખેતરોની વચ્ચે કાચા રસ્તે ચાલીને જવું પડતું. એક દિવસ એ બહેનને નિશાળમાંથી સીધા પિયરના કોઈ સામાજિક પ્રસંગે હાજરી આપવા જવાનું હોવાથી ઘરેણાં પહેરી નિશાળ જવા નીકળ્યાં. હાઈવે પરથી ઊતરી એકલા કાચા રસ્તે જવા નીકળ્યાં. થોડું ચાલ્યા હશે ત્યાં એક ગુંડાએ તેમને આંતર્યાં અને ઢસડીને ખેતરમાં લઈ ગયો. એ બૂમો ન પાડે એટલે તેના મોઢામાં ખેતરની ભીની માટી ભરી દીધી. તેના પર બળાત્કાર કર્યો અને ઘરેણાં લૂંટીને ભાગી ગયો. બહેનનો જીવ કેમ ગયો ? દાગીનાને કારણે જ ને ? બાકી બહેન રોજ એ જગ્યાએથી પસાર થતાં હતાં. પણ એમનાં ઘરેણાંને કારણે એમણે પોતાનો જાન ગુમાવ્યો.

મુંબઈની એક ઘટના પણ લગભગ આવી જ છે. નોકરી કરતાં બહેન દરરોજ પ્રથમ વર્ગના ડબ્બામાં અપ-ડાઉન કરે. બંને હાથમાં સોનાની બંગડીઓ પહેરે. એક ગુંડાની નજરમાં આવી ગયાં. એક દિવસ લાગ જોઈને ડબ્બામાં ચડી ગયો. છરી બતાવી બંગડીઓ માંગી. બહેન હિંમતવાળાં હતાં. બહેને પ્રતિકાર કર્યો તો બહેનનું ખૂન કરી બંગડીઓ કાઢી લઈ ચાલુ ગાડીએ ઊતરીને ભાગી ગયો.

એક બહેન લગ્નપ્રસંગે પોતાના સંબંધીને ત્યાં ગયાં. લગ્ન પૂરા થઈ ગયાં. બીજે દિવસે સવારે બહેન ફરવા નીકળ્યાં. બહેને શરીર પર ઘરેણાં પહેરી જ રાખ્યાં હતાં. ગળામાં જાડો હાર પહેર્યો હતો. એક ગુંડો સામેથી આવ્યો અને બહેનના ગળામાં હાથ નાખ્યો. બહેને એ હાર જોરથી પકડી રાખ્યો અને બીજા હાથે પેલા માણસને જોરથી ધક્કો માર્યો. તેથી માણસ ગુસ્સે થયો અને ચપ્પુ કાઢી બહેનને પેટમાં મારવા ગયો. બહેન પાછળ નમી ગયાં અને બહેનના સાથળ પર એ ચપ્પુ વાગ્યું. પેલો માણસ હાર લીધા વગર ભાગી ગયો. બહેનને હોસ્પીટલમાં દાખલ કરવા પડ્યાં. બહેનને ૨૦૦ ટાંકા આવ્યા.

ઉપર્યુક્ત ત્રણેય બનાવો જોતાં એવું લાગે છે કે ઘરેણાં એ બહેન માટે ક્યારેક જાનનું જોખમ પણ બની રહે છે. આવા કિસ્સાઓ ઘણા બનતા રહે છે. કાનનાં ઘરેણાં માટે કાન કપાઈ જાય છે. નાકની ચૂની માટે નાક ચિરાઈ જાય એવી ઘટનાઓ છાશવારે બને છે.

બીજી દૃષ્ટિએ વિચારીએ તો દીકરીને દાગીના શા માટે આપીએ છીએ ? તો જાણવા મળે છે કે દીકરીનાં સુખદુ:ખ માટે એ જરૂરી છે. પણ આપેલાં ઘરેણાં સાસરે ગયા પછી દીકરીનાં રહે છે ખરાં ? સાસરે ગયા પછી દીકરીનાં પિયરનાં ઘરેણાં ઉપર પણ ઘણી વાર સાસરાવાળા હક્ક કરી લેતા હોય છે. ઘણીવાર તો પ્રસંગે પણ દીકરીને પહેરવા મળતાં નથી. તો ક્યારેક વહુના પિયરનાં ઘરેણાંમાંથી દિયર-નણંદના સામાજિક પ્રસંગ પાર પડતા હોય છે. તો મા-બાપે કાળી મજૂરી કરી પૈસા કમાઈને દીકરીને આપેલાં ઘરેણાં દીકરીને મળે છે ખરાં ? અરે ! ઘણીવાર તો ઘરેણાં વેચાઈ ગયા પછી જ ખબર પડે છે કે સસરા કે પતિના ધંધાની ખોટમાં કે તેઓની દારુ-જુગાર જેવી કુટેવમાં સ્ત્રીના મા-બાપે આપેલાં ઘરેણાં વેચાઈ ગયાં છે. કોઈક વાર એવું પણ બને છે કે લગ્નમાં આપેલાં ઘરેણાં સાસરાવાળા લઈ વહુને બે-ત્રણ મહિનામાં જ પિયર ધકેલી મૂકે છે. જો વહુને કરજ કરીને ઘરેણાં ચડાવ્યાં હોય તો વહુ સાસરે આવે ત્યારથી જ એ કરજ પૂરું કરવા નોકરીની ચક્કીમાં ફસાઈ જાય છે.

મા-બાપની દૃષ્ટિએ વિચારીએ તો ઘણીવાર મા-બાપ દેખાદેખીથી કરજ કરીને દીકરીને દાગીના ચડાવતાં હોય છે. પણ પછી પાછળથી એમનું જીવન બરબાદ થઈ જાય છે. ઘણી છોકરીઓ પણ દેખાદેખીથી કે પોતાની બહેનપણી સાસરે જતી વખતે અમુક ઘરેણાં લઈ ગઈ તો મારે પણ લઈ જવાના એવી જીદ કરી માતા-પિતાને મૂંઝવણમાં મૂકતી હોય છે. પણ એવું તો છે જ નહીં કે દીકરીને જેટલું વધારે દહેજ આપશો એટલી દીકરી વધારે સુખી થશે ! ઊલટાનું સાસરિયાંની દહેજની ભૂખ વધે છે. એ ક્યારેય સંતોષાતી જ નથી.

આપણા સમાજમાં ઘણા એવા દાખલા પણ બની ગયા છે કે દહેજ ન આપી શકવાની મા-બાપની લાચારીને કારણે ત્રણ-ચાર દીકરીઓએ એક સાથે આત્મહત્યા કરી નાંખી છે. તો શું દહેજના રાક્ષસને નાથી નહીં જ શકાય ? તમે શું માનો છો ? પણ બનેલ એક ઘટનાથી સમગ્ર સ્ત્રી જાતિ ગૌરવ લઈ શકે છે. આ કિસ્સો કંઈક આવો છે :

એક બહેનનાં લગ્ન નક્કી થયાં. જાન માંડવે આવી ગઈ. કન્યા પધરાવવાની તૈયારી થઈ ત્યાં અચાનક વરરાજા ઊભા થઈ ગયા અને કન્યાના પિતાને કહ્યું કે રૂ.૧૫૦૦૦/- હજાર રોકડા અથવા સ્કુટર આપો તો જ પરણું નહીંતર નહીં. કન્યાપક્ષમાં ચિંતા થઈ. કન્યાના માતા-પિતા રડવા માંડ્યા. માતા-પિતા પગે પડ્યા. પણ પેલો માન્યો નહીં. પિતાએ વચન આપ્યું કે ૧૫-૨૦ મિનિટમાં પૈસા હાજર કરું છું. કન્યાને આ બધી વાતની ખબર પડી. કન્યાએ બહાર માંડવામાં આવી જઈને વરરાજાને કહ્યું કે ''ચાલતો થા, મારે તારી સાથે લગ્ન નથી કરવાં.'' વરરાજાને થયું કે લીલા તોરણે પાછા જવું પડશે તો આબરુના કાંકરા થશે. આથી એણે કન્યાને દહેજ વગર પણ પરણવાની તૈયારી બતાવી. પણ કન્યા મક્કમ રહી અને જાન વીલા મોઢે પાછી ફરી અને કન્યા એ જ સ્થળે એક બીજા યોગ્ય પાત્રને પરણી ગઈ.

આ પ્રકારની મક્કમતા બતાવીશું ત્યારે જ દહેજનો રાક્ષસ દૂર ધકેલાશે. અહીં એક વિચાર મૂકવાનું મન થાય છે કે સ્ત્રીને દહેજને બદલે - નર્યા દાગીનાને બદલે વારસા હક્ક આપવો જોઈએ. એના પર સાસરિયાંનો હક્ક થતો નથી અને માલિકી પણ થતી નથી. વારસાની સંપત્તિ, જમીન, પૈસા, ઘર લૂંટાઈ પણ જતાં નથી. તો આપણે અહીં બેઠેલાએ એ પણ નક્કી કરવું પડશે કે દહેજને બદલે દીકરીને વારસા હક્ક આપીશું અને મિલકતમાં 'ભાગ' આપીશું.

## શરીરની અંદરનાં બંધનો !

અત્યાર સુધી આપણે જે ચર્ચા કરી તે શરીરની બહારનાં બંધનની હતી. હવે એક બીજું બંધન કે જે શરીરની અંદરનું બંધન છે, એ છે જાતીય બંધન, શરીરનું અંદરનું બંધન એટલે ગર્ભાશય. ગર્ભાશય એ સ્ત્રીઓનું એકદમ અગત્યનું અંગ હોવા છતાં મોટામાં મોટું બંધન બની ગયું છે.

તમે વિચારતાં હશો કે એ બંધન કઈ રીતે બની શકે ? પરંતુ અમુક પ્રશ્નો પર વિચારતાં એવું લાગે છે કે એ બંધન જ છે. જેમ કે ગર્ભાશય એ સ્ત્રીનું પોતાનું છે પણ સ્ત્રીએ કેટલાં બાળકોને જન્મ આપવો એ સ્ત્રી નક્કી કરી શકી છે ખરી ? પતિ કે સાસુ કે ઘરનાં બીજાં જેટલાં ઈચ્છે એટલાં બાળકો સ્ત્રીએ પેદા કરવાં પડે છે. ઘરનાંને બાબો જોઈએ તો, અને સ્ત્રીની જરા પણ ઈચ્છા ન હોય તો પણ, જ્યાં સુધી બાબો ન આવે ત્યાં સુધી

દીકરીઓને જન્મ આપવો પડે છે. અથવા તો દરેક ગર્ભાવસ્થામાં ટેસ્ટ કરાવી બાળકીનો ગર્ભપાત કરાવવો પડે છે. પતિ સાથેના શારીરિક સબંધમાં પણ આખા દિવસનું કામ કર્યા પછી થાકી-પાકી જ્યારે સ્ત્રી સૂતી હોય છે ત્યારે પતિ એની ઈચ્છા જાણવાનો પ્રયત્ન કરે છે ખરો ? એને તો એની વાસનાની પૂર્તિમાં જ રસ હોય છે અને પતિનો ૫ મિનિટનો સંતોષ એટલે સ્ત્રી માટે એક બાળક એક બંધન ! આ દૃષ્ટિએ વિચારીએ તો ગર્ભાશય એક બંધન જ છે. પરપુરુષ જ્યારે બળાત્કાર કરે છે અને સ્ત્રી સગર્ભા બને છે ત્યારે સમાજ તેના પર જ ફિટકાર વરસાવે છે અને તેને જ દોષિત માને છે. બળાત્કારમાં ઘણીવાર બહેનો પોતે જ પોતાને દોષિત માને છે અને અભડાઈ જવાની ભાવનાથી આપઘાત કરી લેતી હોય છે. આ દૃષ્ટિએ વિચારતાં એવું લાગે છે કે જો સ્ત્રીના શરીરમાં ગર્ભાશય ન હોત તો જે લાખો સ્ત્રીઓ પરાણે પતિ સાથે સહજીવન નિભાવે છે તેનું કારણ બાળકો છે. આ ન હોત તો તે મુક્ત રીતે જીવતી હોત.

આપણે એ જોયું કે ગર્ભાશય એ સ્ત્રીના શરીરનું અંદરનું બંધન છે. સાથે સાથે એ એકદમ અગત્યનું અંગ પણ છે. પણ આપણે એના વિશે વિચારીએ છીએ ખરા ? આપણે બહુ જ બેદરકારી એના પ્રત્યે દાખવીએ છીએ. એના તરફ સૂગની દૃષ્ટિથી જ જોવામાં આવે છે. પરંતુ ખરી રીતે સ્ત્રીઓને ગર્ભાશયના કેન્સર, સફેદ પાણી કે ગુપ્તરોગ જેવા રોગની પાછળ બેદરકારી જ મૂળમાં જોવા મળે છે. નાની નાની દેખાતી બીમારી જ ક્યારેક મોટા રોગનું મૂળ પકડી લેતી હોય છે. જેમ કે બહેનો જે જગ્યાએ બાથરૂમ જાય છે તે જગ્યા પર લોટો ભરીને પાણી રેડે છે. પણ પોતાના શરીરનો ગુપ્ત ભાગ સાફ નથી કરતી. આના કારણે પેશાબમાં રહેલો ક્ષાર બાથરૂમ જવાની જગ્યાએ જામી જતો હોવાથી ખંજવાળ ખૂબ આવે છે અને આગળ જતાં સફેદ પાણી કે ચાંદી જેવા રોગ થઈ જતા હોય છે. ઉપરાંત બહેનો માસિકમાં હોય છે ત્યારે પણ શરીર પ્રત્યે પૂરતું ધ્યાન આપતાં નથી. માસિક દરમ્યાન આઠ કલાક વાપરેલા પીસ બદલી નાખવા જોઈએ. એ પીસ તડકામાં સૂકવવા જોઈએ જેથી સૂર્યકિરણોથી કપડાં પર રહેલાં જંતુ મરી જાય. ઘણી બહેનો અંધારા ઓરડામાં કોઈક કપડાં નીચે સૂકવતાં હોય છે. તેથી કપડાં પૂરતાં સુકાતા નથી અને કાપડ પર રહેલા જંતુઓ માસિક દરમ્યાનના દિવસોમાં ગર્ભાશયનું મુખ જે થોડું વધુ ખુલેલું હોય છે. તેના દ્વારા ગર્ભાશયમાં જતાં રહે છે. આવી લાંબા સમયની બેદરકારીથી મોટા રોગ થતા હોય છે.

આવી જ બેદરકારી ઘેર સુવાવડ કરવામાં આવે છે ત્યારે થાય છે, દાયણના હાથ ચોખ્ખા નથી હોતા. તેના હાથ અને નખમાં રહેલાં જંતુઓ સ્ત્રીના ગર્ભાશયમાં જતાં રહે છે. આ ઉપરાંત બાળકના નાયડાને કાપવા ગંદા છરી-ચપ્પુ કે દાતરડાનો ઉપયોગ કરવામાં આવે છે. આને લીધે મા-બાળક બંનેને ધનુર થઈ જવાની શક્યતાઓ વધી જાય છે. ખરેખર તો દાયણના હાથ સાબુથી એકદમ સાફ રાખવા જોઈએ. સુવાવડની જગ્યા ચોખ્ખી રાખવી જોઈએ અને ગરમ કરીને ઉકાળેલા સાધનથી જ નાયડો કાપવો જોઈએ. સુવાવડ દરમ્યાન વપરાતાં કપડાં સ્વચ્છ રાખવાં જોઈએ જેથી કોઈ ચેપ ન લાગે.

આવી બાબતોમાં સ્ત્રીઓ પૂરતી કાળજી રાખતી નથી.તેથી બહેનોને સફેદ પાણી અને ચાંદી જેવા રોગ થતા હોય છે, આ ઉપરાંત

વારંવાર સુવાવડ થવાથી સ્ત્રીનું શરીર કંતાઈ જાય છે અને જલદી વૃધ્ધત્વ આવી જાય છે.

‘‘મા-દીકરીના પરસ્પર સંબંધો’’ની ચર્ચામાં સામાન્ય રીતે મા-દીકરી વચ્ચે ઊભા થતાં તણાવની વાત રજૂ કરવામાં આવે છે. તે માટે બહેનો ભેગી થાય તે પહેલાં એક ઢાંકેલું વાસણ વચ્ચોવચ મૂકવામાં આવે છે. જેમ અંદર આવતાં જાય તેમ કુતૂહલવશ ઢાંકણું ઉઘાડીને જોતાં જાય છે. આવું જ કુતૂહલ દીકરીઓને તેમની થતી રોકટોકના લાભ જાણવામાં થતું હોય છે. તેથી તેનો જવાબ આપવો જરૂરી છે તેમ સમજાવવામાં આવે છે.

શિબિરાર્થીઓમાં આ વિષયની થોડીક ચણભણ થઈ હોય એવું પણ બને છે. તેમની પાસેથી દાખલાઓ કઢાવીને ચર્ચા આગળ ચલાવાય છે. દીકરી ૧૨-૧૩ વર્ષની થતાં જ તેની પર રોક-ટોક શરૂ થાય છે. તે પોતાના ભાઈઓને મસ્તપણે વિહરતાં જુએ છે એટલે તેને પોતાના પર લદાયેલાં બંધનો અને કામનો બોજો અકારાં લાગે છે. આપણા સમાજમાં વડીલો ખુલ્લે દિલે પોતાના મનમાં જે કારણો હોય તેની બાળકો સાથે ચર્ચા કરી લેતા નથી તેથી વૈમનસ્ય વધ્યા કરે છે. ક્યારેક અત્યંત આળા મનની દીકરી પોતાને હાનિકારક પગલું ભરી પણ લે છે.

દીકરીઓને શરીરરચના સમજાવવી, માસિકસ્ત્રાવ વિશે માહિતી આપવી અને વિજાતીય આકર્ષણ વિશે જણાવવું જોઈએ એવી રજૂઆત કરીએ છીએ. એમ કર્યાથી મા અને દીકરી મિત્ર બની શકે. દીકરીને ફક્ત ટોક્યા કરવાથી તો અંતર જ વધે છે.

પરણેલી દીકરી સાસરેથી દુભાઈને આવી હોય તો તેનું દુઃખ સમજવાની માની ફરજ બને છે. દીકરીને કદાચ મા જ સૌથી વધુ સમજી શકે કેમ કે તે પણ એવી પરિસ્થિતિમાંથી પસાર થઈ હોય તેવું બને. દીકરીનું મન પાછા જવા માટે ન જ માનતું હોય તો તેને પરાણે સાસરે પાછી ન વળાવતાં કોઈ સ્ત્રીસંસ્થાનો સંપર્ક સાધે એમ સમજાવવામાં આવે છે. તેમજ શિબિર-સંચાલકની સંસ્થામાં આ પ્રકારનું સલાહકેન્દ્ર હોય તો પોતાની સંસ્થામાં આવે તેમ સૂચવવામાં આવે છે.

આ વિષયમાં પણ ઉદાહરણ તરીકે અનેક અનુભવજનિત દાખલાઓ આપીને રજૂઆત કરી શકાય છે. પોતાના અનુભવ જેવો જ આપણે કહી સંભળાવેલો અનુભવ છે એવી પ્રતીતિ થતાં શિબિરાર્થી બહેનો ખુલ્લા મનથી એ વાતો સાંભળે છે.

આ છેલ્લા બે વિષયો અર્થાત્ સ્ત્રીનાં બંધનો અને મા-દીકરીના પરસ્પર સંબંધોમાંથી શિબિર-સંચાલકની સૂઝ પ્રમાણે પસંદગી કરવામાં આવે છે. ક્યારેક કોઈક પ્રશ્ન નીકળતાં કોઈ એક વિષયની ચર્ચા પહેલાં થઈ ગઈ હોય એવું પણ બની શકે. જે અગત્યનું સમજીએ છીએ તે દરેક વિષયની પાછળના ખ્યાલોની ચર્ચા થાય અને માહિતી પ્રસાર થાય એ અત્રે મહત્ત્વનું બની રહે છે.

આપણા શરીરમાં ઉત્પન્ન થતા સ્ત્રાવને કારણે શરીરમાં બહારથી જોઈ શકાય તેવા ફેરફારો પણ થાય છે. તેમજ આંતરિક ફેરફાર પણ થાય છે. સાથે સાથે આ સ્ત્રાવને કારણે જ વિજાતીય આકર્ષણ થતું હોય છે. દરેક છોકરા-છોકરીના વિજાતીય આકર્ષણની માત્રામાં ફરક હોઈ શકે. પણ સામાન્યપણે બધાં જ આનો અનુભવ કરે છે. આ એક કુદરતી

બાબત છે. અને દુનિયાનો ક્રમ ચાલુ રહે તેના માટે ઘણું જરૂરી પણ છે. આપણે ત્યાં સામાન્યપણે એમ બનતું જોવા મળે છે કે છોકરી દસેક વર્ષની થાય એટલે તેનો બહારની દુનિયા સાથેનો સંપર્ક ઘટાડી નાખવામાં આવે છે. છોકરાઓ સાથે હસવું, રમવું, બોલવું, વાતો કરવી જેવી સામાન્ય બાબતો પર પણ નિયંત્રણ લાદવામાં આવે છે. નિશાળેથી આ જ કારણોસર ઘણી છોકરીઓને ઉઠાડી મૂકવામાં આવે છે. ઘણા પ્રતિબંધો મૂકવાથી પ્રતિબંધિત બાબત અંગે કુતૂહલ ઊભું થાય છે અને તક મળતાં છાનાં છાનાં શક્ય હોય તે આનંદ મેળવવામાં આવે છે. માટે ઘણીખરી માતાઓ, મોટી બહેનો, વડીલ સ્ત્રીઓ આ કુદરતી પ્રક્રિયાને જે પોતાનું કામ કરવાની જ છે. તેનું ધ્યાન રાખીને છોકરી ઉંમરલાયક થાય એટલે તેને માસિક વિશે, વિજાતીય આકર્ષણ અંગે, તેનાં પરિણામો વિશે તથા સ્ત્રી-પુરુષોના શારીરિક સંબંધો વિશે એની ઉંમર પ્રમાણે અને એ સમજી શકે એ રીતે માહિતી આપવી જોઈએ જેથી છોકરીઓ સાવધાનીપૂર્વક વર્તી શકે.

આપણે સામાન્ય રીતે છોકરી ૧૨-૧૩ વર્ષની થાય એટલે તેના પર જુદા જુદા પ્રકારની રોકટોક અને જુદા જુદા પ્રતિબંધ મૂકી દઈએ છીએ. અત્યાર સુધી આપણી છોકરી જે છૂટથી પોળના કે સોસાયટીના કે ફળિયાના છોકરાઓ સાથે હસતી હતી. તેને અચાનક છોકરાઓ સાથે રમવાની, હસવાની, મોડી સાંજે બહાર જવાની ના પાડીએ છીએ. આવાં અચાનક પ્રતિબંધથી છોકરી મૂંઝાઈ જાય છે. અકળાઈ જાય છે. એ સતત પોતાની સરખામણી પોતાની જ ઉંમરના ભાઈ સાથે કર્યા કરે છે તે જુએ છે કે ભાઈ પર કોઈ પ્રતિબંધ નથી. રોકટોક મારા પર જ કરવામાં આવે છે. આવી મૂંઝવણમાં ઘેરાયેલી છોકરી ક્યારેક પોતાની બહેનપણી પાસે અકળામણ ઠાલવે છે. પણ તેની પાસેથી પણ તેને યોગ્ય જવાબ નથી મળતો કે જેનાથી તેના પ્રશ્નોનું સમાધાન થાય. કારણ કે બહેનપણીની ઉંમર પણ તેના જેટલી જ હોય છે.

આ સમયે ખરેખર તો માએ દીકરીને પોતાની પાસે બેસાડીને યોગ્ય માહિતી આપવી જોઈએ અને સમજાવવું જોઈએ કે તું હવે થોડી મોટી થઈ છે. તારા શરીરનો વિકાસ થઈ રહ્યો છે અને એટલે જ અમુક પરિવર્તન આવી રહ્યું છે. હવે એ પુખ્ત ઉંમરની થઈ છે. અને એ પણ સમજાવવું જોઈએ કે કેટલી હદે એણે છોકરા સાથે સંબંધ વધારવો જોઈએ જેથી છોકરીઓ સાવધાનીપૂર્વક વર્તી શકે. છોકરીઓ પર કાબૂ મેળવવા જતાં આપણે એનો વિકાસ રુંધીએ છીએ.

ઘણીવાર પહેલી વખત માસિકમાં આવતી છોકરીઓને એ અંગે કોઈ ખ્યાલ હોતો નથી. તેથી ઘણીવાર જાહેર સ્થળમાં કે નિશાળમાં શરમજનક પરિસ્થિતિમાં મુકાઈ જાય છે અને બધાંની વચમાં પોતાની જાતને ગુનેગાર માનવા લાગે છે. અને લઘુતાગ્રંથિથી પીડાય છે. આનું નિવારણ સમજુ માતાના હાથમાં છે. છોકરીઓને પાસે બેસાડી આ દિવસો દરમ્યાન કેવી રીતે કાપડના પીસ વાપરવા - કેવી રીતે સ્વચ્છતા જાળવવી એ સમજાવવું જોઈએ. પરંતુ આપણા સમાજમાં માતા અને પુત્રી વચ્ચે જાતીય પ્રશ્નોને લગતી ચર્ચા સહજ રીતે થતી નથી, આને કારણે મા-દીકરીના સંબંધ વચ્ચે અંતર પડેલું જોવા મળે છે. આ અંતર ઘટાડવા બન્ને તરફથી પ્રયત્નો થાય એ જરૂરી છે. ટૂંકમાં, શરીર વિષેની યોગ્ય માહિતી છોકરીને ઘણી વાર ઘણી મુશ્કેલીમાંથી બચાવી શકે છે.

આ ઉપરાંત કુટુંબમાં પણ પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. ઘણીવાર ઘરના અલગ અલગ સભ્યો વચ્ચે સામાન્ય વાતચીત દરમ્યાન મતભેદને કારણે બોલાચાલી થતી હોય છે. ઘણીવાર આ ઝઘડામાં વડીલોની સમજાવટથી સમાધાન થઈ જતું હોય છે. આ ઝઘડા પતિ-પત્ની વચ્ચે, મા-દીકરા વચ્ચે, દિયર-ભોજાઈ વચ્ચે, માતા-પિતા વચ્ચે થતા હોય છે. આ ઝઘડા, અગાઉ જણાવ્યું તેમ, ઘરના વડીલોની સમજાવટથી, સંબંધીની સમજાવટથી હલ થતા હોય છે. ઘણીવાર આ પ્રકારના ઝઘડા નાના પંચ પાસે જતા હોય છે અને તેમના દ્વારા પ્રશ્નોનો ઉકેલ મળતો હોય છે. ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આ પ્રકારનું કામ કરતી હોય છે.

આ પ્રકારનું માર્ગદર્શનનું કાર્ય 'અવાજ' સંસ્થા પણ કરે છે. 'અવાજ'ના અનેક મહત્ત્વનાં કાર્યોમાંનું એક અગત્યનું કાર્ય છે 'અવાજ' કુટુંબ-સલાહ-કેન્દ્ર ચલાવે છે. અહીં આવનાર વ્યક્તિનો કેસ નોંધવામાં આવે છે અને બહેનોની ઈચ્છાને પ્રાધાન્ય આપવામાં આવે છે.

ઘણી બહેનોને એવો ડર હોય છે કે કેસ દાખલ કરીશું એટલે પોતાના કે સામાવાળા પક્ષના સભ્યોને બોલાવીને માર મારવામાં આવશે કે સંસ્થા તરફથી હેરાન કરવામાં આવશે. પરંતુ એવું નથી હોતું. 'અવાજ'માં આવનારને સૌપ્રથમ શાંતિથી સાંભળવામાં આવે છે. એ વ્યક્તિને પત્ર લખી બોલાવવામાં આવે છે. બે-ત્રણ વાર પત્ર લખવા છતાં ન આવે તો કાઉન્સેલર રૂબરૂ મળવા આવે છે. બન્નેને સમજાવે છે. જો બન્ને વચ્ચે સમાધાન થઈ જાય તો પછી પણ થોડા સમય સુધી સંપર્કમાં રહે છે અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે.

અવાજ માર્ગદર્શન-કેન્દ્રમાં પતિ-પત્નીના જ ઝઘડા માટે સલાહ લેવા લોકો આવે છે એવું નથી. પરંતુ મા-દીકરી અને પિતા-પુત્રી વચ્ચેના ઝઘડામાં પણ માર્ગદર્શન મેળવવા આવે છે. જેમ કે એક કોલેજમાં ભણતી છોકરીને તેના પિતા સાથે કોઈ બાબતમાં વારંવાર ચર્ચા થતી હતી. પિતાની રોકટોક પણ વધી ગઈ હતી. તે માર્ગદર્શન-કેન્દ્રમાં આવી હતી અને ફરિયાદ કરી હતી. તેને સાંભળ્યા બાદ તેના પિતાને બોલાવ્યા હતા અને તેમના મનમાં પણ દીકરીના વર્તન અંગે જે કંઈ ગેરસમજૂતી હતી તેની નિખાલસપણે ચર્ચા કરી હતી. ત્યારબાદ બન્ને એકબીજાને સમજી શક્યાં હતાં અને મુશ્કેલીનું નિવારણ થઈ શક્યું હતું.

ઘણીવાર સાટાપદ્ધતિને લીધે પણ ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. એક એવો જ કેસ 'અવાજ'માં આવેલ. ઘણીવાર આવા કિસ્સામાં એક જણનું બગડે તો બન્ને યુગલનું જીવન બગડતું હોય છે. એક કુટુંબમાં દીકરી બી.એ. થયેલી. છોકરો એન્જિનિયર થયેલો. મા-બાપે બળજબરીથી છોકરાને પરણાવી દીધો. માએ ઝેર પીવાની ધમકી આપી માટે તેણે લગ્ન કર્યાં. તેણે પત્નીને કહ્યું કે તારી સાથે પત્ની તરીકેના સંબંધ નહીં રાખું. છેવટે છોકરીના મા-બાપે એવું કહ્યું કે તમારી દીકરી પણ; કે જે અમારે ઘરે છે, તેને પણ પાછી મોકલી આપું. તો શું કરવું ? આ કુટુંબ અવાજમાં માર્ગદર્શન મેળવવા આવેલું. અંતે માતા-પિતા, પુત્ર બધાંને સમજાવ્યાં. તેમને જુદા પાડ્યાં. ભરણ-પોષણ પણ અપાવ્યું. બહેનનું જીવન ના બગડે એ માટે બન્ને કુટુંબીજનોને સાથે બેસાડી સમજાવ્યાં. આજે આ બન્ને કુટુંબ સુખી છે. ઘણીવાર પતિ-

પત્નીના શારીરિક સંબંધમાં કંઈ ખામી હોય તો પણ પ્રશ્ન ઉત્પન્ન થતા હોય છે. આવા પ્રશ્નોમાં એક છોકરો/પતિ; છોકરીની કે તેની પત્નીની ખામી કાઢી શકે છે. પરંતુ જ્યારે એક છોકરી કે પત્ની છોકરાની કે પતિની ખામી કાઢે છે ત્યારે તેને ઘણીવાર જીવનભર રિરબાવાનો સમય આવે છે.

પરંતુ સાંપ્રત સમયમાં ઘણા કાયદા સ્ત્રીઓ માટે બન્યા છે એનો લાભ લેવો જોઈએ. હવે સ્ત્રીઓએ સમજી લેવું જોઈએ કે કોઈપણ મુશ્કેલીનો અંત કૂવો, હવાડો કે કેરોસીન નથી. પરંતુ હિંમત હાર્યા વગર મુશ્કેલીનો સામનો કરવો જોઈએ. ખાસ બહેનો માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા પાસે જઈને મદદ માંગવી જોઈએ.

અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - 'અવાજ' એક બહેનો માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા છે તે યાદ રાખવું.

બપોર પછી મૂલ્યાંકન કરીએ છીએ. તે માટે એક પત્રક તૈયાર કર્યું છે. શિબિર સંચાલિકાઓ બહેનોનાં જૂથો પાડી દઈને એક જૂથ સાથે એક બેસીને પ્રશ્નો પૂછે છે અને દરેક બહેનના ઉત્તરો નોંધે છે. શક્ય છે કે ઘણા ઉત્તરો સરખા આવે અને ઘણીવારે જાત જાતના ઉત્તરો પણ મળે છે. આ પછી જૂથમાંથી બે બહેનોને શિબિર વિશે પોતાના પ્રતિભાવ આપતું વક્તવ્ય રજૂ કરવાનું કહેવામાં આવે છે. ક્યાંક કોઈક સંસ્થાના આમંત્રણથી શિબિર કરી હોય તો જે તે સંસ્થાના કાર્યકરોને તે સમયે ઉપસ્થિત રહેવાનું સૂચવીએ છીએ. શિબિરાર્થી બહેનો શિબિર વિશે જે કંઈ કહે તે શિબિર-સંચાલક કહે તે કરતાં વધુ ચોટદાર અહેવાલ બની રહે છે.

આ પછી બહેનોને રકમ તેમજ તેમને આપવા નક્કી કરેલી વસ્તુનું ઈનામ તથા સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવે છે. છેલ્લા દિવસે શિબિરાર્થી બહેનો ભાવભીની વિદાય લે છે.

આવી શિબિરો દ્વારા અમે વિચારેલા લક્ષ્યે પહોંચાય છે કે કેમ ? શું હાંસલ થાય છે ? ક્યારે કેટલી સ્ત્રીઓને પહોંચી વળી શકાશે ? વગેરે પ્રશ્નો ઉપસ્થિત થયા વગર રહેતા નથી. અમારા અનુભવમાં જે આવ્યું છે અને આ વિશે અમારા મનમાં જે છે તે કૈંક આવું છે. શિબિર પછી મૂલ્યાંકન દરમિયાન બહેનોને કહેતાં સાંભળી છે કે:

"હું આજ સુધી મારી છોકરીને દૂધ નહોતી પાતી. મને ખબર નહીં કે છોકરીથી દૂધ પિવાય. હવે મારા છોકરા સાથે છોકરીને પણ દૂધ આપીશ."

"હું મારા ઘરવાળાને આગ્રહ કર્યા કરતી હતી કે છોકરા આઠ અને બાર વર્ષના થઈ ગયા છે તેને પરણાવી દો. હવે એમ નહીં કરું. મોટા થયા પછી પરણાવીશું."

"મેં મારા ઘરવાળાને વાત કરી આજથી આઘું ઓઢવાનું બંધ કર્યું. મારા જેઠ ચિડાયા પણ હવે સ્વીકારશે."

"તમે કહેતા હતા એમ જ્યારે મારી પર હાથ ઉપાડવા ગયા ત્યારે મેં કહ્યું કે તમે મારશો તો હું સામે મારીશ. મને મારવાનું નહીં. એટલે હવે નથી મારતા."

"મેં કહ્યું કે મને મારવાનું નહીં તો પણ માર્યું એટલે મેં પણ એક ચોડી દીધી. ત્યારથી હવે નથી મારતા."

‘‘અમે તો છોકરાંને કહી જ રાખ્યું છે કે બાઈ ઝુડાતી હોય તો અમને કહી જવું. છોકરાં કહેવા આવે એટલે બે ત્રણ જબરીઓ ભેગી થઈને જઈએ અને બારણાં ખખડાવીએ. અમને જુએ એટલે ભાગી નીકળે. એવું બે વાર થાય અને અમે બોલીએ એટલે બાઈને ન મારે.’’

‘‘અમારી સગી એક સ્ત્રી બહેન છે તેને તેડી નથી જતા અને એક ધાવણી છોડી છે તે નથી આપતા. શું કરાય ?’’

‘‘અમારી પડોશમાં એક સ્ત્રી છે તે એના ધાવણા છોકરાને મૂકીને આવી છે. તેનું મન માનતું નથી. ત્યાં જવાય એવું નથી. અને પેલો પીને છોકરાંને બહુ મારે છે, ઝૂડે છે. તેને કંઈ મદદ થાય ?’’

‘‘રસી મૂકાવવા જવું છે બહેન, સાથે આવશો ?’’

‘‘પાણી બહુ પડે છે. શું કરું ?’’

આવા અનેક પ્રતિભાવો મળે છે તેને જાગૃતીકરણ શિબિરમાં બેઠેલી સ્ત્રીઓ પર પડતી સીધી અસરનાં પરિણામો છે તેવું માનીએ છીએ.

એક વાર એક વિસ્તારમાં શિબિર થાય એટલે તેની વાતો આખા વિસ્તારમાં વહેતી થાય છે. ત્રીસ બહેનો સુધી પહોંચાડેલી વાતો અવશ્ય ગુણાકારે મળતી સંખ્યામાં અન્ય સ્ત્રીઓને પહોંચે છે. ઘણીવાર પ્રતિભાવો થોડા સમય બાદ પણ મળે છે. શિબિરમાં અમે વહેંચેલા પીળા કાગળિયામાંથી એક ખૂબ નાની ગડી વાળીને સાચવેલો કાગળ લઈને કોઈ બહેન ‘અવાજ’ કાર્યાલયમાં આવી પહોંચે કે કોઈક છેવાડાના ગામેથી ‘અવાજ’ને સરનામે પત્ર લખીને કોઈ જુલમીની કેદમાંથી મુક્તિ માગે એવું પણ બન્યું છે. શિબિરમાં કહેલી કોઈ વાત ઊંડે સ્પર્શી ગઈ હોય અને તે પ્રમાણે આચરણ કરીને અવાજ કાર્યાલયમાં આવીને ‘‘તમે કહેતા હતા ને કે... એટલે હું ચાલી આવી.’’

‘અવાજ’ને પ્રશ્નોના ઉકેલો શોધવા માટે કુટુંબ-સલાહ-કેન્દ્ર, કાયદાકીય સલાહ તેમજ સહાય કેન્દ્ર અને આશ્રયગૃહ ચલાવવાની જરૂર ઊભી થઈ છે. પોલીસની કાર્યરીતિ જાણવાની, કાયદાની વિગતો સમજવાની, આશ્રયગૃહમાં આવેલી બહેનોને સ્વાવલંબી બનવા માટે તાલીમ આપવાની એમ અનેક પ્રકારે સજ્જ થવાની જરૂર પડતી રહી છે.

એકવાર સ્ત્રી પોતાના વ્યક્તિત્વ પરત્વે જાગૃત થાય એટલે તે પોતાના જીવન પર વિચાર કરતી થાય છે. અન્યાય અસહ્ય બનતાં રસ્તો દેખાય છે કે શિબિર સંચાલક બહેનો પાસે જવું જોઈએ. તેમને પ્રતિસાદ આપીને તેમના જુલ્મ અને અન્યાયથી ભરેલા જીવનમાંથી તેમને મુક્ત થવામાં સહાય કરવાનું અમે અમારું કર્તવ્ય સમજીએ છીએ. જાગૃતીકરણ થયા પછી સ્ત્રીઓ તેમની તેમ રહેશે એમ માની શકાય નહીં. તેમના જાગૃત માનસમાં ઊઠતા ભાવો, જન્મતી આકાંક્ષાઓ અને તે સાકાર કરવા લેવાતા નિર્ણયો છેવટે તો જાગૃત કરનારની જવાબદારી છે એમ અમે માનીએ છીએ, તેમ છતાં તે જ્યારે ઘર છોડવાની વાત કરતી આવે છે ત્યારે અમે તેને સમજાવીએ છીએ કે તે આત્યંતિક પગલું છે. સમાધાનની કોઈ શક્યતા હોય તો તે જોઈ લઈએ. સ્ત્રીના પતિ સાથે તેમજ તેના પિતા સાથે મુલાકાતો, ચર્ચા વગેરે થયા પછી જ તેની સાથે મળીને છેવટનો નિર્ણય લેવામાં આવે છે.

ક્યારેક એવું બને છે કે તરત આશ્રય આપવો પડે છે પણ તેથી પુનઃ વિચારણા ન કરી શકાય; એવું મનનું બારણું બંધ ન કરી દેવાનું સૂચવીએ છીએ. પોતે શું કરવા માગે છે તેનો છેવટનો નિર્ણય સ્ત્રીએ પોતે જ કરવાનો છે એવી સ્પષ્ટતા કર્યા પછી તેની સામે વિકલ્પો સ્પષ્ટ કરીને મૂકવાનું કામ સલાહકાર કરે છે. તેના નિર્ણય પછી તેને જરૂર હોય તેટલી સંસ્થા તરીકે અમે સાથે રહીએ છીએ.

જાગૃતીકરણ શિબિરોની અસરો સામાજિક જીવન પર પડતી જણાય છે તેટલી સ્પષ્ટપણે અન્ય પાસાં પર પડતી જણાતી નથી. સામાજિક પરિસ્થિતિમાં ફેર પાડવા ઈચ્છતી સ્ત્રીને કાયદાનો આશ્રય લેવો પડે છે. આર્થિક ઉપાર્જન કરવું પડે છે અને ક્યારેક તેના ધર્મના ગુરુઓની આશાઓનું ઉલ્લંઘન કરવું પડતું હોય તેવું પણ જણાય છે. તે બધું તેની સામાજિક સમસ્યાના ઉકેલની અંતર્ગત હોય છે.

જાગૃતીકરણ શિબિરો થાય એટલી વધુ કરવી તેવો એક સંકલ્પ 'અવાજે' કર્યો જ છે. તેમ છતાં અમે થોડા છીએ. અન્ય સૌ પણ આ કામ હાથમાં લે તો કેટલી બધી દિશાઓમાં કેટલી બધી બહેનોને પહોંચી શકાય એ ખ્યાલે આ શિબિરોની વિગતો આમ પ્રસિદ્ધ કરવા વિચાર્યુ. અહીં આપી છે એ વિગતો વાંચીને શિબિર આયોજી શકાશે. તેમ કરતાં અગાઉ જો એક-બે શિબિર અમે કેવી રીતે કરીએ છીએ તે જોવું હોય તો નિદર્શન રૂપે જોવા અમારો સંપર્ક થઈ શકે. કોઈ સંસ્થાને એવી ઈચ્છા હોય કે તેમના કાર્યકરોને આની તાલીમ આપવામાં આવે તો તે પણ કરી શકીએ. આ માધ્યમ દ્વારા જેટલી વધુ સ્ત્રીઓને પહોંચાય તેટલું વધુ રૂડું અને તેમાં અમારો સહકાર નિશ્ચિત.

અહીં વર્ણવી છે એવી શિબિરનો મૂળ ઢાંચો લઈને અમે જૂથોની જરૂરિયાત પ્રમાણે આયોજન બદલતાં-વિકસાવતાં હોઈએ છીએ. ઉદાહરણ તરીકે અમે જ્યારે વૃક્ષ-મિત્ર સહકારી મંડળીના સભ્યો નોંધી શકાય એવા ઈરાદે તે સંસ્થાના ઉપક્રમે શિબિર કરવા ગયાં ત્યારે વૃક્ષ વિશે અને પર્યાવરણની સંભાળ વિશે બે વિષયો ઉમેર્યા હતા એટલે કે ચર્ચા ઉદ્દ્ભવે તેવાં ચિત્રો બનાવ્યાં હતાં અને તે વિશેની માહિતીને અનુભવજનિત દાખલાઓને આધારે રજૂ કરી હતી.

અમે એવું ઈચ્છીએ કે શિબિરોમાં મહત્તમ જીવતતા રહે. કોઈ પણ એક વાત કે એક ગીત ઓછુંવત્તું રજૂ થાય એના તરફ ધ્યાન ન રાખતાં શિબિરાર્થીઓના ચિત્તને જાગૃત કરવાની, તેની વિચારણા સંકોરવાની, તેને ચર્ચામાં ભાગ લેતા કરવાની પ્રક્રિયા પર ધ્યાન અપાય. એકવાર જાગૃત કરેલા જૂથને ઉદ્દ્ભવતા પ્રશ્નો અને સમસ્યાઓનો પ્રતિસાદ આપવાની તૈયારી પણ શિબિર કરનાર સંસ્થાએ રાખવી ઘટે.



# મૂલ્યાંકન પત્ર

તારીખ :

નામ :

પ્રશ્ન-૧ શિબિરનું આયોજન કોણે કર્યું હતું ? શિબિરનો ઉદ્દેશ શું હતો? શિબિરનું સંચાલન કઇ સંસ્થાએ કર્યું ?

પ્રશ્ન-૨ સ્ત્રીઓને ઘરમાં અને દુનિયામાં કુટુંબની મિલ્કતમાં ભાગ મળે છે? હા / ના.
કેટલો ભાગ મળવો જોઇએ?

પ્રશ્ન-૩ ભારતીય સ્ત્રીને સમાજમાં સૌથી મોટી તકલીફ શું પડે છે?

પ્રશ્ન-૪ નોકરી કરતી સ્ત્રી પર અત્યાચાર થાય ખરા? હા / ના
હા, તો તેના ઉપાય શું?

પ્રશ્ન-૫ આટલા દિવસ કરેલી વાતોમાંથી તમને કઇ વાત વધારે યાદ રહી છે?
એ વાતમાં સ્ત્રીને લગતી કઇ બાબત તમને ગમી ગઇ?

પ્રશ્ન-૬ કોઇ પણ સ્ત્રી ઉપર અત્યાચાર થયો એવી ફરિયાદ મળે ત્યારે તમે શું કરશો?
(૧) તેને સમાધાન કરવા પાછી મોકલશો? (૨) તેના પતિને સમજાવવા બોલાવશો? (૩) સ્ત્રીની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવવા માટે તેની સાથે જશો?
નોંધ : તમારા જવાબના ટેકામાં તેમ કરવાનું કારણ જણાવો.

પ્રશ્ન-૭ તમને શું ગમ્યું? ચિત્રો, વ્યાખ્યાન, રમત, હરીફાઇ, વાર્તા ?
શું ન ગમ્યું?

પ્રશ્ન-૮ આટલા દિવસોના સંવાદ પછી શું અનુભવો છો?
તમારી કોઇ માન્યતાઓમાં ફેર પડયો જણાય છે ? ઉદાહરણો લખો.

પ્રશ્ન-૯ આ બધી વાતો તમારા જીવનમાં ઉપયોગી થશે એવું લાગે છે? હા / ના
કેવી રીતે?

પ્રશ્ન-૧૦ તમારા સંપર્કમાં આવતાં બહેનોને, તમે શિબિરમાં જે શીખ્યાં તે શીખવવાનું ગમશે? હા / ના
કઇ વાતો સવિશેષ શીખવશો?

પ્રશ્ન-૧૧ શિબિરમાં આવતાં કોઇ મુશ્કેલી નડી ?

પ્રશ્ન-૧૨ બીજી આવી શિબિરમાં આવવું ગમશે ? હા / ના
આ સિવાયની કઇ નવી વાતો જાણવી ગમશે? સૂચવશો.
નોંધ : કોઇ પણ જવાબ લખતાં જગ્યા ઓછી પડે તો કાગળની પાછલી બાજુ વાપરી શકો.

## 'અવાજ'નાં કેટલાંક અન્ય પ્રકાશનો

(1) કાનૂની સહાય કેન્દ્રોના સામાજિક કાર્યકરો માટે માર્ગદર્શિકા

(2) મોકળાશની મથામણો : નારીવાદી દરમ્યાનગીરી

(3) માનવઅધિકાર ઘોષણાપત્રો : સંયુકત રાષ્ટ્રો (૧૯૪૮ અને ૧૯૯૩)

(4) યુવતી વિકાસકેન્દ્રોના કાર્યકરો માટે માર્ગદર્શિકા

(5) પોલીસ કાર્યવાહી : સ્ત્રીઓ પ્રત્યે આચરાતા અત્યાચાર, ગુના તેમજ સ્ત્રીધન મેળવવા વિશે. (દ્વિતીય આવૃત્તિ - ફેબ્રુઆરી, ૨૦૦૦)

(6) નારી ગીતો

(7) પોલીસપોથી : પોલીસ સહાયિકા
સહાયક પોલીસ

(8) સ્ત્રીઓને લગતી પોલીસપોથી

(9) સ્ત્રી વિરુદ્ધ કુટુંબમાં થતા અત્યાચારને પરિણામે (ગુજરાતમાં ફોજદારી ન્યાયિક પ્રક્રિયાનું પદ્ધતિસરનું સંશોધન)

(10) ઓલવાયેલા દીવા : ગુજરાતમાં અત્મહત્યાનો અભ્યાસ

(11) Family Intervention : Getting Our Own Spaces (1997)

(12) Guidelines for Counsellors of Family Counselling Centres

(13) Social Engagements of Intellectuals in Civil Society :
(With Sepcial Reference to Professionals of Gujarat (July, 2006)

(14) Aftermath of Domestic Violence Against Women. (A Systematic Exploration of the Criminal Justice System I Gujarat (India)

(15) Liffe Snuffed Out ? A Study of Suicides in Gujarat (March, 2010)

(16) Bonds of Subservience for Women of Weaker Sections of Rapar Block-2005 (Unpublished report)





## ડૉ. ઈલા પાઠક

‘અવાજ’ના સ્થાપક અને સ્થાપક મંત્રી ડૉ. ઈલા પાઠક અંગ્રેજી ભાષા-સાહિત્યના અધ્યાપક હતાં. વાચન, લેખન અને સ્ત્રીઓના પ્રશ્ને વધુને વધુ અભ્યાસો કરવા એ તેમનો શોખ હતો.તેઓએ સ્ત્રીના સામાજિક સ્થાનને અનુલક્ષીને અંગ્રેજી અને ગુજરાતીમાં લેખો લખ્યા છે તેમજ દૈનિકોમાં કૉલમો પણ લખી છે. સ્ત્રીઓને નીજી ઓળખ અને ન્યાય અપાવવાના અથાગ પ્રયત્નો આદરનાર ઈલાબહેન સમાજના ન્યાયથી વંચિત તમામ લોકો પરત્વે સંવેદનશીલ હતાં. આથી જ નાગરિક ચળવળોમાં પણ તેમનો ખાસ અવાજ રહયો. તેઓએ સ્થાનિક, પ્રદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમ અનેક સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખ, સંયોજક કે સભ્ય તરીકેની સફળ ભૂમિકા ભજવી છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પરિષદોમાં અને ચર્ચાઓમાં ભાગીદારી કરી છે. રાષ્ટ્રની સુપ્રિમ કોર્ટ આદિવાસી સ્ત્રી પર પોલીસ દ્વારા થયેલા બળાત્કારની તપાસ માટે નીમેલા બે વ્યકિતના કમિશનમાં એક સભ્ય તરીકે નિમણૂક કરીને અને ગુજરાતની હાઈકોર્ટે પણ તમાકુની ખળીમાં કામ કરતી સ્ત્રીઓની સમસ્યા વિશે અહેવાલ રજૂ કરવા નીમાયેલા કમિશનના આવાહક તરીકેની નિમણૂક આપીને ઈલાબહેનના એક કાર્મશીલ તરીકેના કાર્યની કદર કરી હતી.

તેઓએ ૨૦૦૫માં આંતરરાષ્ટ્રીય સંસ્થા વિલ્ફ (Women’s International League for Peace and Freedom-WILPF) ના સભ્ય બન્યા, આજ ગાળામાં ગુજરાત યુનિવર્સીટીના વિમેન ડેવલપમેન્ટ સેલમાં સ્વૈચ્છિક સંસ્થાના સભ્ય તરીકે વરણી પામ્યા. આ તકનો લાભ લઈને તેઓએ ગુજરાત યુનિ.ની અનેક કૉલેજોને વિલ્ફ સાથે જોડવાનો પ્રયત્ન કર્યો અને સફળ રહયા. આથી ગુજરાતમાં પ્રમાણમા સુપ્ત અવસ્થામાં રહેલા વિલ્ફની સક્રિયતા વધી ગઈ. ઈલાબહેન વિલ્ફ ઈન્ડિયાના પ્રમુખ અને વિલ્ફ ઈન્ટરનેશનલના ઉપપ્રમુખ તરીકે પસંદગી પામ્યા. તેઓનો મત / ‘અવાજ’ વિલ્ફના આંતરરાષ્ટ્રીય બોર્ડમાં પણ મૂલ્યવાન ગણાવા લાગ્યો હતો.

ઈલાબહેન એક તાલીમકાર તરીકે પણ ખૂબ સફળ રહયાં છે. તેઓએ પોલીસો, આરોગ્ય અધિકારીઓ અને શિક્ષણકારો, પત્રકારો, સરકારી તેમજ કોર્પોરેટ ઑફિસોના ઑફિસરોને જાતિગત સંવેદના વિકસાવતી તાલીમ આપી છે અને પરિણામો પણ મેળવ્યાં છે.

કર્મશીલ ડો. ઈલાબહેને જરૂર જણાઈ ત્યારે સંશોધનો અને અહેવાલો પણ પૂરી ચોકસાઈ સાથે તૈયાર કર્યા છે. તેમણે યુ.એનના ચાર દસ્તાવેજોનું કરેલું ગુજરાતી ભાષાંતર વિલ્ફ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. ડૉ. ઈલાબહેન પાઠક અનેક ઍવાર્ડ્સથી સન્માનિત પણ થયાં છે. આમ એક અદના શિક્ષક, સંવેદનશીલ સ્ત્રી કર્મશીલ, અભ્યાસુ અને સંશોધક તરીકે કાર્યરત રહેલા ઈલાબહેન પાઠક ગુજરાતમાં નારીવાદી વ્યક્તિ તરીકે પ્રતિષ્ઠા પામ્યા છે.

તા. ૦૯.૦૧.૨૦૧૪ના રોજ તેઓનું નિધન થયું; પરંતુ તેઓએ સ્થાપેલી સંસ્થા ‘અવાજ’ દ્વારા તેઓએ સૂચિત કરેલાં કાર્યો સતત થતા રહે છે અને થતા રહેશે.


**અવાજ**

‘અવાજકુંજ’, ભુદરપુરા, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫

ફોન : ૦૭૯-૨૬૪૪૨૪૬૬, ૨૬૪૪૧૨૧૪

E-mail : womenindia@yahoo.com

અ વા જ